Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

આજનો સુવિચાર
ખોવાઈ જવું પડે છે પારકાને પોતાના કરવામાં, બાકી ઓળખાણ તો બધાની બધે હોય જ છે

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શુક્રવાર, તા.૩ મે, ૨૦૨૪
3/5/2024 * VOL : 44 * N0. 229 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૧૦

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

## કોંગ્રેસ શિવ અને રામ ભક્તોને લડાવવા માંગે છે

## કોંગ્રેસ મરી રહી છે, ત્યાં પાકિસ્તાન રડે છેઃ મોદી





## આણંદ, જામનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ જંગી સભા સંબોધી

**આણંદ,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બીજા દિવસે ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણીપ્રચાર કરી ૪ સ્થળોએ જાહેર સભાઓને સંબોધી હતી. ચારે સ્થળો ઉપર તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરવા ઉપરાંત ભાવિ યોજનાઓથી લોકોને માહિતગાર કર્યા હતા. અસહ્ય ગરમી વચ્ચે પણ ચારે સ્થળો ઉપર મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, જામનગરમાં સભાને સંબોધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસથી ચેતતા રહેવાની જરૂર છે. ઓબીસીની અનામતમાં કાપ મૂકીને મુસ્લિમોને અનામત આપી છે. એટલું જ નહીં પરંતુ કોંગ્રેસની નબળા દેખાવથી પાકિસ્તાનમાં માતમ છવાયેલો છે. આજે જામનગરની સભામાં તેમણે ક્ષત્રિયો વિશે પણ જણાવ્યું હતું અને કહ્યું હતું કે, ક્ષત્રિયો સમાજના બલિદાન આગળ મારા પદની કોઈ કિંમત જ નથી. કોંગ્રેસના મેનિફેસ્ટો અનામત સહિતના મુદ્દે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં મોદીએ જણાવ્યું હતું કે, મને પૂરો વિશ્વાસ છે કે, ગુજરાતની તમામ ૨૬ બેઠકો ભાજપને મળવાની છે પરંતુ મારે દરેક બુથ જીતવા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરમાં સભાને સંબોધતા પહેલા જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજાને મળવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને ત્યાં જામસાહેબે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાઘડી પહેરાવી હતી. ગુજરાતમાં આજે સાંજે તેમની ચારેય સભા પતાવી વડાપ્રધાન પશ્ચિમ બંગાળ જવા રવાના થયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એન્ટ્રીથી ગુજરાતના ચૂંટણી પ્રચારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. ગુરૂવારે પ્રધાનમંત્રીની ચાર સભાનું ગુજરાતમાં આયોજન કરાયું હતું. જેમાં તેમણે પહેલા સભા સરદાર પટેલની કર્મભૂમિ આણંદ ખાતે સંબોધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વલ્લભવિદ્યાનગરમાં સભા કરી હતી. જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આણંદ અને ખેડા ચૂંટણીમાં બધા રેકોર્ડ તોડશે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ સરદાર સાહેબને પણ યાદ કર્યા. પણ આ ભૂમિ પરથી પીએમ મોદીએ કોંગ્રેસને ત્રણ પડકાર ફેંક્યા હતા. કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં દેશ અને ગરીબોને અન્યાય થયો. સાથે જ પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું કે, જે પાકિસ્તાનના હાથમાં બોંબ હતો આજે તેના હાથમાં ભીખનો કટોરો છે..તો કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે.સાથે જ તેમણે કહ્યું કે, કોંગ્રેસ સંવિધાનને બદલવા માંગે છે. કોંગ્રેસે એવી પણ ખાતરી આરી કે એસસી, એસટી, ઓબીસી, ઈડબલ્યુએસની અનામત ક્યાંય નહીં જાય..પીએમ મોદીએ જનતાને જંગી બહુમતિ સાથે મતદાન કરવા અપીલ કરી.

તેમણે કહ્યું હતું કે, શાહજાદા હિમંત હોય તો આવી જાવ. સંવિધાનથી જીવવું અને સંવિધાનથી મરવું શીખવું હોય તો મોદી પાસે આવી જાવ. કોંગ્રેસ મારી ચેલેન્જનો નહીં સ્વીકાર કરે, કેમકે તેમની નિયતમાં ખોટ છે. ઈન્ડિયા ગઠબંધનની વધુ એક પોલ તેમના જ નેતાએ ખોલી દીધી છે. તેઓએ નારો આપ્યો કે વોટ જેહાદ કરો. ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વોટ જેહાદની વાત કરી સંવિધાનની વાત કરી. અત્યારસુધી લવ જેહાદ અને લેન્ડ જેહાદ સાંભળ્યું હતું, હવે વોટ જેહાદનો નારો લગાવી રહી છે. ઈન્ડી ગઠબંધનનો ઈરાદો ખુબ ખતરનાક છે. ગુજરાતમાં કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે અહીં કોંગ્રેસ મરી રહી છે, ત્યાં પાકિસ્તાન રડે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા. જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં કોંગ્રેસની સરકાર સત્તામાં હતી તે વર્ષોમાં પાકિસ્તાન મોટું થયું અને પાકિસ્તાનના આતંકવાદનું ટાયર પંચર થઈ ગયું છે. તેમણે કહ્યું કે જે દેશ એક સમયે આતંકવાદીઓની નિકાસ કરતો હતો તે દેશ હવે લોટની આયાત કરવા માટે ઘરે-ઘરે ભટકી રહ્યો છે, જેના હાથમાં એક સમયે બોમ્બ હતો તેના હાથમાં હવે ભીખ માંગવાનો કટોરો છે. કોંગ્રેસની નબળી સરકાર આતંકવાદના આકાઓને ડોઝિયર આપતી હતી, પરંતુ મોદીની મજબૂત સરકાર આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારી નાખે છે.

રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંયોગ જુઓ, આજે ભારતમાં કોંગ્રેસ નબળી પડી રહી છે. મજા એ છે કે અહીં કોંગ્રેસ મરી રહી છે અને ત્યાં પાકિસ્તાન રડે છે. હવે પાકિસ્તાની નેતાઓ કોંગ્રેસ માટે પ્રાર્થના કરી રહ્યા છે. સાથે જ પાકિસ્તાન શહજાદાને વડાપ્રધાન બનાવવા માટે ઉત્સુક છે અને કોંગ્રેસ પાકિસ્તાનની ચાહક છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને કોંગ્રેસ વચ્ચેની આ ભાગીદારી હવે સંપૂર્ણ રીતે ખુલ્લી પડી ગઈ છે. સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો. સુરેન્દ્રનગરમાં જન સભા સંબોધીને કોંગ્રેસને આડે હાથે લેતા તેમણે કહ્યુ કે, કોંગ્રેસ લખીને બાંહેધરી આપે કે બાબાસાહેબ આંબેડકરે જે અનામત આપેલું છે એને ધર્મના આધાર પર દલિતો, આદિવાસીઓ, બક્ષીપંચ પાસેથી લૂંટીને મુસલમાનોને અનામત નહીં આપે. પીએમ મોદીએ લોકોનો હોંસલો વધારતાં જણાવ્યું કે, આ વખતે તમારે બધાએ મતદાનના તમામ રેકોર્ડ તોડી નાંખવાના છે. ૧૦ વાગ્યા પહેલા દરેક બૂથ પર જઈને ૨૫-૨૫ થાળી વગાડવી અને મતદાન કરવું. બધા પૉલિંગ બૂથ આપણે જીતવાના છે. અગાઉની સરકારોમાં માત્ર કૌભાંડ જ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂનાગઢમાં ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. તેમણે જય ગિરનારીના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ગિરનારની ધરતી પર આવું એ મારુ સૌભાગ્ય છે. સંતો-વડીલોને મારા પ્રણામ, તમારો આ પ્રેમ, આશીર્વાદ મારી મૂડી છે. તમારા આપેલા સંસ્કારથી આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. આ ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી. મારુ મિશન દેશને આગળ લઈ જવાનું છે. દરમિયાન વડાપ્રધાને કોગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કાશ્મીરમાં ૩૭૦ કલમ ફરી લાગૂ કરવાનો કોંગ્રેસનો એજન્ડા છે. કશ્મીરમાં કોંગ્રેસ ફરી કલમ ૩૭૦ લાગુ કરવા માંગે છે. કોગ્રેસ સીએએ હટાવવા માંગે છે. કોંગ્રેસના સાંસદ દક્ષિણ ભારતને અલગ કરવાની માગ કરે છે. કોંગ્રેસના લોકોને વિભાજનની માનસિકતા વિરાસતમાં મળી છે. કોંગ્રેસને ગુજરાત માટે ખૂબ નફરત છે. ગુજરાતના દરિયાકિનારે એવા અનેક ટાપુઓ છે જ્યા કોઈ નથી રહેતુ. કોંગ્રેસ આવા નિર્જન ટાપુઓનો સોદો કરવાની પેરવીમાં છે. કોંગ્રેસની ખતરનાક વિચારધારાથી દેશને સાવધાન રહેવું જોઈએ.

## માલદીવમાં ભારતીયો સાથે સ્થાનિક નાગરિકોની અથડામણ

**(એજન્સી)નવી દિલ્હી,**
ભારત અને માલદીવને લગતા વિવાદો અટકી રહ્યા નથી. ભારત અને માલદીવની સરકારો વચ્ચે ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે માલદીવમાં ભારતીય નાગરિકો અને સ્થાનિક લોકો વચ્ચે ઘર્ષણનો મામલો સામે આવ્યો છે. આ લડાઈમાં બે લોકો ઘાયલ થયા છે.

દરમિયાન, ઘટના બાદ એક વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.સ્થાનિક મીડિયા અનુસાર, આ ઘટના માલદીવની રાજધાની માલેથી લગભગ ૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં આવેલા શહેર હુલહુમાલેના સેન્ટ્રલ પાર્ક નજીક રાત્રે ૯ વાગ્યે બની હતી. પોલીસે જે વ્યક્તિની અટકાયત કરી છે તે માલદીવનો સ્થાનિક નાગરિક છે. જોકે, પોલીસે હજુ સુધી ઘાયલ વ્યક્તિની નાગરિકતા વિશે માહિતી આપી નથી.જણાવવામાં આવી રહ્યું છે કે લડાઈ બાદ ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, લડાઈ પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. જોકે પોલીસ તપાસમાં વ્યસ્ત છે.તાજેતરમાં, માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુના ચીન તરફી વલણને દેશના લોકોનું ભારે સમર્થન મળ્યું હતું, જેનો પુરાવો સંસદીય ચૂંટણીમાં તેમની પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાટીની જંગી જીત પછી જોવા મળ્યો હતો. માલદીવમાં સંસદીય ચૂંટણીમાં પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાટીને જંગી બહુમતી મળી છે.પીપલ્સ નેશનલ કોંગ્રેસ પાટીએ માલદીવની સંસદ મજલિસમાં ૯૩માથી ૯૦ બેઠકો પર ચૂંટણી લડી હતી. મુઈઝ્ઝુની પાટીએ ૮૬માથી ૬૬ બેઠકો જીતી હતી. આ સંખ્યા ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી કરતાં વધુ હતી. ભારત વિરોધી ગણાતા રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુ માટે મજલિસમાં મળેલી ભવ્ય જીત ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે હવે તેમની સરકારને સંસદમાં કોઈ કાયદો પસાર કરવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.માલદીવમાં સંસદીય ચૂંટણીમાં મુઈઝ્ઝુની પાટી જીતવી એ ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે ચૂંટણી પહેલા ભારત તરફી ગણાતી માલદીવિયન ડેમોક્રેટિક પાટીની સંસદમાં બહુમતી હતી, પરંતુ ચૂંટણી પરિણામોએ ટેબલો ફેરવી નાખ્યા છે.

## રશિયાએ ફરી યુક્રેન પર મિસાઈલ છોડી, પાંચ લોકોના મોત નિપજ્યા

**(એજન્સી)નવી દિલ્હી,**
રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ૨૫ મહિનાથી સતત યુદ્ધ ચાલી રહ્યું છે. હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. દરરોજ બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તાજેતરનો મામલો દક્ષિણ બંદર શહેર ઓડેસામાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં 'હેરી પોટર કેસલ' તરીકે ઓળખાતી યુક્રેનિયન ઈમારત પર રશિયન મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા.

ન્યૂઝ પોર્ટલ ધ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ અનુસાર, હુમલામાં ગોથિક શૈલીમાં બનેલા કિલ્લા તેમજ આસપાસની રહેણાંક ઈમારતોને નુકસાન થયું છે. આ હેરી પોટર કિલ્લામાં એક ખાનગી કાયદા સંસ્થા ચાલતી હતી. મિસાઈલ હુમલા બાદના એક વીડિયોમાં ઈમારતમાં ભીષણ આગ જોવા મળી રહી છે.તમને જણાવી દઈએ કે ઓડેસા પર આ અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો છે. આમાં રશિયન સેનાએ શહેર પર મિસાઈલ, ડ્રોન અને બોમ્બ છોડ્યા, જેના કારણે દરિયા કિનારે સ્થિત પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા બળીને ખાખ થઈ ગઈ. લગભગ ૨૫ મહિના પહેલા યુક્રેનમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઓડેસાનું બંદર શહેર અવારનવાર રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલાનું નિશાન બન્યું છે.

**રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ૨૫ મહિનાથી સતત યુદ્ધ ચાલી રહ્યું છે, હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે**

પ્રાદેશિક ગવર્નર ઓલેહ કિપરે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે ગર્ભવતી મહિલા અને ચાર વર્ષના બાળક સહિત ઓછામાં ઓછા ૩૨ લોકો ઘાયલ થયા છે અને તેમની હાલત ગંભીર છે. હુમલામાં માર્યા ગયેલા લોકો સિવાય, હુમલાને કારણે એક વ્યક્તિનું સ્ટ્રોકથી મૃત્યુ થયું હતું.

યુક્રેનિયન નૌકાદળના પ્રવક્તા દિમિત્રો પ્લેટેનચુકે લશ્કરી ટેલિગ્રામ ચેનલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે હુમલામાં ક્લસ્ટર વોરહેડ સાથે ઈસ્કેન્ડર-એમ બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે મિસાઈલોને રોકવી મુશ્કેલ છે. રશિયાએ હજુ સુધી તાજેતરના હુમલા અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી.ઓડેસાના મેયર હેનાડી ટ્રુખાનોવે કહ્યું કે રશિયા દરિયા કિનારે ફરવા જઈ રહેલા લોકોને ગોળી મારીને મારી રહ્યું છે.

## મે મહિનામાં કાળઝાળ ગરમી પડવાની આગાહી

**(એજન્સી)નવી દિલ્હી,**
મે મહિનાને શરૂઆત થતાં જ આકાશમાંથી જાણે આગના ગોળા વરસી રહ્યા હોય તેમ આકરો તાપ પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા મે મહિનામાં સામાન્ય તાપમાનની સરખામણીમાં વધારે ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે હવામાન વિભાગે મે મહિના માટે વેધર બુલેટિન બહાર પાડ્યું છે, જે મુજબ મે મહિનામાં સામાન્યની સરખામણીએ લોકોને આકરી ગરમીનો સામનો કરવો પડશે. એટલું જ નહીં, બે-ચાર દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની પણ શક્યતા છે. IMD ચીફ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું છે કે ભારતના મોટાભાગના વિસ્તારોમાં દિવસ અને રાત્રિ દરમિયાન તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. જેના કારણે લોકોને મે મહિનામાં આકરી ગરમીનો સામનો કરવો પડશે. હવામાન વિભાગના વડાના જણાવ્યા અનુસાર, ભારત દેશના મોટાભાગના ઉત્તર પૂર્વ રાજ્યો, ઉત્તર પશ્ચિમ રાજ્યો અને મધ્ય ભારતના કેટલાક ભાગો સિવાય, સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની સંભાવના છે. જો આપણે આ ભાગો વિશે વાત કરીએ, તો અહીં તાપમાન સામાન્યથી થોડું ઓછું રહી શકે છે. ઉત્તર પશ્ચિમ ભારતના ભાગો, ગંગાના મેદાનો, મધ્ય ભારત અને ઉત્તર પૂર્વના કેટલાક રાજ્યોને છોડીને, દેશના બાકીના ભાગોમાં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં વધુ હોઈ શકે છે.

## દુબઇમાં ફરી ભારે વરસાદ બાદ એડવાઇઝરી જાહેર

**(એજન્સી)અબુધાબી,**
ગયા મહિને સંયુક્ત આરબ અમીરાત માં આવેલા ભયંકર પૂરના થોડા દિવસો પછી, ગુરુવારે વહેલી સવારે અબુ ધાબી અને દુબઈમાં ભારે વરસાદ અને તોફાન આવ્યું હતું. આ પછી ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને દુબઈમાં બસ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.

ખલીજ ટાઈમ્સના અહેવાલ મુજબ, દુબઈ આવતી પાંચ ફ્લાઈટને રાતોરાત ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે નવ દુબઈ આવનારી અને ચાર દુબઈથી બહાર જનારી ફ્લાઈટ્સને પણ રદ કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમીરાતની ઘણી ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે.સ્થાનિક મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દુબઈના નાગરિકો ગુરુવારે સવારે ૩ વાગે જોરદાર પવન, વીજળીના કડાકાથી જાગી ગયા હતા.

વરસાદના લગભગ એક કલાક પછી લગભગ ૪ વાગ્યે દેશના હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું હતું, જે દર્શાવે છે કે દેશના મોટાભાગના ભાગોમાં વરસાદી વાદળો ઘેરાઈ ગયા છે. દેશમાં પ્રતિકૂળ હવામાન ૩ મે સુધી યથાવત રહેવાની ધારણા છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, અબુ ધાબીના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના અહેવાલ છે, જ્યારે જેબેલ અલી, અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ, દુબઈ ઈન્ડસ્ટ્રિયલ સિટી, દુબઈ ઈન્વેસ્ટમેન્ટ પાર્ક અને જુમેરાહ વિલેજ ટ્રાયેન્ગલમાં જોરદાર પવન ફૂંકાવાના અહેવાલ છે.બુધવારે દુબઈ એરપોર્ટ અને બે સ્થાનિક એરલાઈન્સે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી હતી. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરી કરતી વખતે વિલંબ માટે તૈયાર રહેવા જણાવ્યું.

UAE એ ગુરુવાર સુધી બે દિવસ માટે મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જાહેર કરી હતી, જેનાથી ઓફિસ-જનારાઓને ઘરેથી કામ કરવા માટે અને શારજાહ અને દુબઈની સ્કૂલો માટે ડિસ્ટન્સ લર્નિંગ માટે મજબૂત થવું પડ્યું હતું ગયા મહિને એપ્રિલમાં દુબઈમાં તોફાન આવ્યા બાદ ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. આ સમયગાળા દરમિયાન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને અન્ય કામગીરી બંધ કરવામાં આવી હતી.

## બિહાર બાદ હવે તેલંગણામાં મતદાનનો સમય લંબાવાશે

**(એજન્સી)નવી દિલ્હી,**
દેશમાં લોકસભાની ચૂંટણી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે આકરી ગરમી પડી રહી છે. તેને જોતા ચૂંટણી પંચ પણ સતર્ક છે. નવીનતમ માહિતી અનુસાર, બિહાર બાદ હવે ચૂંટણી પંચે તેલંગણામાં મતદાનનો સમય લંબાવવાનો નિર્ણય લીધો છે. પંચે ૧૩ મેના રોજ યોજાનારી લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે તેલંગણામાં લોકસભા મતવિસ્તાર અને ઘણી વિધાનસભા બેઠકો માટે મતદાનનો સમય લંબાવ્યો છે. નવા સમય અનુસાર હવે મતદાન સવારે ૭ થી ૫ વાગ્યાના બદલે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી થશે. બુધવારે હવામાન વિભાગ તરફથી મળેલા બુલેટિન મુજબ, રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ૬ મે સુધી હીટ વેવની સ્થિતિ યથાવત રહેશે. ચૂંટણી પંચે એક નોટિફિકેશનમાં કહ્યું છે કે ૧૨ લોકસભા મતવિસ્તારોની તમામ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન માટે મતદાનનો સમય લંબાવાયો છે. જ્યારે બાકીની પાંચ સંસદીય બેઠકો પર, આ સમય કેટલીક વિધાનસભા ક્ષેત્રોમાં લાગુ થશે. કરીમનગર, નિઝામાબાદ, ઝહીરાબાદ, મેડક, મલકાજગીરી, સિકંદરાબાદ, હૈદરાબાદ, ચેવેલ્લા, મહબૂબનગર, નગરકુર્નૂલ , નલગોંડા અને ભોંગિર લોકસભા બેઠકો માટે મતદાનનો સમય સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે. સમાચાર એજન્સી પીટીઆઈ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા ચૂંટણી પંચે બિહારમાં મતદાનનો સમય લંબાવ્યો હતો. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આદિલાબાદ લોકસભા સીટની પાંચ વિધાનસભા સીટ, પેદ્દાપલ્લે સીટની ત્રણ, વારંગલ સીટની છ, મહેબુબાબાદ સીટની ત્રણ અને ખમ્મમ લોકસભા બેઠકના પાંચ વિધાનસભા બેઠકોમાં લાગુ થશે.

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals

DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ

SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ

3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch

બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.

પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.

PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614

NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7

BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

# દેશના જળાશયોના સ્તરમાં ઘટાડો ચિંતાનો વિષય

**આવી સ્થિતિમાં, કોઈપણ તોળાઈ રહેલી કટોકટીનો સામનો કરવા માટે, ઘરોથી લઈને તમામ કૃષિ પદ્ધતિઓ અને ઔદ્યોગિક કાર્યો સુધી જળ સંરક્ષણના પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાની જરૂર છે**

ભારતમાં હજુ તો ઉનાળો જામે તે પહેલાં જ દેશના ઘણા ભાગોમાં જળ સંકટના સમાચાર ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. આવી સ્થિતિમાં સેન્ટ્રલ વોટર કમિશનના તાજેતરના આંકડા જ ભારતમાં વધી રહેલા જળસંકટની ગંભીરતા દર્શાવે છે. આ આંકડા દેશભરના જળાશયોના સ્તરમાં ચિંતાજનક ઘટાડાનું ચિત્ર દોરે છે. જેમ કે ગુજરાતમાં પાણીની તંગીની બુમરાણ શરૂ થઈ છે અને મોટા જળાશયોમાં હજુ પાણીનો થોડો ઘણો સચવાયેલો છે પરંતુ જેમ ગરમીનો પારો ઉંચો ચડતો જશે તેમ તેમ પાણીની માંગ વધશે અને પુરવઠો ઓછો પડતાં પછી પાણીની તંગીની ફરિયાદો જોવા મળશે.

અહેવાલ મુજબ ૨૫ એપ્રિલ સુધીમાં દેશના મોટા જળાશયોમાં ઉપલબ્ધ પાણી તેમની સંગ્રહ ક્ષમતાના પ્રમાણમાં ત્રીસ ટકા ઘટ્યું છે જે તાજેતરના વર્ષોની સરખામણીમાં મોટો ઘટાડો છે જે દૂષ્કાળ જેવી સ્થિતિ તરફ નિર્દેશ કરે છે જેનું મૂળ અલ નીનો ઘટનાની અસર હોવાનું કહેવાય છે. વાસ્તવમાં લાંબા સમય સુધી પૂરતા વરસાદના અભાવે જળસંગ્રહમાં આ ઘટાડો થયો છે જેના કારણે અનેક વિસ્તારોમાં દુષ્કાળ જેવી અસુરક્ષિત સ્થિતિ સર્જાઈછે.

વાસ્તવમાં ભારતના પૂર્વ અને દક્ષિણ વિસ્તારના લોકો આ સંકટનો સામનો કરી રહ્યા છે. વાસ્તવમાં સતત વધી રહેલી ગરમીને કારણે પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું છે તેના ગંભીર પરિણામોના કારણે આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુ જેવા રાજ્યોમાં પાણીની તંગી ગંભીર બની છે. દેશનું હબ બેંગ્લુરૂ પાણીની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે. જેની અસર માત્ર કૃષિ પ્રવૃત્તિઓ પર જ નથી પડી રહી પરંતુ રોજિંદા જીવનને પણ માઠી અસર તાત્કાલિક ચિંતાઓથી ઘણી દૂર દેખાઈ છે.

આપણે સ્વીકારવું જોઈએ કે દેશના અર્થતંત્રની આધારશિલા ગણાતું કૃષિ ક્ષેત્ર અત્યારે અનેક જટિલ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. જેની વિવિધ પાક પર ખરાબ અસર પડી રહી છે તેનું એક કારણ એ છે કે, આજે પણ દેશની અડધી ખેતીલાયક જમીન ચોમાસાના વરસાદની દયા પર આધારિત છે. આવી સ્થિતિમાં કૃષિનું ભવિષ્ય સંપૂર્ણપણે સામાન્ય ચોમાસાની સ્થિતિ પર નિર્ભર છે. તેથી હવામાન વિભાગની ચોમાસાની સામાન્ય આગાહી આશાવાદ જગાડે છે. પરંતુ અમુક પ્રકારની સમસ્યા સર્જી શકે છે.

આવી સ્થિતિમાં કોઈપણ તોળાઈ રહેલી કટોકટલનો સામનો કરવા માટે ઘરોથી લઈને તમામ કૃષિ પદ્ધતિઓ અનેક ઔદ્યોગિક કાર્યો સુધી જળ સંરક્ષણના પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાની જરૂર છે.

પાણીના સંગ્રહ અને વિતરણ કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે પાણીની માળખાકીય સુવિધાઓ અને વ્યવસ્થાપણ પ્રણાલિઓમાં મોટા રોકાણની પણ તાત્કાલિક જરૂર છે. તેવી જ રીતે કૃષિ પદ્ધતિઓમાં સુધારાની સાથે પાક વૈવિધ્યકરણ દ્વારા પાણીનો વપરાશ ઘટાડવાના પ્રયાસો કરવા જોઈએ.

જેથી કરીને દુષ્કાળની અસર ઘટાડવાના પ્રયાસો કરી શકાય. આ સાથે જળ સંરક્ષણની પરંપરાગત ટકનિકોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. તેમજ કુદરતના આ મૂલ્યવાન સંસાધનનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરવા માટે સામાન્ય લોકોને પ્રોત્સાહિત કરવા માટે જનજાગૃત્તિ અભિયાન ચલાવવાની જરૂર છે. નિઃશંકપણે આવનારી પેઢીઓ માટે ભવિષ્યને સુરક્ષિત કરવા માટે તોળાઈ રહેલા જળસંકટના જોખમોને સમજવાની અને ઝડપી અને નિર્ણાયક પગલાં લેવાની સખ્ત જરૂર છે.

પાણીની કેટલી કિંમત હોય છે એ તો જેઓ પાણી વગર ટળવળી રહ્યા હોય તેને જ સમજાય. ઘરના બંગલામાં સ્વીમિંગ પુલવાળાને પાણીની કિંમત નહી.

પણ કલાકો સુધી પાણી વગર તરસતા હોય તેઓ જયારે પાણીનો એકાદ પાત્ર ભરવાનું મળે ત્યારે તેમના ચહેરા પર કેસો આત્મવિશ્વાસ ઝલકે છે.. અને એ જ તો તેમની મૂડી છે કેમ કે પાણી વગર જીવન શક્ય નથી. અને તેથી જ તો નાસા સહિતની વિજ્ઞાનની સંસ્થાઓ પૃથ્વીથી દૂર બીજા કોઈ ગ્રહની શોધ કરે ત્યારે સૌથી પહેલાં એ જોવામાં આવે છે કે ત્યાં પાણી છે કે નહીં. એ પછી જ બીજા બધા સંશોધનો હાથ ધરવામાં આવે છે. આપણા સંતો મહંતોએ ખૂબ જ સાચું જ કહ્યું છે કે પાણી અને વાણીને સાચવીને ઉપયોગ કરવો જોઈએ. ઘણાને એમ લાગે છે સાચે જ સંતો મહંતોના એ ઉપદેશનો પાલન કરવાનો સમય આવી ગયો લાગે છે. કહેવાય છે ને કે જળ બચાવો, જળ તમને બચાવશે.

# શહેરની ૧૦૦ મોટી સોસાયટીમાં વ્યાપકપણે 'વૃક્ષારોપણ' કરાશે

**(એજન્સી) અમદાવાદ,** આગામી ચોમાસામાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિશન થ્રી મિલિયન ટ્રી (ટીએમટી) હાથ ધરાશે, જે અંતર્ગત અમદાવાદમાં કુલ ૩૦ લાખ રોપાનું વાવેતર કરવામાં આવશે. આ અભિયાનને સફળ બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન દ્વારા બહાર પડાયેલા આદેશ મુજબ આગામી દિવસોમાં સેન્ટ્રલ ફોર કમિટી અને ગાર્ડન ફોર કમિટીનું ગઠન કરવામાં આવશે. આની સાથે-સાથે મ્યુનિસિપલ બાગ-બગીચા વિભાગ દ્વારા શહેરની ૧૦૦ મોટી સોસાયટીઓમાં પણ વ્યાપકપણે વૃક્ષારોપણ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કરાયા છે.

શહેરને હરીયાળું બનાવવા માટે દર ચોમાસામાં મ્યુનિસિપલ તંત્ર દ્વારા વૃક્ષારોપણ હાથ ધરવામાં આવે છે. મિશન મિલિયન ટ્રી હેઠળ પાછલાં કેટલાંક વર્ષોથી શહેરમાં ૧૦ લાખ કે તેથી વધુ રોપાનું વાવેતર કરાઈ રહ્યું છે. આ મિશનના પગલે અમદાવાદની ગ્રીનરીમાં વધારો થાય તે માટે તંત્ર પ્રયત્નશીલ છે.

આ વખતે ઉનાળો ભારે આકરો બનવાનો છે. ગયા એપ્રિલ મહિનામાં સૂર્યનારાયણે ભારે ગરમીનો પ્રકોપ ફેલાવ્યો હતો. કેટલાંયે વર્ષો પછી એપ્રિલ મહિનો ધગધગતો બન્યો હતો, જયારે મે મહિનામાં તો ગરમીના તમામ રેકોર્ડ તૂટી જવાના છે તેવી આગાહીને જોતાં શહેરીજનો માટે તેના પ્રકોપથી બચવા માટે ઘટાદાર વૃક્ષોની છાયા ભારે જરૂરી બની છે. તંત્ર પણ હવામાનની વિષમતાને ગંભીરતાથી લઈ રહયું છે એટલે જ શહેરની ૧૦૦ મોટી સોસાયટીઓમાં વ્યાપકપણે વૃક્ષારોપણ માટે કવાયત આરંભી છે.

મ્યુનિસિપલ પ્રોજેકટનાં કામો જેવા કે ડ્રેનેજ પ્રોજેકટ, હાઉસિંગ પ્રોજેકટ, બ્રિજ પ્રોજેકટ, બિલ્ડિંગ પ્રોજેકટ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર પ્રોજેકટ, વોટર ઓપરેશન, બીઆરટીએસ પ્રોજેકટ, સ્મશાનગૃહ, અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને મ્યુનિસિપલ સ્કુલ બોર્ડની જગ્યાઓમાં વૃક્ષારોપણની કામગીરી કરવા માટે સંબંધિત ગાર્ડન સુપરવાઈજર, સિનિયર સેકશન ઓફિસર, જે તે પ્રોજેકટ વિભાગના વડા અને એડિશનલ સિટી ઈજનેર વગેરેને જવાબદારી સોંપાઈ ગઈ છે.

હવે તંત્રે ઘનિષ્ઠ વૃક્ષારોપણ માટે મોટી સોસાયટીઓ ઉપર પણ પોતાની પસંદગી ઉતારી છે. આવી ૧૦૦ સોસાયટીઓને સત્તાવાળાઓ દ્વારા અલગ તારવવામાં આવશે અને આ સોસાયટીઓમાં મ્યુનિસિપલ બાગ-બગીચા વિભાગ દ્વારા વ્યાપકપણે વૃક્ષારોપણ કરી તેને હરિયાળી બનાવવામાં આવશે. દર અઠવાડિયે ૧૦ સોસાયટીઓ સાથે બેઠક કરવાનું પણ આયોજન હાથ ધરાયું છે. તંત્ર વોર્ડ કમિટીનું ગઠન કરીને શહેરીજનો વૃક્ષારોપણ અભિયાનનું નેતૃત્વ કરે તે માટે પણ ગંભીર બન્યું છે.

# તમામ ખાનગી સંપત્તિને સામુદાયીક ગણી સરકાર કબજો લેશે તો ભવિષ્ય માટે કંઈ રહેશે નહીં: એસસી

**(એજન્સી)નવીદિલ્હી,** સાર્વજનીક ભલાઈ માટે સરકાર ખાનગી સંપત્તિનો કબજો લઈ શકે કે નહી તેવા જટીલ મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૯ (બી) હેઠળ તમામ ખાનગી મીલકતોને સમાજના ભૌતિક સંશોધનો ગણવામાં આવે અને તે પછી સરકાર સાર્વજનીક ભલાઈના હેતુ માટે તેનો કબજો લઈ શકે તો ભવીષ્યની પેઢી માટે કંઈ જ બાકી રહેશે નહી. આવી ન્યાયીક ઘોષણાથી એવી પરીસ્થિતી સર્જાશે કે જયાં કોઈ ખાનગી રોકાણકાર રોકાણ કરવા આગળ નહી આવે.

અહી ઉલ્લેખનીય છે કે સંપત્તિની પુનઃ વહેચણીની ઉગ્ર રાજકીય ચર્ચા વચ્ચે સુપ્રીમમાં કલમ ૩૯(બી)ની ચકાસણી થઈ છે. મુખ્ય

**પેચીદા મામલે બંધારણીય ખંડપીઠે ચુકાદો અનામત રાખ્યો**

ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળના નવ ન્યાયાધીશોના બંધારણને ખંડપીઠે આ પેચીદા મામલા અંગે તેનો ચુકાદો અનામત રાખ્યયો હતો. કોર્ટમાં આ મામલે ૧૬ અરજીઓ થઈ છે, જેમાં મુંબઈ સ્થિત પ્રોપ્ટી ઓનર્સ એસોસીએશન પીઓએ એ દાખલ કરેલી અરજી મુખ્ય છે. મિનરવા મીલ્સના ચુકાદાને પગલે સર્વોચ્ચ અદાલત બંધારણની કલમ ૩૧સીની કાનુની યોગ્યતાની પણ ચકાસણી કરી રહી છે. કોર્ટે ૧૯૮૦ના મીનરવા મીલ્સ કેસમાં બંધારણના ૪૨માં સુધારાની બે જોગવાઈને ગેરબંધારણીય જાહેર કરી હતી. આસુધારામાં વ્યકિતઓના મુળભુત અધીકારો કરતા રાજયની નીતીના ડાયરેકટીવ સિદ્ધાંતને સર્વોચ્ચ ગણવામાં આવ્યાં હતાં. કલમ ૩૧સી રાજયને સાર્વજનીક ભલાઈ માટે ખાનગી સંપત્તિ સહીતના સમાજના ભૌતિક સંશોધનોનો કબજો લેવાની સત્તા આપે છે. વરીષ્ઠ વકીલ ગગોપાલ શંકરનારાયણને જણાવ્યું હતું કે કોર્ટ સમક્ષનું મુદ્દો માત્ર એટલો છે કે ખાનગી મીલકતોને સમુદાયના ભૌતિક સંશાધનો ગણી શકાય કે નહી અને કોર્ટે સંશોધનોના દાયરામાં જવાની જરૂર નથી. સમુદાયમાં ભૌતિક સંશોધનોમાં ખાનગી મિલકતોના પણ સમાવેશ થાય છે. તે અંગે ખંડપીઠ નિર્ણય કરે તો તે શ્રેષ્ઠ જવાબ હશે.

# ભરૂચ જિલ્લાના લોકોને મતદાન માટે પ્રેરીત કરવા ૪૦૦ થી વધુ શિક્ષકો મોટરસાયકલ રેલીમાં જોડાયા

**(પ્રતિનિધિ) ભરૂચ,** ભરૂચ જિલ્લામાં અલગ અલગ મતદાન જાગૃતિના કાર્યક્રમોએ ભરૂચ જિલ્લામાં મતદાતાઓને મતદાન કરવા માટે અનન્ય પ્રેરણા પુરી પાડી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર શિક્ષણ, મતદાર જાગૃતિ ફેલાવવા અને ભારતમાં મતદાર સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે સ્વીપ (સુવ્યવસ્થિત મતદાર શિક્ષણ અને મતદારની ભાગીદારી ) કાર્યક્રમ ચલાવવામાં આવે છે અને ચૂંટણીમાં નવા મતદારો, યુવાઓ, વૃદ્ધોને મહિલાઓ સહિત દરેક વયના લોકો વધુમાં વધુ

ભાગીદારી નોંધાવે એ માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિની સઘન પ્રવૃતિઓ કરીને નાગરિકોને મતાધિકારનો ઉપયોગ કરવા માટે સતત પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. તા.૨૨ એપ્રિલથી ૬ મે સુધીના મહત્વપૂર્ણ ૧૫ દિવસમાં મતદાન પ્રોત્સાહનના કાર્યક્રમો દ્વારા ભરૂચ જિલ્લામાં મહિલા મતદારોનું મતદાન વધે તેમજ ભરૂચ જિલ્લામાં મતદાનની ટકાવારીમાં વધારો થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, જેને અનુસંધાને આજરોજ મહિલાઓનું મતદાન વધે તે માટે




મોટી સંખ્યામાં મહિલા શિક્ષકોએ સહભાગીદારી નોંધાવી હતી.'મતદાન ચોક્કસ કરીએ અને કરાવીએ', 'મારો મત કિંમતી મત... તમારું મતદાન,લોકશાહીનો પ્રાણ, ચાલો સૌ કરીએ મતદાન, દેશને બનાવીયે મહાન, મારો મત મારું ભવિષ્ય સહિતના બેનર અને સાથે શાળાના આચાર્યઓ,શિક્ષકોએ તથા કર્મચારીગણ રેલીમાં જોડાઈને લોકોને મતદાન કરવા અંગે પ્રેરીત કર્યા હતા.

મતદાન જાગૃતિ કાર્યક્રમના ભાગરૂપે આજરોજ મતદાન જાગૃતિ સાયકલ રેલી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડથી સ્વિપ નોડલ ઓફિસર અને જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલ અને મહાનુભાવોએ બાઈક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બાઈક રેલીમાં ભરૂચ શહેર અને તાલુકાની શાળાના આચાર્ય,શિક્ષકોએ તથા કર્મચારીગણ મળીને ૪૦૦ થી પણ વધુ લોકો રેલીમાં જોડાઈને મતદાન કરવા લોકોને પ્રેરીત કર્યા હતા.લોકોએ સહભાગી બની મારો મત- કિંમતી મતર્દ્રે; શહેરોના રસ્તાઓ પર ગુંજતો કર્યો હતો.આ બાઈક રેલી હોસ્ટેલ ગ્રાઉન્ડથી શરૂ થઈ,હોસ્ટેલ ગ્રાઉન્ડ-પાંચબત્તી- મહાત્મા ગાંધી રોડ થઈ મહમ્મદપુરા – વેજલપુર એસ.પી ઓફીસ - જંબુસર ચોકડી - એપીએમસી – મહમ્મદપુરા - પાંચબત્તી - હોસ્ટેલ ગ્રાઉન્ડ પર પૂર્ણ થઈ હતી. મોટી સંખ્યામાં શિક્ષકોએ જોડાઈ મતદાનએ સૌની સહભાગિતાંનો સંદેશો પાઠવ્યો.

# ઘર અને તિજોરીનું લોક તોડ્યા વગર પ.૨૫ લાખની મત્તાની રહસ્યમય ચોરી

**(એજન્સી) અમદાવાદ,** રામોલ પોલીસ સ્ટેશનમાં એક વેપારીએ પ.૨પ લાખની મતાની ચોરીની ફરિયાદ નોંધાવી છે. ચોંકાવનારી વાત એ છે કે તસ્કરો ઘરનો દરવાજો અને તિજોરી તોડયા વગર ચોરીની ઘટનાને અંજામ આપીને નાસી ગયા છે. આ સાથે ઘરનો કોઈ સામાન પણ વેરવિખેર કરવામાં આવ્યો નથી.

રામોલ વિસ્તારમાં આવેલ વૈદેહી રેસિડેન્સીમાં રહેતા આનંદ મિશ્રાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ કરી છે. થોડા દિવસ પહેલા આનંદ મિશ્રા કામ ઉપર ગયા હતા અને રાતે ઘરે પરત ફર્યા ત્યારે તેમણે તેમના પત્નિ પાસે રૂપિયાની માગણી કરી હતી. આનંદ મિશ્રા જાતે જ તિજોરીમાંથી રૂપિયા લેવા માટે ગયા હતા. આનંદ મિશ્રાને તિજોરીમાંથી રૂપિયા ન મળતા તેમણે તેમના પત્નીને પૂછયું હતું. આનંદ મિશ્રાની પત્નીએ જણાવ્યું હતું કે હું પાડોશમાં રહેતા પ્રિયાંશીબહેન તેમજ સોસાયટીની બીજી મહીલાઓ સાથે ખોખરા મંદિરે દર્શન કરવા માટે ગઈ હતી. દર્શન કરીને મહિલા પરત આવી ત્યારે ઘરનો દરવાજો બંધ હતો જેથી આનંદ મિશ્રાને શંકા ગઈ હતી.

આનંદ મિશ્રાએ તિજોરી ચેક કરી તો તેમાંથી ૩.૭પ લાખના સોનાના દાગીના તેમજ ૧.૫૦ લાખ રૂપિયા ગાયબ હતા.

**આર્થિક કટોકટી વકરતા સરકારનો નવો ઉપાય**

# પાકિસ્તાનમાં ટેક્ષ નહીં ચુકવતા લોકોના સીમકાર્ડ બંધ કરવાનો નિર્ણય

**(એજન્સી)ઈસ્લામાબાદ,** આર્થિક રીતે બેહાલ પાકિસ્તાને હવે ટેક્ષ રીટર્ન ફાઈલ ન કરવા બદલ પાંચ લાખથી વધુ લોકોના સીમ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાનના આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે ૧૫ મે સુધી ટેક્ષ ન ભરનાર પાંચ લાખથી વધુ ડીફોલ્ટરોના સીમ બંધ કરવા ટેનીકોમ્યુનીકેશન કંપનીઓને સુચના આપી છે.

પાકિસ્તાન સરકારનું કહેવું છે કે, ૧ માર્ચ સુધી ૪૦ લાખ કરદાતાઓએ ટેક્ષ ચુકવ્યો હતો જયારે ગયા વર્ષે આ આંકડો ૩૦ લાખ ૮૦ હજાર હતો. ૨૦૨૨માં કરદાતાઓની સંખ્યા અંદાજે ૬૦ લાખ હતી. પાકના આવકવેરા વિભાગે જણાવ્યું છે. કે ડીફોલ્ટર્સ ટેક્ષ જમા કરાવતાની સાથે જ તેમનું સીમકાર્ડ એકિટવેટ થઈ જશે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ આઈએમએફ એ આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાન માટે બેલઆઉટ પેકેજના ત્રીજા હપ્તાને મંજુરી આપી હતી. આ હપ્તાની કિંમત ૧.૧ અબજ ડોલર એટલે કે ૯ હજાર કરોડ રૂપિયા છે.

# ચારધામની યાત્રાના ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં ઓફલાઈન યાત્રીઓનો સમાવેશ નહીં થાય

**(એજન્સી)દહેરાદુન,** આગમી સમયમાં ચારધામની યાત્રા શરૂ થશે. જેનાં ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયયા છે. હવે યાત્રીઓની સંખ્યા અને પર્યટન મંત્રી નિવેદન જાહેર કર્યું. જેમાં ઉત્તરાખંડના પર્યટન સચિવ સચિન કુવેએ રવિવારે ચારધામના તીર્થયાત્રીઓને કહ્યું કે તીર્થયાત્રીઓની સંખ્યા મર્યાદીત નથી, માત્ર ધોરણો નકકી કરવામાં આવ્યા છે. જે તીર્થયાત્રીઓની સંખ્યા મર્યાદીત નથી, માત્ર ધોરણો નકકી કરવામાં આવ્યા છે. જે તીર્થયાત્રીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે.તેમાં યમુનોત્રી ધામમાં ૯,૦૦૦ ગંગોત્રીમાં ૧૧,૦૦૦, કેદારનાથમાં ૧૮,૦૦૦ અને બદ્રીનાથ ધામમાં ૨૦,૦૦૦ તીર્થયાત્રીઓનું ધોરણ નકકી કરવામાં આવ્યું છે. આમાં ઓફલાઈન મુસાફરોનો સમાવેશ થતો નથી.

આ સીમીત સંખ્યા ઉપરાંત જેમણે ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. તેમને પણ યાત્રામાં સામેલ કરવામાં આવશે. પ્રવાસન સચીવે સ્પષ્ટ કર્યુ કે સ્થાનીક લોકોને રજીસ્ટ્રેશનના દાયરાની બહાર રાખવામાં આવ્યા છે. મેના પ્રથમ સપ્તાહમાં મુસાફરોની સુવિધા માટે હરીદ્વાર અને ઋષીકેશમાં ઓફલાઈન નોધણી કેન્દ્રો ખોલવામાં આવશે. જે પ્રવાસી ઓનલાઈન નોધણી કરી શકતા નથી. તેઓ ઓફલાઈન નોધણી કરી શકશે. ટોકન સીસ્ટમ અંગે યાત્રાધામના પુજારીઓ વધી જણાવાયું હતું કે યાત્રીકોને પુરતો સમય આપવામાં આવે જેથી તેઓ ભગવાનના દર્શનની સાથે નજીકના તીર્થસ્થળોની મુલાકાત લઈ શકે. બદ્રીનાથમાં ટોકન સીસ્ટમ સફળ રહી ન હતી.

# હાલારની પ્રજાએ સોશિયલ મીડીયાના ભ્રામક પ્રચારથી સાવચેત રહેવું: પરીમલ નથવાણી

**જામનગર,** જામનગરમાં રીલાયન્સના પરીમલભાઈ નથવાણી દ્વારા પત્રકાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકાર ગોષ્ઠિ દરમ્યાન તેઓએ સોશીયલ મીડીયાના દુષ્પ્રચારથી લોકોએ દૂર રહેવું જોઈએ. તેવું મંતવ્ય વ્યકત કર્યુ હતું અને હાલનું રાજકીયય વાતાવરણ આવા દુષ્પ્રચારથી દુષીત ન થાય તે માટે મીડીયાએ પણ પોતાનો ભાગ ભજવવો જોઈએ.

તેઓએ જણાવ્યું હતું કે હાલાર મારી જન્મભુમી છે અને મારી પસંદગીની જગ્યા છે, આપણે સૌ ગઈકાલે એક હતા આજેએક છીએ અને આવતીકાલે પણ એક રહીશું ચુંટણી તો આવે અને જાય તેથી એવા રાગદ્વેષભર્યા વાતાવરણથી દુર રહેવું તે હાલારની ઓળખ છે. આ ઉપરાંત તેઓએ રીલાયન્સ એટલે જામનગર અને જામનગર એટલી રીલાયન્સ જે વિશ્વમાં ઓળખ ઉભી થઈ છે. તેનો અનુલક્ષીને પત્રકારોનું વિચારોની આપ-લે કરવા જણાવ્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, દ્વારકા ખાતે પંચકુઈ વિસ્તારમાં વિશ્વની સૌથી મોટી ભગવાન કૃષ્ણની મૂર્તિ સ્થાપવાનું એક સ્વપ્ન છે.જેનો સરકારી મંજુરીઓને આધીન થઈ પુર્ણ કરાશે.

**જામનગર માટે રીલાયન્સ સિમ્બોલિક કાર્ય કરવા માટે તત્પર છેઃ ચુંટણીઓ આવે અને જાય પણ આપણી એકતા અતૂટ રહેવી જોઈએ**

આ ઉપરાંત પત્રકારો દ્વારા હાલારના પૌરાણીક મંદીરોના ડેવલોપમેન્ટ માટે રીલાયન્સે આગળ આવી જામસાહેબની સાથે પરામર્શ કરી અને આ મંદીરોના જીર્ણોદ્ધાર માટે પહેલ કરવી જોઈએ તે સુચનને તેઓએ સહર્ષ સ્વીકાર્યું હતું તેમજ વંદેભારત ટ્રેનની જામનગર સુરત ઉધનાની જાહેરાત થઈ હતી પરંતુ આ ટ્રેન ઉધના શરૂ થઈ નથી પરંતુ અમદાવાદ-દ્વારકા વંદેભારત શરૂ થઈ છે. તો હાલમાં સુરત માટેની ઈન્ટરસીટી પણ બંધ છે અને વંદેભારત શરૂ થયેલ નથી તો તે અંગે રાજયસભામાં સભ્ય તરીકે તેઓએ યોગ્ય રજુઆત કરવી જોઈએ.

તેઓએ જણાવ્યું હતું કે, રિલાયન્સ દ્વારા કેન્દ્ર સરકાર અને રાજય સરકારની મંજૂરી અને જમીન મળી ગયેલ હોય, ટુંક સમયમાં જામજોધપુર અને કચ્છમાં સોલાર પ્લાન્ટ અને બેટરી પ્લાન્ટનું કાર્ય વેગવંતુ બનાવવામાં આવશે. તેવી જ રીતે જામનગરને માટે ખાસ કહી શકાય તેવાં રીલાયન્સ દ્વારા બનાવવામાં આવી રહેલાં એશીયાઈ ઝૂના પ્રશ્નના પ્રત્યુતરમાં જણાવેલ હતું કે, સરકાર દ્વારા તે અંગે જરૂરી મંજુરીઓ મળી ગઈ છે. વિદેશથી મોટી સંખ્યામાં પ્રાણીઓ પણ આવી ગયાં છે. પરંતુ બાકીના સેટઅપની કામગીરીઓ ચાલતી હોવાથી તે પરીપુર્ણ થયે જામનગરને આ ઝૂની ભેટ મળશે.

# લાખો રૂપિયાનું આંધણ કર્યા બાદ ભરૂચ પાલિકાએ પાણીના એટીમએમ દૂર કર્યા

**(પ્રતિનિધિ) ભરૂચ,** ભરૂચ નગરપાલિકા હંમેશા ભ્રષ્ટાચારથી ખરડાયેલી રહી છે.હવે ભરૂચમાં ઉનાળાની ગરમીમાં ગરીબ જરૂરિયાતમંદ અને ભિક્ષુકો માટે રહેલી પાણીની પરબો દુર કરી એટીએમ મશીનો મુકાવી લાખો રુપિયા નું આંધણ કરવા છતાં છ મહિના પણ મશીન કામ ન કરતા છેલ્લા ત્રણ વર્ષથી ભરઉનાળે પાણી વિના તરસવું પડે છે અને હાલ ભરઉનાળે બિન ઉપયોગી મશીનો દૂર કરવાની નોબત આવી છે.

ભરૂચ નગરપાલિકાએ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સુરભીબેન તમાકુવાલાના સમયે શહેરીજનોને પીવાનું પાણી મળી રહે તે માટે એટીએમ મશીન ભરૂચના વિવિધ ૧૦ સ્થળોએ મુકવામાં આવ્યા હતા.પરંતુ નગરપાલિકાના પાણીના એટીએમ મશીન છ મહિના પણ ચાલ્યા ન હતા અને એટીએમ



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

મશીનમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ થયો હતો અને છેલ્લા ત્રણ વર્ષથી નગરપાલિકાના પાપે નાગરિકોને ભરઉનાળે પાણીની પરબ વિના તરસવું પડે છે.રૂપિયા બે માં મળતો પાણીનો પાઉચ બંધ થતા બે ઘૂંટ પાણી માટે પાંચ રૂપિયાની બોટલ ખરીદવી પડે છે અને પાલિકાએ પોતાનું પાપ છુપાવવા તાજેતરમાં જ બિનઉપયોગી બનેલા પાણીના એટીએમ મશીનો ચલાવવા માટે ભરૂચની સેવાભાવિ સંસ્થા ઈનરવ્હીલ કલબ ઓફ ભરૂચને આપ્યા હતા અને સેવાભાવી સંસ્થાના લોકોએ પણ ઉપર છલ્લું રીનોવેશન કરાવી ફોટા પડાવી પ્રસિદ્ધિ મેળવી પરંતુ એટીએમ મશીનો બંધ રહેતા આખરે ભરૂચ નગરપાલિકાએ વિવિધ વિસ્તારોમાં બંધ પડેલા લાખો રૂપિયાના મશીન દૂર કરવાની નોબત આવી ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ભરૂચ નગરપાલિકાએ ભરઉનાળે ભરૂચના નગરજનોને પાણી વિના તરસે રાખ્યા છે.

# વંદે ભારત, વંદે અમૃત બાદ હવે જુલાઈથી વંદે મેટ્રો ટ્રેન દોડશે

**(એજન્સી)નવીદિલ્હી,** વંદે ભારત અને અમૃત ભારત બાદ હવે દેશવાસીઓને વંદે મેટ્રો ટ્રેનમાં પ્રવાસ કરવાનો મોકો મળશે. દેશની પહેલી મેટ્રો ટ્રેન બનીને તૈયા રથઈ ગઈ છે. અને તેને જુલાઈથી પાટા પર ઉતારવાની તૈયારી થઈ રહી છે. આ ટ્રેન સંપૂર્ણપણે મેડઈલન ઈન્ડીયા છે. જેની પહેલી ઝલક બહાર આવી છે.

દેશની પહેલી અને સંપૂર્ણપણે સ્વદેશી વંદે મેટ્રોને ચેન્નઈ સ્થિત ઈન્ટીગ્રલ કોચ ફેકટરીમાં તૈયાર કરવામાં આવી છે. મંગળવારે તેનો એક વીડીયો પણ સામે આવ્યો છે. જેમાં ફેકટરીની અંદર વંદે મેટ્રો ટ્રેનને તે સ્ટ્સ પર ચલાવવામાં આવશે. જયાં બે શહેરો વચ્ચે ટ્રાંન્સપોર્ટેશનની જરૂરીયાત છે. ૨૦૦ કિલોમીટરનું અંતર કાપનારી આ મેટ્રો ટ્રેનને સામાન્ય રીતે ૧૬૦ કિલોમીટરની સ્પીડે ચલાવવામાં આવશે. એક વખત ટ્રાયલનું કામ પુરું થઈ જશે તો તેને જુન-જુલાઈમાં પેસેન્જર્સ માટે શરૂ કરવામાં આવી શકે છે.

મેટ્રોની જેમજ આ ટ્રેનમાં ટીકીટ લઈને યાત્રા કરી શકાશે. ટીકીટ રીઝર્વ કરાવવાની કોઈ જરૂ નહી રહે. કેમકે આ ટ્રેન નાના અંતરને કાપશે. હાલ ટ્રેનનું ભાડું કંઈ નિશ્ચિત નથી કરાયું પરંતુ રેલવે અધિકારીઓએ સંકેત આપ્યા કે આ ટ્રેનનું ભાડું ઓછું જ હશે. વંદે ભારત મેટ્રો ઓછા સમયમાં વધુ સ્ટોપેજ કવર કરવામાં મદદ કરશે. જેમાં શહેરવાસીઓની જરૂરીયાતોને ધ્યાનમાં રાખતા નવી સુવિધાઓ અપાઈ છે. વંદે મેટ્રો ઓછા અંતરવાળા શહેર વચ્ચે ચલાવવાની યોજના છે. જેમાં લખનૌ-કાનપુર, આગરા , મથુરા, દિલ્હી-રેવાડી, બાલાસોર અને તિરૂપતી સહીતના શહેરો સામેલ છે.

## આપની આજ

**શુક્રવાર**

**તા. ૩-૫-૨૦૨૪**




**મેષઃ-** આજરોજ આપ વિજાતીય આર્કષણથી નહી બચી શકો. સાવધ રહી દરેક કામ કરશો તો મજા છે.
**વૃષભઃ-** આપને પિતૃક મિલ્કતોના કામકાજમાં ઈચ્છીત સફળતા મળવાના યોગ છે. નાણાકીય આયોજનમાં સફળતા મળે.
**મીથુનઃ-** સગાઈ-લગ્ન અંગેના કામકાજમાં આપને સફળતા મળવાની છે. લગ્નજીવમાં આવેલી સમસ્યાઓનો ઉકેલ આવે.
**કર્કઃ-** આપના મોટાભાઈ અથવા બહેન તેમજ મિત્રવર્તુળ તરફથી સાથ સહકાર મળવાનો છે.
**સિંહઃ-** આજરોજ આપને ભાગીદારીના કામકાજ તેમજ મોસાળ પક્ષના કામોમાં સફળતા મળવાની છે.
**કન્યાઃ-** આપના ધંધાના વિકાસ માટે તેમજ ઘરમાં સગવડ વધારવા માટે ફર્નિચર તેમજ ઈલેક્ટ્રોનીકસ સાધનોની ખરીદી કરવાના પ્રબળ યોગ છે.
**તુલાઃ-** આપના જીવનસાથીની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટેનો ઉત્તમ દિવસ છે. તેમજ આપનો સ્વભાવ પણ મોજશોખ કરવા માટે આગ્રહી બનશે.
**વૃશ્ચિકઃ-** આપના પરિવારના સભ્યો આપને વધુ પડતો ખર્ચ કરાવશે આપને ત્યાં મહેમાનોનુ આગમન થવાનું છે.
**ધન :** આપનો સ્વભાવ રોમાન્ટી બનશે આપને વિજાતીય વ્યક્તિઓ તરફ આર્કષણ વધાનું છે. ખર્ચનું પ્રમાણ મધ્યમ રહેવાનું છે.
**મકરઃ-** આપના સંતાનોની સલાહ પ્રમાણે ચાલશો તો આપને નુકશાન થવાનું છે.
**કુંભઃ-** પ્રેમ પ્રણય તેમજ તેના જેવા પ્રલોભનોથી દૂર રહેશો વિજાતીય આકર્ષણથી બચશો તો આપની ઈમેજને વાંધો આવવાનો નથી.
**મીનઃ-** આપના દામ્પત્ય જીવનમાં ગેરસમજનું પ્રમાણ વધે તેમ છે જીવનસાથીના આરોગ્યમાં તકલીફ થાય.

# કાવી પોલીસે બળાત્કારના ગુનાના આરોપીને વડોદરાના સોમા તળાવ પાસેથી ઝડપી પાડયો

**(પ્રતિનિધિ) ભરૂચ,** મધ્યપ્રદેશના ચાંદપુર પોલીસ સ્ટેશન તાલુકો જોબાત જીલ્લો અલીરાજપુર માં મધ્યપ્રદેશની મૂળ ભોગ બનનાર પીડિતાએ ફરિયાદ નોંધાવતા મધ્યપ્રદેશથી બળાત્કારનો ગુનો દાખલ થઈ ભરૂચ ના કાવી પોલીસ મથકમાં આવતા પોલીસ મથકના પીએસઆઈ વૈશાલી આહીરે બળાત્કારીને ત્રણ વર્ષની તપાસમાં આખરે ઝડપી પાડી મેડિકલ પરીક્ષણ કરાવી જેલ હવાલે કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ જીલ્લાના જબુંસર તાલુકાના એક ગામમાં મજૂરી કામ કરવા મધ્યપ્રદેશનો એક પરિવાર આવ્યો હતો.તેમની એક દીકરીને આરોપી સુરપાલ સુભાન સુમલા વસુનીયા (ભીલ) રહે.આંબીગામ, ભુતવડી ફળીયુ તા.જોબટ જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ)નાઓએ પટાવી



ફોસલાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.ત્યાર બાદ તેઓ પોત-પોતાના ગામે જતાં રહ્યાં હતાં.જોકે યુવતીએ આરોપી તેની સાથે કરેલા દુષ્કર્મની જાણ તેના પરિવારમાં કરતા તેઓ ચોંકી ઉઠ્યા હતા.ત્યાર બાદ પરિવારે મધ્યપ્રદેશના પોલીસ મથકથી કાવી ખાતે ઝીરો એફઆઈઆરથી તપાસ અર્થે આવી હતી.

કાવી પોલીસ મથકના પીએસઆઈ વૈશાલી આહીર અને તેમના સ્ટાફે નાસતા ફરતા આરોપીની માહિતી એકત્ર કરી હતી.આ સમય દરમ્યાન દુષ્કર્મના ગુનાનો આરોપીના વતનમાં આરોપી સુરપાલ તેના કાકાના દિકરા મુનેશની મોટર સાયકલ પર બેસી અલીરાજપુરથી વડોદરા ખાતે જઈ રહ્યો છે.માહિતી મળતાં જ આરોપીના યુ-ટ્યુબ આઈડી પરથી આરોપીનો મોબાઈલ નંબર મેળવી ટેકનીકલ સર્વેલન્સના આધારે આરોપીનું મોબાઈલ લોકેશન મેળવ્યું હતું.ત્યાર બાદ અલીરાજપુરથી આરોપીનો મોબાઈલ લોકેશન આધારે પીછો કરી ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપીને વડોદરાના સોમા તળાવ ચોકડી પાસેની ઝુપડપટ્ટી વિસ્તાર ખાતેથી આરોપીને ઝડપી પાડી પોલીસ સ્ટેશન ખાતે લાવી મેડિકલ પરીક્ષણ કરાવી વધુ તપાસ હાથધરી હતી.

## કેરળમાં છ વર્ષની દીકરી પર દુષ્કર્મ કરનાર પિતાને આજીવન જેલની સજા

(એજન્સી)તિરૂવનંતપુરમ, કેરળમાં ૨૦૨૩માં પોતાની જ છ વર્ષની દીકરી સાથે દુષ્કર્મ કરનાર હેવાન પિતાને કોર્ટે આજીવન કારાવાસની સજા ફટકારી છે. તિરૂવનંતપુરમ ફાસ્ટ ટ્રેક વિશે અદાલતમાં ન્યાયધીશ આર.રેખાએ પોકસો અધિનીયમ હેઠળ ૨૧ વર્ષની સજા ફટકારી છે. આ કેસની સુનાવણી ૨૯ માર્ચે શરૂ થઈ હતી. અને માત્ર એક જ મહીનામાં કેસનો ચુકાદો આવી ગયો હતો. સ્પેશીયલ પબ્લીક પ્રોસિકયુટર આર.એસ. વિજયય મોહને મંગળવારે સજાની પુષ્ટિ કરી હતી. તેમણે કહયું કે પિતાને પોકસો અને આઈપીસીની જુદીજુદી જોગવાઈઓ હેઠળ ૨૧ વર્ષની અલગ અલગ સજા કરવામાં આવી છે.

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ** સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.

**મધ્ય ગુજરાતઃ** વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે

**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.

**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે તરત જ રૂબરૂ અમદાવાદ ઓફિસે મળવાનું રહેશે.

**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**

૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

### નેત્રંગ નગરમાંથી પસાર થતી

# અમરાવતી નદી પર બનાવેલ ચેકડેમ ઉંડો કરવાની કામગીરીમાં ગોબાચારી?


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધિ)ભરૂચ,
નેત્રંગ નગર સહિત તાલુકાભરમા ચોમાસની સિઝન દરમ્યાન વરસાદી પાણી પથરીયાળ જમીનના કારણે જમીનમા ઉતરવાના બદલે દરીયામા વહી જાઈ છે. તેમજ જળ સંચયનો સરેઆમ ઠેરઠેર અભાવ હોવાના કારણે દર ઉનાળાની સિઝન દરમ્યાન પીવાના પાણીની ભારે તંગદીલી વર્તાઈ છે.જેને લઈને સરકારમા જળ સંચય માટે નદી નાળાઓ ચેક ડેમોમા એકત્ર થયેલ માટી,રેતી,પથરો બહાર કાઢી નદી નાળાઓ ચેકડેમો ઉંડા કરવાની વિવિધ યોજનાઓ હેઠળ કામગીરી ચાલી રહી છે.

જેના ભાગરૂપે નેત્રંગ નગર માંથી વહેતી અમરાવતી નદી ઉપર જુના નેત્રંગ વિસ્તારમા વારીગુહ પાસે ચેક ડેમ આવેલ છે.જયા તાજેતર મા કોઈક ઠેકેદારે પોતાના હિટાચી મશીનથી માટી કાઢવાની કામગીરી શરૂ કરી હતી.

આ બાબતે સરપંચ અને તલાટીને પુછવામા આવેલ કે આ કામગીરી કઈ યોજના હેઠળ થઈ રહી છે.તો તે બાબતે તલાટી કમ મંત્રી જણાવેલ કે મને ખબર નથી. સરપંચને પુછતા જણાવેલ કે જીલ્લા પંચાયતની વાલીઆ ગામમા એક ઓફીસ આવેલ છે.ત્યાંથી આ કામગીરીનુ ટેન્ડર જેતે ઠેકેદારનુ લાગેલ છે.અન્ય કોઈ માહીતી ઉપલી કચેરી પરથી ગ્રામપંચાયતને લેખીતમા કોઈપણ જાતની માહીતી આપવામા આવેલ નથી.

ચેકડેમ તેમજ નદીનો પટ ઉડો કરી તેમાંથી નિકળતી માટી,રેતી,કાપ વિગેરે અન્ય જગ્યા ઉપર ઠાલવવાના બદલે નદીના કિનાર ઉપરજ બંન્ને સાઈડ ઢગલા મારી દીધા છે.જીન કંમ્પાઉન્ડ અડતા નદીના પટમા જામેલા માટીના ઢગલા તોડી નદીના પટમાં જ માટી પાથરી દીધી છે.બીજી તરફ નદીના પટમા માટી હોવા છતા પણ તેને દુર કરવાને બદલે તેની ઉપર જ માટીના ઢગલા મારી દીધા છે.ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, તેમજ ઠેકેદારો થકી વિકાસના કામોમા દે થોક કામગીરી કરી મલાઈ ઉલેચવામા જ રહ્યા, ત્યારે આ બાબતે વિજીલેનસ વિભાગમા લેખીતમા રાવ નાંખી યોગ્ય તપાસની માંગ કરવામા આવી છે.

# ઉમલ્લા પોલીસ મથકનો કોન્સ્ટેબલ લાંચ લેતા ઝડપાયો



(પ્રતિનિધિ) ભરૂચ,
ઝઘડિયા પંથકમાં ખૂબ મોટા પાયે ખનીજ વહન થાય છે.રેતી કપચી સિલિકા વગેરેનું વહન ઓવરલોડ થતું હોવાના કારણે ખાણ ખનીજ તમજ ઉમલ્લા, રાજપારડી,ઝઘડિયા પોલીસને ઘી કેળા થઈ ગયા છે, જીલ્લામાં જો કોઈ મોટો ભ્રષ્ટાચાર થતો હોય તો તે ઝઘડિયા તાલુકા માંથી ઉત્પન્ન થતા ખનીજ તથા તેના વહન પ્રક્રિયામાં થઈ રહ્યો છે.જવાબદાર જિલ્લાના વહીવટી તંત્રના અધિકારીઓ અને લીઝ સંચાલકો ટ્રક માલિકોના મેળાપીપણામાં ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો છે, આવો જ એક ભ્રષ્ટાચાર આચરનાર ઉમલ્લાના પોલીસ મથકના અનઆર્મ પોલીસ કોન્સ્ટેબલને જાગૃત નાગરિક દ્વારા એસીબીનો સંપર્ક કરી ઝડપી પાડવામાં આવ્યો છે.

જાણવા મળતી માહિતી પ્રમાણે એક જાગૃત નાગરિક કાર્ટિંગ નો ધંધો કરતો હતો, જેમાં તેની ત્રણ જેટલી ટ્રકો ખનીજ વહન માટે ચાલતી હતી.આ બાબતે ઉમલ્લા પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્ર જેસિંગભાઈ વસાવા નાએ? કાર્ટિગનો વ્યવસાય કરનાર પાસે ગત તા.૩૦.૪.૨૪ ના રોજ તેની ટ્રક રોકી ડ્રાઈવર પાસે તેના માલિકને ફોન કરી ને જણાવ્યું હતું કે તમારી ત્રણ ગાડીઓ ફરે છે જેથી એક ગાડીના રૂપિયા ૫ હજાર લેખે કુલ રૂપિયા ૧૫ હજાર મહિનાના થાય છે જે તમારે આપવા પડશે,જો તમે આ પૈસા નહીં આપો તો તમારી ગાડી ફરવા નહીં દઉં તેવી ધમકી ઉચ્ચારી હતી.જેથી કાર્ટિંગનો વ્યવસાય કરનારે ડ્રાઈવરને જણાવેલ કે તું તેને ૫ હજાર રૂપિયા આપી દે, કોન્સ્ટેબલ રાજેન્દ્ર એ ડ્રાઈવર પાસેથી ઉમલ્લા નજીકની શ્રી રંગ હોટલ ઉપર ગુગલ પે કરાવી ૫ હજાર રૂપિયા લઈ લીધા હતા અને તેની બીજી ગાડીના રૂપિયા પણ જલ્દી આપવા જણાવી કાર્ટિંગનો વ્યવસાય કરનાર ફરિયાદી પાસે રૂપિયા ૫ હજાર ની લાંચની માંગણી કરેલ હતી કોન્સ્ટેબલ દ્વારા અઘટિત વધુ માંગણી કરતા ફરિયાદીએ તે રકમ તેને આપવી ન હતી જેથી તેમણે એસીબી નો સંપર્ક કરી તેમની ફરિયાદ આપેલ હતી.એસીબીના ટ્રેપિંગ અધિકારી પોલીસ ઈન્સ્પેક્ટર એસીબી પોલીસ સ્ટેશન ભરૂચના એમ.જે સિંદે તથા તેમના સ્ટાફે ઉમલ્લા નજીકની સંગીતા ટી સ્ટોલ ઉપર તેને છટકું ગોઠવી બોલાવ્યો હતો. ફરિયાદી દ્વારા રાજેન્દ્ર પોલીસ કોન્સ્ટેબલને લાંચની ૫ હજાર લાંચ ની રકમ આપતા એસીબીના સ્ટાફે અને ઝડપી લીધો હતો.એસીબી ટ્રેપમાં ઉમલ્લા પોલીસ મથકનો અનઆર્મ પોલીસ કોન્સ્ટેબલ ઝડપાતા જીલ્લાના કેટલાક પોલીસ મથકોના ભ્રષ્ટાચારી સરકારી બાબુઓમાં સોપો પડી ગયો હતો.


આજેદમણઅનેદીવનીટીમમહારાષ્ટ્રમાં૫મીવેસ્ટઝોનપેનકેકસિલાટ ચેમ્પિયનશિપમાંભાગલેવાજઈરહીછે.આપ્રસંગેજિલ્લાપંચાયતપ્રમુખ જાગૃતિબેન પટેલ દ્વારા ટીમનું વિમોચન કરવામાં આવ્યું હતું. એસોસિએશનના પ્રમુખ અ સ્પી દમણિયાએ આ ચેમ્પિયનશિપ માટે સમગ્રટીમનેશુભકામનાઓપાઠવીહતીછેલ્લાએકમહિનાથીદરરોજ સખતતાલીમઆપવામાંઆવેછે.અમનેઆશાછેકેખેલાડીઓઅમારા કેન્દ્રશાસિત પ્રદેશ માટે મેડલ જીતશે.
(તસ્વીરઃ- અશોક જોષી, વલસાડ)

## દક્ષિણ ગુજરાત




સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

# મતદાન કરવા સુરતની કાપડ માર્કેટમાં ૨૦ ટકાથી વધુ કારીગરો વતનની વાટે

સુરત,
લોકસભાની ચૂંટણીના મતદાનનો ત્રીજો તબક્કો આગામી ૭મીએ યોજાશે. સુરત કાપડ માર્કેટમાં દેશભરમાંથી કામ અર્થે આવતા કારીગર મતદાન કરવા માટે વતન જઈ રહ્યા છે. જેના કારણે માર્કેટમાં ઉત્પાદનને અસર વર્તાઈ છે તો સામે છેડે ભારે ગરમી અને ચૂંટણીને કારણે બહારગામના વેપારીઓની હાજરી પાંખી બનતા વેપારીઓ પાસે આવતા ઓર્ડરની સંખ્યામાં પણ ઘટાડો આવ્યો છે.

કાપડ માર્કેટનું સંગઠન ફોસ્ટા (ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન)ના પ્રમુખ કૈલાશ હાકીમ કહે છે કે, કાપડ માર્કેટ જાણે મંદીની જાળમાં વીંટળાયું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

કાપડ માર્કેટમાં વિવિધ વિભાગમાં દેશભરમાંથી કારીગરો કામ અર્થે આવે છે. સાડી-ડ્રેસ સહિતના પોટલા ઉંચકવાના મજૂરોથી લઈને કટીંગ, પેકેજિંગ સહિતના કામમાં કરતાં કારીગરો ઉત્તર તમજ ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોમાંથી આવે છે. આ કારીગર વર્ગ હાલમાં લોકસભાની ચૂંટણીને કારણે ગામ જઈ રહ્યા છે. બે તબક્કામાં અત્યાર સુધી ૧૫થી ૨૦ ટકા કારીગરોએ વતનની વાટ પકડી લીધી છે. જેઓને પરત ફરતા સમય લાગશે. જેના કારણે સુરતનું કાપડ માર્કેટ રાબેતા મુજબ ધમધમતા જુલાઈ આવી જાય તેવું પ્રતિત થઈ રહ્યું છે.

# ચૂંટણી વિભાગ, દાનહની સ્વીપ ટીમ દ્વારા મતદાર જાગૃતિના સંદર્ભે સિલવાસા નગરપાલિકામાં હોટલ એસો. સાથે બેઠક



(પ્રતિનિધિ)સિલવાસા,
ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧૬ માર્ચે આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખોની જાહેરાત સાથે ચૂંટણીની ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. આ અંતર્ગત રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે.તે જ ક્રમમાં, આજે ૦૧ મે ૨૦૨૪ ના રોજ, હોટેલ એસોસિએશન સાથે જવાબદાર અધિકારી અને મુખ્ય અધિકારી (સિલવાસા નગરપાલિકા), શ્રી સંગ્રામ શિંદેની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જવાબદાર અધિકારી/મુખ્ય અધિકારી શ્રી સંગ્રામ સતીશ શિંદેએ તમામ સભ્યોને શક્ય તેટલું વધુ મતદાન કરવા લોકોને જાગૃત કરવા વિશે જણાવ્યું. તેમણે ૭ મે, ૨૦૨૪ ના રોજ મતદાન કરનાર મતદારોને રેસ્ટોરાંમાં છૂટ આપવા માટે દરેકને વિનંતી કરી. જવાબદાર અધિકારી/ મુખ્ય અધિકારીએ મતદાર જાગૃતિ માટે હોટલો બહાર હૉર્ડિંગ્સ અને સ્વીપ માસ્કોટ પ્રદર્શિત કરવા અને તમામ હોટલોમાં દાદરા અને નગર હવેલી સ્વીપ ટીમ દ્વારા તૈયાર કરાયેલ સ્વીપ રાષ્ટ્રગીત પણ વગાડવા જણાવ્યું હતું જેથી મોટાભાગના મતદારોને આકર્ષી શકાય. મત પ્રેરિત કરી શકાય છે. તેમણે કહ્યું કે હાલમાં હોટલોમાં મોટાભાગે પ્રવાસીઓ અને યુવાનોની અવરજવર રહે છે, જેના કારણે તમે બધાએ ૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન કરવાની વિનંતી સાથે પ્રિન્ટેડ બિલ પર સ્ટેમ્પ લગાવવો જોઈએ જેથી દરેકને મતદાન વિશે માહિતી મળી શકે.નોંધનીય છે કે ૭ મે, ૨૦૨૪ના રોજ મતદાનની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે, જેમાં વિવિધ વિભાગો દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અવેરનેસ સ્વીપ ટીમ દ્વારા શેરી નાટક અને અન્ય માધ્યમો દ્વારા વિવિધ ઔદ્યોગિક વિસ્તારો સહિતની શાળાઓમાં નિયમિતપણે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે.

# નેત્રંગ નગરમાં એક મતદાન મથક પાસે જ રાજય ધોરીમાર્ગ ઉપર જીવલેણ વિકાસનો ખાડો

### નેત્રંગ - અંકલેશ્વરને જોડતો આ રોડથી આમજનતા હેરાન પરેશાન


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધિ) ભરૂચ,
આગામી ૭મી એપ્રિલના રોજ લોકસભાની ભરૂચ બેઠક માટે મતદાન માટેની વહીવટી તંત્ર થકી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.તેવા સંજોગોમા નેત્રંગ નગર મા એક મતદાન મથક આગળ જ રાજ્ય ધોરીમાર્ગ ઉપર વિકાસનો ઉંડો જીવલેણ ખાડો મતદાતાઓ માટે જીવલેણ સાબીત થાય તે પહેલા નફ્ફટ તંત્ર દ્વારા પુરવામા આવશે કે કેમ? તે તો લોકસભાના ઉમેદવારોનેજ ખબર?

લોકસભાની ચુંટણીના માંદ સાત દિવસનો સમય ગાળો બાકી રહ્યો છે.તેવા સંજોગોમા ચુંટણી પંચ થકી તમામ પ્રકાર ની તડામાર તૈયારીઓ કરી આખરી ઓપ આપવાની કામગીરી ચાલી રહી છે.લોકો મોટી સંખ્યા મા મતદાન કરે તે માટે અથગ પ્રયત્નો કરવામા આવી રહ્યા છે.મતદાતાઓને કોઈ પણ જાતની તકલીફ ના પડે તેની પણ તકેદારી રાખવામા આવી રહી છે.

ત્યારે નેત્રંગ વાલીઆ રોડ ઉપર ભક્ત હાઈસ્કુલ ખાતે બે જેટલા મતદાન મથકો આવેલ છે.નેત્રંગ - અંકલેશ્વરને જોડતો રાજય ધોરીમાર્ગને અડીને આ મતદાન મથકો આવેલ છે.ત્યારે તેના પ્રવેશદ્વારની સામે જ જીવલેણ ઉડો ખાડો વિકાસની ચાડી ખાતો દેખાઈ રહ્યો છે.

અંકલેશ્વર- નેત્રંગ રોડની નફ્ફટ તંત્રને લઈને છેલ્લા સાત સાત વર્ષથી એટલી બધી બદતર હાલત થઈ ગઈ છે કે આમજનતા તોબા પોકારી ઉઠી છે.

જીલ્લા કલેકટર નેત્રાંગની મુલાકાત લે છે.તો રોડની હાલતને લઈ ને આઠ થી દસ કિ.મી નો ફેરાવો ફરી (ડહેલી,કબીર ગામ,ચાસવડ) આવતા હોવાના કારણે પ્રજાને પડી રહેલી તકલીફોથી ખરેખર અજાણ છે.

નેતાઓ હાલતો રોડ પાસ થઈ ગયો હોવાનો પ્રચાર કરી રહ્યા છે.ક્યારે બનશે તેનુ કોઈ ઠેકાણુ નથી.ત્યારે જીલ્લા કલેકટર,માર્ગ-મકાન વિભાગના ઉચ્ચ જવાબદાર અધિકારીઓ હાલ મે,જુન એમ બે માસ માટે પણ મરામતની સારી કામગીરી કરાવે તેવુ પ્રજામા ચાલી રહ્યુ છે.

# ભરૂચ જિલ્લામાં તસ્કરો બેફામ ૨૮ કિ.મી.નો વીજવાયર ચોરી ગયા

અંકલેશ્વર,
ભરૂચ જિલ્લાના સજોદથી જૂના સક્કરપોર અને નવા હરીપરા-હજાત રોડ ૨૮૨૧૫ મીટર લાંબો કેબલ ચોરી કરી લઈ ગયા હતા. રોડ બાજુમાં વીજ થાંભલા પર લાગેલા ૧૧.૫૭ લાખ કિંમતના એલ્યુમિનિયમ વીજ વાયર ચોરી કરી લઈ ગયા હતા. તસ્કરો ૬૧ દિવસના સમયમાં ૧૯ જાન્યુઆરીથી ૨૦ માર્ચ દરમિયાન ચોરીને અંજામ આપયો હતો.

અંકલેશ્વર દક્ષિણ ગુજરાત વીજ નિગમના વીજ ટ્રાન્સફોર્મરમાંથી કોપર ચોરીની ઘટનાઓ જ્યાં હજુ અટકતી નથી ત્યાં હવે સજોદથી જૂના સક્કરપોર જવાના રોડ ઉપર સીમમાં તેમજ સજોદથી નવા હરિપુરા-હજાત રોડ પર અંદાજિત ૯ કિલોમીટર રોડ પરથી વીજ થાંભલા પર લાગેલા કેબલ ચોરી થઈ જવા પામી છે. વીજ નિગમ દ્વારા એગ્રીકલ્ચર લાઈન ત્રણે રોડ પર ૯ કિ.મી.માં ૨૭ કિલોમીટર લાંબા ૩ કેબલ ૨૮૨૧૫ મીટરના લગાવ્યા હતા જે કેબલ રાત્રીના તસ્કરો કાપીને લઈ ગયા હતા. તસ્કરો ૧૯ જાન્યુઆરીથી ૨૦ માર્ચ દરમિયાન ૬૧ દિવસના સમયગાળા દરમિયાન ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે વીજ નિગમને જાણ થતાં તેઓ દ્વારા સ્થળ પર દોડી આવ્યા હતા અને બન્ને માર્ગ પર સ્થળ તપાસ કરી આ અંગે અંકલેશ્વર તાલુકા પોલીસને જાણ કરી હતી.

તાલુકા પોલીસ દ્વારા દક્ષિણ ગુજરાત વીજ નિગમના અંકલેશ્વર રૂરલ ડિવિઝનના નાયબ ઈજનેર શંભુ એશ બર્નવાલની ફરિયાદ આધારે ૧૧,૫૭,૨૪૯ કિંમતના કેબલની ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, એગ્રીકલ્ચર લાઈન હોય ત્યાં દિવસ દરમિયાન વીજ સપ્લાય આ લાઈન પર ચાલુ રહેતો હતો ત્યારે રાત્રીના વીજ પુરવઠો બંધ રહેતો હોવાથી તસ્કરોએ રાત્રીના ચોરીને અંજામ આપયો હોવાની શક્યતાને નકારી શકાય નહીં.

# ડાંગ જિલ્લામાં મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહેંદી ઇવેન્ટનું આયોજન કરાયું



(ડાંગ માહિતી): આહવાઃ
લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલના માર્ગદર્શન હેઠળ, સ્વિપ પ્રવૃતિ અંતર્ગત વિવિધ મતદાર જાગૃતિની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે.

જેના ભાગરૂપે તારીખ ૧ મે ૨૦૨૪ ના રોજ ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબિર તાલુકાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં મહેંદી ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ મહેંદી ઇવેન્ટમાં જિલ્લાની ૮૬૭ કિશોરીઓ તેમજ ૫૧૦ ગૃહિણીઓ/ લાભાર્થીઓ મળી કુલ ૧૩૮૬ લોકોએ ભાગ લીધો હતો.

મહેંદી ઇવેન્ટમાં ડાંગ જિલ્લાની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ "VOTE FOR SURE" સુત્રને સાર્થક કરવાની અપીલ કરવાની સાથે, તમામ બહેનોએ મતદાન જાગૃત્તિ માટેના વિવિધ સંદેશા દર્શાવતી મહેંદી પોતાના હાથોમાં રચી, જિલ્લાના તમામ નાગરિકો અને તેમાય ખાસ મહિલા મતદારોને આગામી ૭ મે : દેશ કા ત્યોહાર ના દિવસે અચૂક મતદાન કરવા અંગેનો સંદેશો પાઠવ્યો હતો.

# ઓવૈસીની પાર્ટીનો ભરૂચનો પૂર્વ પ્રમુખ નશાની દુનિયાનો માસ્ટર માઈન્ડ નીકળ્યો

ભરૂચ,
ભરૂચમાંથી ઝડપાયેલા ૧૩ લાખના એમડી ડ્રગ્સમાં એસઓજીની તપાસમાં ઓવેશીની એઆઈએમઆઈએમ પાર્ટીનો પૂર્વ શહેર પ્રમુખ સાહિલ મલેક માસ્ટર માઈન્ડ હોવાનું ખૂલતા ખળભળાટ મચી ગયો છે.

ભરૂચના ગરીબ નવાઝ એપાર્ટમેન્ટમાંથી ૧૩૦ ગ્રામ ૧૩ લાખના એમડી ડ્રગ્સ પ્રકરણમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની તપાસમાં ઓવૈસીની પાર્ટીના પૂર્વ શહેર પ્રમુખ સાહિલ મલેકની સંડોવણી બહાર આવી છે.

પોલીસે એફેડ્રીન ડ્રગ્સ સાથે અમીન ઉર્ફે જાવેદ હનીફ ઈબ્રાહીમને ઝડપી પાડયો હતો જેની પૂછપરછ માં ભરૂચમાં નશીલા પ્રદાર્થના વેપલાના તાર મુંબઈ સાથે જોડાયેલા હોવાનું ખુલ્યું હતું. આરોપીએ મુંબઈના તોસિફ યુસુફ પટેલ પાસેથી આ ડ્રગ્સ ખરીધ્યુ હોવાનું ખૂલતા એસઓજીએ તેને મુંબઈથી ઉઠાવી લીધો હતો.

બીજી તરફ અમીને મુંબઈના તોસીફ ઉપરાંત ભરૂચના સિપાઈવાડમાં રહેતા મોહમ્મદ સાહિલ સિકંદર મલેક પાસેથી પણ ડ્રગ્સ ખરીધ્યુ હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. ઓવૈસીની પાર્ટીનો સાહિલ પૂર્વ શહેર પ્રમુખ હતો જે હાલ વોન્ટેડ છે. સાહિલને હાલ ઝડપી પાડવા એસઓજી શોધખોળ ચલાવી રહી છે જે પોલીસ પકડમાં આવ્યા બાદજ તે કેટલા સમયથી આ ડ્રગ્સનો કારોબાર કરતો હતો અને આ રેકેટમાં બીજા કેટલા આરોપીઓ સંડોવાયેલા છે.

# સુરતમાં ૯ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો, મોબાઈલ ખરીદવા બાળકે ચોરી કરી હતી

### લાલબત્તી સમાન કિસ્સો : મોબાઈલમાં ગેમ રમવા અને સીઆઈડી જોવાના શોખીન બાળકનું ગંભીર કૃત્ય

સુરત,
મોબાઈલનું વળગણ બાળકોને કઈ હદ સુધી લઈ જઈ શકે તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. ગેમ રમવા અને તેમાં સીઆઈડી જેવી સીરિયલ જોવા માટે એક બાળકે સુરતના ડુમસ રોડ પર વાય જંકશન પાસે આવેલા વાસ્તુ લકઝુરિયા જેવા અલ્ટ્રા હાઈટેક બિલ્ડીંગમાં બંધ ફલેટને નિશાન બનાવ્યો હતો. ફલેટમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા મળી કુલ રૂા.૮.૯૪ લાખની ચોરી કરી હતી.

ડીસીપી વિજયસિંહ ગુર્જરે કહ્યું હતું કે ડુમસરોડ ઉપર વાય જંકશન પાસે વાસ્તુ લકઝુરિયામાં રહેતા પ્રિયંકા ધર્મેશભાઈ કોઠારી ગતરોજ પોતાના પરિવાર સાથે રવિવારે બપોરે ૧ વાગ્યાથી સાંજે આઠ વાગ્યાના સમયગાળા દરમિયાન બહાર ગયા હતા. આ દરમિયાન તસ્કરે તેમના ફલેટને નિશાન બનાવ્યો હતો. દાગીના તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૮.૯૪ લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

ડીસીપીએ વધુમાં કહ્યું હતું કે, અમે ફલેટના જે બાથરૂમમાંથી ચોર અંદર પ્રવેશ્યો હતો તે વધારે ઉપયોગ થતો નહતો. એટલે ત્યાં ધૂળ માં ફૂટ પ્રિન્ટ હતી તે મેળવી હતી. એફએસએલની મદદથી તેના આધારે ત્રીજા માળે રહેતા પરિવારને ત્યાં કામ કરતા વ્યક્તિના ગામથી એક સગીર બાળક આવ્યો હતો. તેના ફૂટપ્રિન્ટ તેની સાથે મળતા હતા. અમે તેની પૂછપરછ કરતાં તેણે ત્રીજીવારમાં કબૂલી લીધું હતું કે તેણે ચોરી કરી હતી તે પાછળના ભાગેથી પાઈપ ની મદદથી નીચે પહેલાં માળે પહોંચ્યો હતો. બાથરૂમમાંથી તે અંદર ફલેટમાં પ્રવેશ્યોલ હતો અને ચોરી કરીને નીકળ્યો હતો. તેણે ચોરીનો સામાન પણ તેના ત્રીજા માળના ફલેટના બાથરૂમમાં જ છૂપાવી રાખ્યો હતો.

બાળકે કબૂલાત પણ કરી હતી કે તેણે એક મોબાઈલ ખરીદવો હતો. મોબાઈલમાં ગેમ રમવાનું અને તેમાં સીઆઈડી સીરિયલ જોવાનું તેને વળગણ હતું. આ વળગણ તેને ચોરી કરવા સુધી લઈ ગયું હતું.

# બારડોલી, નવસારીમાં ૪૧૭ વૃદ્ધોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

સુરત,
નવસારી અને બારડોલી સંસદીય બેઠકોમાં ચૂંટણીપંચની ગાઈડલાઈન અનુસાર ૮૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધજનો ઘર બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તેવી સુવધા ઊભી કરાઈ છે ત્યારે ૮૫ વર્ષથી વધુ ઉંમરના બારડોલીની પાંચ વિધાનસભાના ૨૪૮ અને નવસારીના ચાર વિધાનસભા વિસ્તારોના ૧૬૯ મળી કુલ ૪૧૭ વૃદ્ધજનોએ મંગળવારે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે.

બારડોલી અને નવસારી લોકસભા બેઠકમાં કુલ મળીને ૪૯૨ જેટલા ૮૫ વર્ષથી વધુ વયના, દિવ્યાંગ અને આવશ્યક સેવા સાથે જોડાયેલા કર્મીઓ નોંધાયા છે. જે પૈકી ૪૫૧ મતદારોએ પોસ્ટલ બેલેટ મારફતે મતાધિકારનો ઉપયોગ કર્યો છે જેમાં ૮૫ વર્ષથી વધુ ઉંમરના ૪૧૭ વૃદ્ધજનોનો સમાવેશ થાય છે.

બારડોલી સંસદીય મતવિસ્તારમાં ૮૫થી વધુના ૨૬૨, દિવ્યાંગ ૨૫ અને આવશ્યક સેવાઓના ૮ મળી કુલ ૨૯૫ મતદારો નોંધાયા છે જે પૈકી ૮૫થી વધુના ૨૪૮, દિવ્યાંગ ૨૩ મળી કુલ ૨૭૧ મતદાતાઓએ મતદાન કર્યું છે જ્યારે નવસારી સંસદીય મત વિસ્તારમાં ૮૫થી વધુના ૧૮૪, દિવ્યાંગ ૧૩ મળી કુલ ૧૯૭ મતદારો નોંધાયા છે જેપૈકી ૮૫થી વધુના ૧૬૯ અને દિવ્યાંગ ૧૧ મળી કુલ ૧૮૦ મતદાતાઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે.

નોંધનીય છે કે, ઉપરોકત મતદારોએ ફોર્મ ૧૨ ભરીને ચૂંટણી પંચની બેલેટથી મતદાન સુવિધાનો લાભ મેળવ્યો હતો. જેમાં જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ દ્વારા આવા મતદારોના ઘરે જઈને મતદાન કરાવવામાં આવ્યું.

# આપના ૨ નેતા ભાજપમાં આવતા કાનાણી નારાજ

સુરત,
રૂપાણી સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી રહી ચૂકેલા વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ આમ આદમી પાર્ટીના નેતાઓ ભાજપમાં જોડાતા આડકતરી નારાજગી વ્યક્ત કરી છે. જે દિવસે અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા ભાજપમાં જોડાયા તે સમયે કાનાણી તે કાર્યક્રમમાં ગેરહાજર રહ્યા હતા. કથિરિયા કાનાણીની સામે જ વિધાનસભાની ચૂંટણીમાં આપના ઉમેદવાર હતા અને હાર્યા હતા. કાનાણીએ કહ્યું કે, તેમના આવવા સામે મને વિરોધ નથી પરંતુ મારા સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. લોકો મને અહીં ચાહે છે અને જે લોકોએ મારી પાર્ટીને ગાળો દીધી હોય તેમને લોકો સ્વીકારી શકશે નહીં.


શ્રીકૌશિકહરીયાએજયુકેશનફાઉન્ડેશનસંચાલિતકૌશિકહરીયા ટેક્નીક્લસેંટર(આઇ.ટી.આઇ)ખાતેસ્વ.કૌશિકભાઇકાન્તીભાઇ હરીયા ની તા:૧/૦૫/૨૦૨૪ના રોજ ૩૫ મી પુણ્ય તિથિ નિમિતે શ્રધ્ધાજલિનોકાર્યક્રમમાંઉપસ્થિતચેરમેનશ્રીએ.કે.શાહસાહેબતથા ડાયરેકટરશ્રી સી.કે.પટેલ તથા કૌશિક હરીયા ટેકનિકલ સેંટરના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ વી.એમ.હિંગુ તથા સ્ટાફ અને તાલીમાર્થીઓ એ ભાવપૂર્ણ શ્રધ્ધાજલિ અર્પણ કરેલ છે.
(તસ્વીરઃ- અશોક જોષી, વલસાડ)

# સરીગામની લક્ષ્મી વિદ્યાપીઠમાં"STARS OF HONOUR" નો ભવ્ય કાર્યક્રમ યોજાયો


(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ) સરીગામ,
વલસાડ જિલ્લાના સરીગામ ખાતે આવેલ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી વિદ્યાપીઠમાં તારીખ ૧મે ૨૦૨૪ના રોજ "STARS OF HONOUR" ? કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લક્ષ્મી વિદ્યાપીઠમાં આવેલ લક્ષ્મી ઈન્ટરનેશનલ સ્કૂલ,પ્રિ-પ્રાઈમરી સ્કૂલ, લક્ષ્મી ગ્લોબલ સ્કૂલ, લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં કાર્ય કરનાર આચાર્ય શિક્ષકો, કલાર્ક, માળીઓ, સિક્યુરિટી ગાર્ડ તેમજ સંકુલને લગતા અન્ય તમામ કર્મચારીગણ કે જેઓએ લક્ષ્મી વિદ્યાપીઠ સંકુલમાં ૧૦ વર્ષ કે તેનાથી વધુ વર્ષથી કાર્યરત રહ્યા છે. તેમને પુષ્પગુચ્છ અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી વિજેતા ગફુરભાઈ બિલાખિયા અને ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા એ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા તરફથી પદ્મશ્રી ગફુરભાઈ બિલાખિયાનું EXCELLENCE AWARD આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા એ જણાવ્યું હતું કે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી વિદ્યાપીઠ સરીગામ ૧૮ વર્ષ પૂર્ણ કરીને ૧૯ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે જેની ઉજવણીના ભાગરૂપે આ સંસ્થામાં છેલ્લા દસ વર્ષથી વધુ વધારે સમયથી કામ કરતા શિક્ષકો, ડ્રાઈવરો, સિક્યુરિટી સ્ટાફ, શાળા કોલેજના કર્મચારીઓ પરિવારની જેમ જોડાયેલા રહ્યા છે. જેઓનું સન્માન કરવામાં આવ્યું છે. આ સંસ્થા સાથે જોડાયેલ હોય એવા અંદાજિત ૪૦૦ જેટલા કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા છે.અહીં ફરજ બજાવતા દરેક કર્મચારીઓને સંસ્થાના પરિવારના સભ્યો ગણવામાં આવે છે. જેના થકી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લગભગ ૪૦૦ થી વધુ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું સરીગામ ખાતેની આ લક્ષ્મી વિદ્યાપીઠમાં શાળા અને કોલેજના મળીને ૩૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.એ ઉપરાંત અમરેલી થી સરીગામ સુધીમાં સંસ્થા હેઠળ અન્ય કોલેજો શાળાઓ આવેલી છે. જેમાં ૫૦,૦૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. સંસ્થા દ્વારા પોતાની મેડિકલ હોસ્પિટલ, મેડિકલ કોલેજ ચલાવવામાં આવે છે. અનાથ બાળકો માટે વાત્સલ્ય ધામ નામની સંસ્થા ચલાવવામાં આવે છે જેમાં ૮૩૫ જેટલા અનાથ બાળકોને ભણાવવામાં આવે છે.વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે વિશે કાળજી રાખવામાં આવે છે. સંસ્થામાંથી ભણીને બાળકો દેશનું ભવિષ્ય બને દેશના વિકાસમાં સહભાગી થાય તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમમાં ટ્રસ્ટી કુ.કિંજલબેન ગજેરા તથા લક્ષ્મી વિદ્યાપીઠના ડિરેકટર, આચાર્યશ્રીઓ તરફથી સન્માન મેળવનાર તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમજ અન્યોને પણ આજ રીતે ઉમંગ અને ઉત્સાહથી વધુ સમય સંસ્થામાં જોડાઈને કાર્ય કરવા માટે પ્રેર્યા હતા.તમામ કર્મચારીઓમાં ખુશી ની લાગણી જોવા મળી હતી.

વેસ્ટર્ન ટાઇમ્સ ના વાચકો જોગ
અનોખી ભેટ યોજના
શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફ્ત મેળવવા માંગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઇમ્સ ઘેર બેઠઆ ટપાલથી મફ્ત મેળવો.
આજનો લકી નંબર ૧૬૦ ૨૮૦
નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

# ઉત્તર ગુજરાત




મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સમાચાર

## ડીસામાં એગ્રોના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીનું એટેકથી મોત

**ડીસા,**
કોરોનાની રસીને લઈ ચાલી રહેલા વિવાદ વચ્ચે બનાસકાંઠાના ડીસામાં યુવા ખેડૂત અને એગ્રોના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિનું યુવાન વયે હાર્ટએટેકના હુમલામાં મોત થતાં વેપારી વર્ગ સહિત કુંપટ ગામ અને દરબાર સમાજમાં શોકની લાગણી છવાઈ છે.

વર્ષોથી ડીસા નવા બસ સ્ટેન્ડ પાસે એગ્રોની દુકાન ધરાવતા શિવુભા ભટેસરીયા દુકાન પર બેઠા હતા તે દરમિયાન અચાનક ગભરામણ જેવું લાગતા તેઓ તાત્કાલિક ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે પહોચ્યા હતા પરંતુ ત્યાં સારવાર દરમિયાન અચાનક હાર્ટ એટેકનો હુમલો થતા પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

અચાનક યુવા વેપારીના નિધનથી એગ્રોના વેપારીઓ સહિત કુંપટ ગામમાં શોકનો માહોલ છવાયો હતો. પાંચ દીકરીઓના પિતાનું અચાનક હાર્ટ એટેકથી મોત થતાં પરિવાર પર આભ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ છે.

કોરોના મહામારીથી બચાવવા માટે ભારતમાં લોકોને કોવિશિલ્ડ આપવામાં આવી હતી જેને લઈ રસી બનાવતી કંપની એસ્ટ્રાજેનેકાએ ઈંગ્લેન્ડની કોર્ટમાં સ્વીકાર્યું છે કે તેની રસીથી લોહીના ગઠ્ઠા જામી જવા, હાર્ટ એટેક અને બ્રેન સ્ટ્રોક આવવો તથા પ્લેટલેટમાં ઘટાડો થવા જેવી સમસ્યા થઈ શકે છે ત્યારે કોરોનાની રસીના વિવાદ વચ્ચે ડીસામાં વધુ એક યુવાનનું હાર્ટ એટેકથી મોત થતાં લોકોમાં ફરી ભયનો માહોલ છવાયો છે.

## નારી શક્તિ માટે બીજા તબક્કાનો સર્વાઈકલ વેક્સિનનો ડોઝ અપાયો

**પાટણ,**
પાટણ લેઉવા પાટીદાર સમાજે નારી શક્તિને સશક્ત કરવાનો અનેરો પ્રયાસ કર્યો છે. સમાજની અપરિણિત દિકરીઓને ભવિષ્યમાં ગર્ભાશયના કેન્સરથી બચાવવા સર્વાઈકલ કેન્સર પ્રતિરોધક વેકસીન આપીને સુરક્ષિત કરવા સમાજ દ્વારા શક્તિ વંદનાનું અભિયાન હાથ ધરાયું છે.

જે અંતર્ગત સમાજની સમાજના દાતાઓના સહયોગથી ૨૫ લાખથી વધુના ખર્ચે સમાજની ૯ થી ૧૪ વર્ષની દિકરીઓને વેકસીનના બે તથા ૧૫ થી ૨૯ વર્ષની દિકરીઓને ત્રણ ડોઝ આપવા તબક્કાવાર વેકસીનેશન કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત શનિવારે પાટણ સ્થિત પાટીદાર છાત્રાલય ખાતે બીજા તબક્કાનાં ડોઝ માટેનો કેમ્પ યોજયો હતો. આ બીજા તબક્કામાંના કેમ્પમાં સમાજની ૧૫ થી ૨૮ વર્ષની કુલ ૪૦૦ દીકરીઓને બીજા ડોઝની વેક્સિન અપાઈ હતી. રવિવારે અમદાવાદ ખાતે પણ અમદાવાદ-કલોલ-ગાંધીનગર વિસ્તારની કુલ ૪૦ દીકરીઓ માટે બીજા તબક્કાની વેકસીન માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. તો ગત રવિવારે અંકલેશ્વર ખાતે પણ કેમ્પ યોજી સુરત-અંકલેશ્વર-ભરૂચ રહેતી દિકરીઓને બીજા તબક્કાની વેકસીન આપીને સુરક્ષિત કરવામાં આવી હતી. તો કેમ્પ માટે આરોગ્ય વિભાગના સ્ટાફ સાથે સમાજના ડોકટરો તથા પેરા-મેડીકલ સ્ટાફની સેવા લેવાઈ હતી. વેકસીન લેવા માટે આવેલ સમાજની દીકરીઓ માટે લીંબુ શરબતની વ્યવસ્થા સમાજની મહિલાઓ તથા યુવા કાર્યકરોએ ખડે પગે ઉભા રહી પુરી પાડી હતી. હવે ૨૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સમાજની તમામ દીકરીઓ માટે ત્રીજા તબક્કાનો અંતિમ વેકસીનેશન કેમ્પ યોજીને દીકરીઓને સર્વાઈકલ કેન્સર સામે ચિરંજીવી ભવઃનાં આશીર્વાદ સાથે વેકસિનેશન કાર્યવાહી પૂર્ણ કરવામાં આવનાર હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન દ્વારા

## મજૂર દિવસ પર તેજસ્વી કર્મચારીઓનું સન્માન

**ગાંધીનગર,**
પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ઉપર ૦૧ મે ૨૦૨૪ના રોજ પશ્ચિમ રેલવે મહીલા કલ્યાયણ સંગઠન અમદાવાદ દ્વારા મંડળ કચેરીમાં "મજૂર દિવસ" ના અવસારે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પશ્ચિમ રેલવે મહીલા કલ્યાણ સંગઠન ડબલ્યુઆર ડબલ્યુડબલ્યુઓ અમદાવાદ મંડળની અધ્યક્ષા શ્રીમતી સંગીતા શર્મા તથા મંડળની સેફટી કેટેગરીના ૧૭ તેજસ્વી કર્મચારીઓને મોમેન્ટો અર્પણ કરીને સન્માનીત કરવામાં આવ્યા. શ્રીમતી શર્માએ પોતાના અભીભાષણમાં કહયું કે મંડળ ઉપર અમારા કર્મચારીઓ સખત મહેનત કરે છે. ખુબ નિષ્ઠા અને લગનથી પોતાનું કર્તવ્ય નિભાવે છે. આના જ પરીણામે અમારું મંડળ પશ્ચિમ રેલવે પર પ્રથમ છે તથા પ્રગતિના પંથે અગ્રેસર છે આ જ ભાવનાથી સાથે મહીલા સમીતી દ્વારા મંડળના કર્મનીષ્ઠ કર્મચારીઓના મહત્વપુર્ણ યોગદાન માટે સન્માનીત કરતા અમને પ્રસન્નતા થઈ રહી છે. દરેક સ્તર પર કાર્યરત કર્મચારી મહત્વપુર્ણ છે. તમામ સન્માનીત કર્મચારીઓને અભિનંદન આપ્યા અને તેમની સખત મહેનતની અતઃકરણી પ્રશંસા કરી આની સાથે જ તેમણે તમામને પોતાના સારા કામ કરતાં રહેવા માટે પ્રોત્સાહીત કર્યા.

પશ્ચિમ રેલવે મહીલા કલ્યાણ સંગઠન અમદાવાદ દ્વારા દરેક વર્ષની જેમ આ પ્રકારનો કાર્યક્રમ કર્મચારીઓના મનોબળને વધારવા અને તેમને પ્રોત્સાહીત કરવા માટે આયોજીત કરવામાં આવે છે. આ અવસર પર મહીલા કલ્યાણ સંગઠનની તમામ સભ્યો ઉપસ્થિત રહી.

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળ વૈભવ શિબિરનું આયોજન

**ગાંધીનગર,**
અત્રેના ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને પારસમણિ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે વેકેશનમાં ઉદગમ બાળ વૈભવ શિબિરનું આયોજન તા.૮ થી ૧૨ મે દરમિયાન સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૮ ખાતે કરાયું છે તેમાં ૭ થી ૧૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. શિબિરમાં ભાષાનું માધ્યમ ગુજરાતી અને હિન્દી રહેશે. બાળકોને જીવનના મૂલ્યો શીખવાડવા માટે વાર્તા અને રમતો દ્વારા તેમનો સામાજિક વિકાસ માટે નૈતિક વિકાસ, સમાજ અને સંસ્કૃતિની સમજ, શ્રવણશક્તિ દ્વારા એકાગ્રતામાં અને યાદશક્તિમાં વધારો કરવાનો ઉદેશ્ય છે. શિબિરમાં રાઘવજી માધડ, ધર્મેન્દ્ર ત્રિવેદી, પુલક ત્રિવેદી, સંજય થોરાત, નેહલ ગઢવી, ડો. જય ઓઝા, ડો. મયુર જોષી, વીણા વોરા, આશાબા સરવૈયા, મનીષા ત્રિપાઠી વગેરે વિષય નિષ્ણાંત તરીકે સેવા આપશે.

## પ્રિયંકા ગાંધી વધુ એક વખત ગુજરાત આવી પ્રચાર કરશે

### આજે બનાસકાંઠામાં ગેનીબેન માટે મત માગશે

**ગાંધીનગર,**
વલસાડમાં જાહેર સભા સંબોધ્યા પછી કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વધુ એક વખત ગુજરાતની મુલાકાતે આવશે તેઓ બનાસકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર માટે ૩ મેનાં રોજ બનાસકાંઠાના લાખણીમાં જાહેર સભાને સંબોધશે.

કોંગ્રેસે ૧ થી ૩ મે દરમિયાન સતત ત્રણ દિવ્સ રાષ્ટ્રીય નેતાઓને ઉતારીને પ્રચારને વધુ તેજ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ૨જી મેએ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત અમદાવાદમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. પૂર્વનાણા મંત્રી પી. ચિદમ્બરમ રાજકોટમાં સંમેલન યોજશે. ગુજરાતના લઘુમતી સમાજની સાથે બેઠક કરવા માટે ઈમરાન કિદવાઈ, નદીમ જાવેદ અને ઈમરાન પ્રતાપગઢીને પણ મેદાનમાં ઉતારશે.

## મોડાસાના સબલપુરમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતાં ૪ દાઝયાં

**મોડાસા,**
અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસાના સબલપુર કોર્ટમાં નજીક રહેતા રોહીત પરીવારના ઘરે ગત વહેલી સવારે ચા બનાવતા સમયે ગેસ ખતમ થઈ ગયા બાદ સિલીન્ડર બદલતા સમયે એકાએક ગેસ સિલીન્ડરમાં બ્લાસ્ટ થવાનો બનાવ બનતાં મુળજીભાઈ નામના ગૃહસ્થના પુત્ર અને પત્ની ગંભીર રીતે દાઝી ગયા હતા. જયારે બ્લાસ્ટનો અવાજ સાંભળી દોડી આવેલી બે દીકરીઓ પણ દાઝી ગઈ હતી. ગેસ સીલીન્ડરમાં રબ્બરની રીંગના હોવાના કારણે ગેસ લીંક થવાના કારણે બ્લાસ્ટ થયો હોવાની પ્રાથમીક વિગત બહાર આવી છે.

આ બનાવમાં માતા પુત્ર અને બે દીકરી સહિત ૪ લોકો આગમાં દાઝયા હોવાથી તમામને સૌપ્રથમ મોડાસાની સાર્વજનીક હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમીક સારવાર આપ્યા બાદ સ્થાનીક ડોકટર્સે માતા પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા. જયારે બે દીકરીઓ હાલ મોડાસાની સાર્વજનીક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનામાં ઘરના સર સામાનને પણ વ્યાપક નુકશાન પહોચ્યું હતું. સબલપુર કોર્ટ નજીકના વિસ્તારમાં રહેતા રોહીત સમાજના મુળજીભાઈ નામના ગૃહસ્થના પરીવારજનો ગંભીર કહી શકાય તેવી ઘટનાનો ભોગ બનતાં લોકોમાં ગેસ સીલીન્ડર સપ્લાય કરતી એજન્સી સામે રોષ ફેલાયો છે.



રાયગઢખાતે મહાસોમયાગપ્રો.યોગેન્દ્રભાઈઅગ્નિહોત્રી દ્વારા સંપન્ન થયો છે .અગ્નિહોત્ર આશ્રમ ખાતે ૯૦ વર્ષથી નિત્ય નિરંતર ચાલતા અગ્નિ ષ્ટોમ ૯૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે મા. ધારાસભ્ય વિનેન્દ્રસિંહઝાલા, પૂર્વસંગઠનમંત્રી અતુલભાઇદીક્ષિત, સાબરડેરી ડિરેક્ટર ભોગીલાલ પટેલ, સાબરકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહરહેવરે ઉપસ્થિત રહી સોમયાગ અને વિષ્ણુયાગના દર્શન કરી ધન્યતા અનુભવી. આ પ્રસંગે આગ્નેય અગ્નિહોત્રી દ્વારા "અગ્નિહોત્રસમોધર્મોનભૂતોનભવિષ્યતિ" ।।પુસ્તકઅર્પણકરવામાં આવ્યું.(તસ્વીરઃ- કૌશિક પટેલ, મોડાસા)

## સિદ્ધપુરના શિક્ષકનું વોટિંગ સ્લીપના વિતરણ વખતે હાર્ટએટેકથી મોત

**પાટણ,**
પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં ચૂંટણીલક્ષી કામગીરીમાં જોડાયેલા શિક્ષક મંગળવારના રોજ મતદાનની કાપલીઓનું વિતરણ કરવા માટે નીકળ્યા હતા ત્યારે તેઓને છાતીના ભાગે દુખાવો ઉપડતા તેઓ ઢળી પડતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા ત્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કરતા સિદ્ધપુરના શિક્ષણ આલમ સહિત મૃતકના પરિવારજનોમાં શોકની કાલીમાં છવાઈ જવા પામી હતી. આ બાબતે મળતી હકીકત મુજબ સિદ્ધપુર તાલુકાના ખળી ગામે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા અને લોકસભાની ચૂંટણી કામગીરીમાં જોડાયેલા પ્રવીણકુમાર બાબુલાલ તુરી મંગળવારે બપોરના સુમારે મતદાનની સ્લીપ વિતરણ કરવા માટે નીકળ્યા હતા ત્યારે અસહ્ય ગરમીના કારણે અચાનક તેઓને છાતીના ભાગે દુખાવો થતાં તેઓ ઢળી પડ્યા હતા.

માર્ગ પર ઢળી પડેલા શિક્ષકને લોકોએ તાત્કાલિક સિદ્ધપુર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડયા હતા જયાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કરતાં સિદ્ધપુરના શિક્ષણ જગતમાં તેમજ મૃતક શિક્ષકના પરિવારજનોમાં શોકની કાલીમાં છવાઈ જવા પામી હતી.



# Movie મસાલા

## અંગૂરી અને અનિતાનું તૂટ્યું રોમાન્સનું સપનું!

એન્ડટીવી પર ક્લાસિક કોમેડી શો ભાભીજી ઘર પર હૈએ તેની અણધારી અને પેટ પકડાવીને હસાવનારી વાર્તારેખા સથે દર્શકોનું આશ્ચર્યમાં મૂકવામાં કોઈ કસર બાકી રાખી નથી. શો દરેક સપ્તાહે હાસ્યસભર વાર્તાઓ રજૂ કરે છે, જે દર્શકોને બેઠક સાથે જકડી રાખીને આગામી એપિસોડ માટે ઉત્સુકતા વધારે છે. નવી વાર્તાના વળાંકમાં વહાલી ભાભીઓ અંગૂરી (શુભાંગી અત્રે) અને અનિતા (વિદિશા શ્રીવાસ્તવ) ગર્ભવતી બનવાનો પ્રયાસ કરે છે, જે ચાહકોને તેમના સ્ક્રીન સાથે જકડી રાખશે, કારણ કે તેઓ એવા અણધાર્યા અવરોધોનો સામનો કરે છે જે હાસ્યસભર પળ ઊપજાવે છે. આગામી વાર્તા વિશે બોલતાં વિદિશા શ્રીવાસ્તવ ઉર્ફે અનિતા ભાભી કહે છે, "અંગૂરી (શુભાંગી અત્રે) અને અનિતા (વિદિશા શ્રીવાસ્તવ) ગર્ભવતી બનવાની યોજના બનાવે છે ત્યારે અનેક વળાંકો તેમનું કામ બગાડે છે અને તેમની યોજના પરથી પાણી ફેરવે છે. પીધેલી સ્થિતિમાં વિભૂતિ (આસીફ શેખ) મૈત્રીના સમ ખાઈને પ્રેમ (વિશ્વનાથ સોની)ને મદદરૂપ થવા માટે હંમેશાં હાજર રહેશે એવું કહે છે. દરમિયાન અમ્માજી (સોમા રાઠોડ) અંગૂરી અને અનિતાને કહે છે કે ગર્ભધારણા માટે આ ઉત્તમ સમય છે અને અંગૂરી ગર્ભવતી નહીં થાય ત્યાં સુધી જોડે રહેવાનું વચન આપે છે. અનિતા અને અંગૂરી પોતાના પતિઓને આકર્ષિત કરવા માટે પ્રયાસ કરે છે. જોકે પ્રેમની તેની પત્ની ઘરમાંથી હાંકી કાઢતાં તે વિભૂતિના ઘરે રહેવા આવતાં અનિતાની વિભૂતિની નજીક આવીને ગર્ભવતી બનવાની યોજના પરથી પાણી ફરી વળે છે. આ વિશે શુભાંગી અત્રે ઉર્ફે અંગૂરી ભાભી કહે છે, "વિભૂતિને જાણકારી મળે છે કે વિભૂતિ ગર્ભધારણ કરવાના પ્રયાસ કરી રહી છે, જેથી શક્ય દરેક રીતે તે અંગૂરીની યોજના પરથી પાણી ફેરવવા માગે છે. તે તિવારી (રોહિતાશ ગૌર)ને તેની સાથે શરાબ સેવન કરવા મનાવે છે, જેથી તિવારી અંગૂરી સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી શકતો નથી.



## વિદિશા ઉર્ફે અનિતા ભાભી પરિવાર સાથે તેના જન્મ દિવસની ઉજવણી કરે છે!

વિદિશા શ્રીવાસ્તવ એન્ડટીવી પર ભાભીજી ઘર પર હૈની અનિતા ભાભી તરીકે લોકપ્રિય રીતે જ્ઞાત હોઈ તાજેતરમાં પોતાના વહાલાજનો સાથે તેનો જન્મદિવસ ઊજવ્યો હતો. અભિનેત્રીના ઘરે તેના પરિવારજનો અને ઉદ્યોગના નિકટવર્તી ફ્રેન્ડ્સ આવ્યા હતા. આ અવિસ્મરણીય જન્મદિવસની પાર્ટી વિશે બોલતાં વિદિશા શ્રીવાસ્તવ ઉર્ફે અનિતા ભાભી કહે છે, "આ વર્ષની જન્મદિવસની ઉજવણી મારે માટે વિશેષ હતી. મેં પરિવારને ડિનર પર લઈ જવાનું નિયોજન કર્યું હતું ત્યારે હું ઘરે આવતાં જ સરપ્રાઈઝ પામી હતી. મારા માતા, પતિ, બહેન, પુત્રી, ભાઈ, સાળી અને મિત્રો ઘરે મારી વાટ જોઈ રહ્યાં હતાં. આ જોઈને મારી આંખોમાંથી ખુશીના આંસુ આવી ગયા હતા અને છતાં કેક કાપવા માટે શું પહેરવું તે વિશે મૂંઝવણ હતી, કારણ કે આ સરપ્રાઈઝ હતું અને મને ખરીદી કરવાની તક મળી નહોતી (હસે છે). જોકે મારી બહેન મારા બચાવમાં આવી. તેણે મારા માટે ઓફફ-શોલ્ડર નિયોન પીળો ડ્રેસ ખરીદી લીધો હતો, જે મને તુરંત ગમી ગયો. અમે એકત્ર કેક કાપ્યો, મારી માતા દ્વારા ગોઠવેલું અદભુત ડિનર માણ્યું હતું. આ ઈવેન્ટ વિશે બોલતાં અભિનેત્રી ઉમેરે છે, ×આજકાલ કોઈ પણ અવસર ઘણા બધા પિક્ચર્સ અને રીલ્સ મઢી લીધા વિના અધૂરો રહે છે અને અમે તે પછી એ જ કર્યું. મેં મારા ડ્રેસમાં મોડેલની જેમ પોઝ આપ્યો, જ્યારે મારા ફ્રેન્ડ્સ ધીરજપૂર્વક વાટ જોતા રહ્યા અને તે પછી અમે એકત્ર ઘણા બધા પિક્ચર્સ ક્લિક કર્યા (હસે છે). અમે અમુક ફન રીલ્સ નિર્માણ કરી, જે હું ટૂંક સમયમાં જ મારા ફેન્સ સાથે શેર કરીશ. જન્મદિવસ ખાસ કરીને કેક કાપતી વખતે મારા હાથોમાં મારી પુત્રી આદ્યા હોવાથી તે વધુ વિશેષ બની ગયો હતો. મારો પતિ સાયક રાંચીથી મુંબઈ આવ્યો હતો અને મારા જન્મદિવસ પર મને વિશેષ મહેસૂસ કરાવવા માટે બધી વ્યવસ્થા કરી હતી. મને આસપાસ આવા વહાલા લોકો હોવાથી ખરેખર આશીર્વાદરૂપ લાગ્યું. આ વર્ષે મારા જન્મદિવસ પર મારી એકમાત્ર ઈચ્છા તેમને હંમેશાં મારી સાથે ધરાવવાની છે.



## 'પુષ્પા ૨' નું પહેલું ગીત પુષ્પા પુષ્પા રીલીઝ

પુષ્પરાજની ઉજવણી કરતાં નિર્માતાઓએ ફિલ્મનું પહેલું ગીત રિલીઝ કર્યું છે. આ ગીત ૬ ભાષાઓમાં રિલીઝ થયું છે. આ ગીત બહાર આવતાની સાથે જ દેશભરમાં પોતાનો જાદુ ચલાવવા લાગ્યો. હવે 'પુષ્પા પુષ્પા' ગીતનું લિરિકલ વર્ઝન બહાર આવ્યું છે, તેમાં અલ્લુ અર્જુનની ઝલક જોવા મળી શકે છે. આ ગીતે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. વિડીયો પુષ્પા બ્રાન્ડની તાકાત દર્શાવે છે, જેનો સંકેત ગયા અઠવાડિયે 'હેન્ડ ઓફ પુષ્પા' ટીઝરમાં આપવામાં આવ્યો હતો. જે પ્રેક્ષકોને ઉત્તેજિત કરતું હતું. આ ગીત રિલીઝ થતાની સાથે એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં પુષ્પાનો દબદબો વધુ મજબૂત બન્યો છે. એટલું જ નહીં, તેના જબરદસ્ત હૂક સ્ટેપથી 'પુષ્પાઈઝમ'ના ક્રેઝને વેગ મળ્યો છે, જે પુષ્પાઃ ધ રાઈઝના ડેબ્યૂથી પોપ કલ્ચરનો એક ભાગ બની ગયો છે. આઈકોન સ્ટાર અલ્લુ અર્જુને ફરી એકવાર બતાવ્યું છે કે શા માટે તે દેશની દરેક ભાષા અને સરહદ પારના લોકોનો પ્રિય સ્ટાર છે અને આપણા દિલ અને દિમાગ પર રાજ કરી રહ્યો છે 'પુષ્પાઃ ધ રાઈઝ'ના સંગીત માટે રાષ્ટ્રીય પુરસ્કાર જીતનાર મ્યુઝિક ડિરેક્ટર દેવી શ્રી પ્રસાદે ફરી એકવાર એક દમદાર ગીત બનાવ્યું છે જે હૃદયને સ્પર્શી જાય તેવું છે. ગીતની જબરદસ્ત ટ્યુન કાનથી સીધા હૃદય સુધી પહોંચવા જઈ રહી છે અને આવનારા દિવસોમાં તે મ્યુઝિક ચાર્ટ પર પણ રાજ કરશે. ગીતોના બોલ અને ઉત્સાહપૂર્ણ સંગીત નિઃશંકપણે દર્શકોને ફિલ્મની રજૂઆત માટે ખૂબ ઉત્સુક બનાવે છે. આ ગીત તેલુગુ, તમિલ, હિન્દી, કન્નડ, મલયાલમ અને બંગાળી ભાષાઓમાં રિલીઝ કરવામાં આવ્યું છે. દેવી શ્રી પ્રસાદે ગીતના વિવિધ સંસ્કરણો ગાવા માટે નકાશ અઝીઝ, દીપક બ્લુ, મીકા સિંહ, વિજય પ્રકાશ, રણજીત ગોવિંદ અને તિમિર બિસ્વાસ જેવા લોકપ્રિય ગાયકોને જોડ્યા છે. 'પુષ્પા ૨ઃ ધ રૂલ'નું સંગીત ટી-સીરીઝ દ્વારા રિલીઝ કરવામાં આવ્યું છે. 'પુષ્પા ૨ઃ ધ રૂલ' ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. તેનું નિર્દેશન સુકુમાર દ્વારા કરવામાં આવ્યું છે અને મૈથ્રી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત કરવામાં આવ્યું છે. ફિલ્મની મુખ્ય સ્ટાર કાસ્ટમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાઝીલનો સમાવેશ થાય છે. ફિલ્મ જોયા બાદ દર્શકો ખૂબ જ ઉત્સાહિત છે.



આગામી લોકસભા ચૂંટણી અનુસંધાને નડીઆદ ટાઉન પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનથી નડીઆદ શહેરના અલગ-અલગ વિસ્તારમાં પોલીસ સ્ટાફ અને ચંડીગઢ પોલીસના જવાનોને સાથે રાખી ટાઉન વિસ્તારમાં ફૂટ- પેટ્રોલિંગ કરવામાં આવ્યું.( તસ્વીરઃ- સાજીદ સૈયદ, નડિયાદ)

## વડોદરામાં લારી બંધ કરાવવા બાબતે પોલીસે બેરેહમીપૂર્વક ફટકારતાં યુવકની હાલત ગંભીર

**વડોદરા,**
વડોદરા રેલવે સ્ટેશનની પાસે મોડી રાત્રે ચાલુ રહેતી ખાણી પીણીની લારીઓ બંધ કરાવવા માટે ત્રાટકેલી પોલીસની એક ટીમે આમલેટની લારી બંધ કરાવવાના બહાને બેરહેમીપૂર્વક ફટકાર્યો હોવાનો કિસ્સો મંગળવારે મોડી રાત્રે બન્યો હતો. બે પોલીસ કર્મચારી તથા પીસીઆર વાનના ડ્રાઈવર સહિત ત્રણ પોલીસમેનોએ ફટકાર્યા બાદ યુવાનને કિલોમીટર સુધી વાનની સાથે ઢસડયો હોવાની ઘટના બની હતી. લોહીલુહાણ હાલતમાં તેને રસ્તે રઝળતો મુકીને પોલીસ ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. પોલીસના કરતુતોથી ઘવાયેલા યુવાનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

એ.સી.પી. બી.જે.ચાવડાએ પત્રકારોને જણાવ્યુ હતું કે આ મામલાની ગંભીરતા જોતાં સયાજીગંજ પોલીસ મથકમાં પીસીઆર વાનના કોન્ટ્રાકટના ચાલક અને બે પોલીસવાળાઓની સામે ફરિયાદ દાખલ કરીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. તેઓની સામે ખાતાકીય રાહે તપાસ કરીને જવબદાર જણાશે તો પગલાં ભરવામાં આવશે તેની સાથે સાથે તેઓએ લારીવાળાને સો મીટર સુધી ઢસડયો હોવાની બાબતનો એકરાર કર્યો હતો.

સયાજીગંજ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર મોહંમદફૈજાન બસ સ્ટેશનથી થોડેક

**લારીધારક યુવાનને ૨૦થી ૨૫ દંડા ફટકાર્યા બાદ પીસીઆર વાનમાં ૧૦૦ મીટર સુધી ઢસેડ્યો : ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો**

દુર રોડ પર ઈંડાની લારી ચલાવે છે તેના ભાઈને બાજુમાં લારી ચલાવતા ફિરોજભાઈએ જણાવ્યું કે, રાત્રે બે વાગ્યે પીસીઆર વાન લારીઓ બંધ કરાવવા આવતા બધા નીકળી ગયા હતા પરંતુ ત્યાં ચોકમાં મોહંમદફૈજાન હાજર હોવાથી તેણે પોલીસ જવાનો સાથે માથાકુટ કરી હતી જે બાદ પોલીસ જવાન મોહંમદ મુબશીરે તેને પકડીને લાકડી વડે માર માર્યો હતો. બીજા પોલીસ જવાન રઘુવીરભાઈએ મોહંમદફૈજાનને પકડી રાખીને માર માર્યો હતો. દરમિયાન વાનમાં હાજર ડ્રાઈવર કિશને ગાળો આપી હતી. આ ઘટના બાદ મોહંમદફૈજાન આવેશમાં આવી ગયો હતો. પોલીસની ગાડીની આગળ આવીને પકડી લીધી હતી. હોબાળો થતાં પોલીસે ગાડી ચાલુ કરી દેતા મોહંમદફૈજાન રોડ પર ઢસડાયો અને આગળ જતા તે પડી ગયો હતો જેથી તેને ગંભીર ઈજાઓ પહોંચતા એસએસજી હોસ્પિટલ અને બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો છે. સમગ્ર મામલે પોલીસ કર્મી, મોહંમદ મુબશીર મોહંમદ સલીમ, રઘુવીરભાઈ ભરતભાઈ તથા કિશનભાઈ પરમાર સામે સયાજીગંજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે. સયાજીગંજ પોલીસે આ મામલે કુલ બે ગુના દાખલ કર્યા છે.

પાર્ટ ટાઈમ નોકરી અપાવવાના બહાને

## રૂા.૬.૯૩ લાખની ઓન લાઈન છેતરપિંડી કરનાર ઠગ સુરતથી ઝડપાયો

**વડોદરા,**
ઓનલાઈન પાર્ટ ટાઈમ જોબ અપાવવાના બહાને અલગ-અલગ ટાસ્ક પૂર્ણ કરી પૈસા કમાવવાની લાલચ આપી છેતરપિંડી કરતી ઠગ ટોળકીના મુખ્ય સુત્રધારને સુરત ખાતેથી શહેર સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડયો હતો.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આશિકા રાજેશ્વર માંડવકર (રહે. કારેલીબાગ)ના નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓને વોટસઅપ પર અજાણ્યા નંબર પરથી મેસેજ આવેલો કે તેઓ ઓનલાઈન પાર્ટ ટાઈમ વર્ક માટે કર્મચારી શોધી રહ્યા છે તેમજ ટેલીગ્રામ પર સંપર્ક કરી પાર્ટ ટાઈમ જોબ આપવાના બહાને ટેલીગ્રામ આઈ.ડી. પરથી ગૂગલ મેપ પર રિવ્યૂ અપાવવાના ટાસ્ક આપેલ અને યુ-ટયુબ ચેનલ સબસ્ક્રાઈબ કરાવી પાર્ટ ટાઈમ જોબના પૈસા કમાવવાની લાલચ આપી જેના ભાગરૂપે આશિકાને નિયત રકમ ચૂકવવામાં આવેલ. જેથી ફરિયાદી આશિકને વિશ્વાસ બેઠો હતો ત્યારબાદ ત્યારબાદ આશીકાને પ્રીમિયમ ટાસ્ક આપવાના બહાને આશિકાને ટેલીગ્રામ ગ્રુપમાં જોડવામાં આવે છે અને રોજના ૨૫ ટાસ્ક આપીને આશરે ૧૦૦૦ થી ૨૦૦૦ કમાવવાની લાલચ આપે છે અને ટાસ્ક પૂર્ણ થતાં બીજા યુઝર્સ મોટી રકમ કમાયેલ છે તેના સ્કીનશોર્ટસ ટેલીગ્રામ ગ્રુપમાં મૂકીને વિશ્વાસમાં લેવામાં આવે છે અને પ્રીમિયમ તાસક આપવાના બહાને આરોપી ટાસ્ક ફીની માંગણી કરતા આશિકા પાસે ટુકડે ટુકડે રૂપિયા ૬,૯૩,૦૦૦ અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવેલ અને ફરિયાદી ટાસ્ક પૂર્ણ કરતા મળવા પાત્ર રિવોર્ડની રકમ ડમી ક્રિપ્ટો વોલેટમાં દેખાડતા હતા.

જયારે ફરિયાદી આશિકાએ ક્રીપ્ટો વોલેટમાંથી રૂપિયા વિડ્રો કરવાનો પ્રયત્ન કરતા રૂપિયા વિડ્રો થયેલ નહિ જેથી આશીકાને પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થયાનો અહેસાસ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી જેની તપાસ સાયબર ક્રાઈમબ્રાંચે કરતા ટેકનિકલ અને હ્યુમન રિસોર્સની મદદથી આરોપી ચેતન ભરતભાઈ ભાદાણી (ઉ.૨૭)ને ઝડપી પાડયો હતો.

## વડોદરા શહેરમાં ૭મી તારીખે મતદારોને ૬૯૪ હોટેલ ઉપર અપાશે સાત ટકા ડિસ્કાઉન્ટ

**(માહિતી) વડોદરા,**
લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વડોદરા બેઠક ઉપર મહત્તમ મતદાન થાય એવા જિલ્લા ચૂંટણી તંત્રના પ્રયાસોમાં સહયોગ માટે ધી બરોડા હોટેલ ઓનર એસોસિએશન આગળ આવ્યું છે. વડોદરા મહાપાલિકા સાથે બેઠક બાદ આ સંગઠને જાહેરાત કરી છે કે, મતદાનના દિવસ તા. ૭ના રોજ એક દિવસ શહેરની તમામ હોટેલ, રેસ્ટોરાંમાં મતદાન કર્યાનું નિશાન બતાવનાર ગ્રાહકને બિલની રકમ ઉપર સાત ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. વડોદરા શહેરમાં હવે સાત તારીખે મતદાન કરનારને મજા જ મજા આવે એવી આ જાહેરાત કરવામાં આવી છે.

વડોદરા શહેરમાં નાની મોટી મળી કુલ ૬૯૪ હોટેલ્સ, રેસ્ટોરા, ઉપાહાર ગૃહો ઉક્ત સંગઠન સાથે જોડાયેલા છે. ધી બરોડા હોટેલ ઓનર એસોસિએશને તાજેતરમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના નાયબ કમિશનર શ્રી હસમુખ પ્રજાપતિ સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને તેમાં મતદાન કરવાની સાત તારીખે એક દિવસ પૂરતું બિલ ઉપર સાત ટકા ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. નાગરિકે પોતે મતદાન કર્યું હોવાની સાબિતી રૂપે આંગળી ઉપર કરાયેલી નિશાની દેખાડવાની રહેશે. આ ડિસ્કાઉન્ટ એસોસિએશન સાથે જોડાયેલી ૬૯૪ હોસ્ટેલ્સ, રેસ્ટોરા અને ઉપાહાર ગૃહોમાં મળશે.

આ ઉપરાંત બર્ગર કિંગ, ડોમિનોઝ, મેકડોનાલ્ડ, પિઝાહટ, કેએફસી અને લા પિનોઝ જેવી ફ્રેન્ચાઈઝી વડોદરા શહેરના આઉટલેટ ઉપર ડિસ્કાઉન્ટ આપશે અને આ બાબતે તેમના આઉટલેટ ઉપર જાહેરાત કરવામાં આવશે. તદઉપરાંત, શહેરના સિનેમાઘરોમાં પણ ખાણીપીણીની વસ્તુઓ ઉપર ઓફર આપવામાં આવી રહી છે.

# મધ્ય ગુજરાત



ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો


## વડોદરામાં ગૌમાંસના સમોસા બનાવતી ફેકટરી કેસમાં પકડાયેલા ૩ના જામીન નામંજૂર

**વડોદરા,**
વડોદરામાં ગૌમાંસના સમોસા બનાવી વેચાણ કરતા પિતા-પુત્ર સહિત આઠની કરાયેલી ધરપકડ પૈકીના એક સગીર સહિત ચાર આરોપી દ્વારા અદાલતમાં રેગ્યુલર જામીન અરજી મૂકવામાં આવી હતી જે બાબતે સુનાવણી થતાં અદાલતે ૪ પૈકીના ૩ની જામીન અરજી નામંજૂર કરી દીધી હતી. એક આરોપી સગીર હોવાથી તેની અરજી જુવેનાઈલ બોર્ડમાં દાખલ કરવાની હોવાથી તેના પુરતી જામીન અરજી પરત ખેંચવામાં આવી હતી.

વડોદરા શહેરના છીપવાડ સ્થિત હુસેન મેન્સન ઈમારતમાં ગૌમાંસના સમોસા બનાવતી ફેકટરી મામલે પોલીસ પિતા-પુત્ર સહિત આઠ લોકો સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. જેમાં (૧) મોહંમદ યુસુફ ફકીર મોહંમદ શેખ (પિતા), (૨) મોહંમદ નઈમ મોહંમદ યુસુફ શેખ (પુત્ર), (૩) મહંમદ હનીફ ગનીભાઈ ભઠીયારા (૪) દિલાવરખાન ઈસ્માઈલ ખાન પઠાણ, (૫) મોઈન મહેબુબશા અબદાલ, (૬) મોહીન યુસુફભાઈ (૭) ઈમરાન કુરેશી- સપ્લાયર તથા (૮) મહંમદ ફરદીન કાસમભાઈ કુરેશી (ઈમરાન કુરેશીનો ભાગીદાર)નો સમાવેશ થાય છે. આ પૈકીના મહંમદ હનીફ ગનીભાઈ ભઠીયારા, દિલાવરખાન ઈસ્માઈલખાન પઠાણ, મોઈન મહેબુબશા સબદાલ તથા મોબીન યુસુફભાઈ શેખ દ્વારા તેઓના ધારાશાસ્ત્રી મારફતે વડોદરાના છઠ્ઠા એડી. સેસન્સ જજ સલીમ બી. મનસૂરીની કોર્ટમાં રેગ્યુલર જામીન પર મુકત થવાની અરજી કરવામાં આવી હતી.

## નડિયાદ : માઇ મંદિર રોડ પર ખોદેલ ખાડો જોખમ રૂપ બન્યો

**(પ્રતિનિધિ) નડિયાદ,**
નડિયાદ નગરપાલિકા ની બેદરકારી ઘણી વખત પ્રજા માટે જોખમરૂ બની જાય છે બે ત્રણ દિવસથી નડિયાદ પશ્ચિમ વિસ્તારમાં માય મંદિર જવાના માર્ગ પર પાલિકાએ પાણીની પાઈપ માં લીકેજ થતા એક ખાડો ખોધ્યો છે તેમાં પાણી ભરાઈ ગયું છે આ જોખમ રૂપ ખાડામાં આજે એક ગાય પડી જતા મહા મહેનતે બહાર કાઢી હતી પ્રજા કહે છે કે કોઈ વ્યક્તિ પડી ગયો હોત તો ??



નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં માઈ મંદિર ચોકડીએ પાણીની લાઈનમાં ભંગાણ થતાં ભર ઉનાળામાં હજારો લીટર પાણીનો વ્યય થઈ રહ્યો છે. પાલિકા તંત્ર દ્વારા હજુ સુધી કામગીરી પૂર્ણ ન થતાં પાણીનો મોટાપાયે વ્યય થઈ રહ્યો છે. બીજી બાજુ આજે સવારે ખોદેલા ખાડામાં ગાય પડતાં આખી ડૂબી ગઈ હતી. જેથી આસપાસના લોકોએ આવીને ગાયને ખાડામાંથી બહાર કાઢી હતી. જેથી ખોદેલા ખાડાનો યોગ્ય નિકાલ ન થતાં સ્થાનિક લોકોએ નગર પાલિકા વિરુધ્ધ રોષ વ્યકત કર્યો હતો

આ વિસ્તારની પ્રજા કહે છે કે બે ત્રણ દિવસથી ખોદેલ ખાડો પાલિકા દ્વારા યથાવત રાખ્યો છે જેના કારણે આ ખાડો જોખમ રૂપ બન્યો છે આજે ગાય પડી આવતી કાલે કોઈ વ્યકિત પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે

# ગામે ગામના સમાચાર

## વેરાવળમાં ૧૭૮ દિવ્યાંગજનોને સાધન સહાય અપાઈ

**વેરાવળ,**
વેરાવળમાં જિલ્લા કક્ષાના નિ:શુલ્ક દિવ્યાંગ સાધન સહાય કેમ્પનું આયોજન ભારત વિકાસ પરિષદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પના દ્વિતીય ચરણમાં કુલ ૧૯૨માંથી ૧૭૮ લાભાર્થીઓને સાધન સહાય આપવામાં આવી. જેમાં ૪૦ ટ્રાયસિકલ, ૧૭ વ્હીલ ચેર, ૩૧ કાનના મશીન, ૩૦ પગ, ૫ હાથ, ૨૯ કેલીપર્સ તેમજ અન્ય લાભાર્થીને ઘોડી, સ્ટીક, વોકર વગેરે સાધન સહાય અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય દાતા ઉદ્યોગપતિ કેની થોમસ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિલીપ દેશમુખ, શ્રદ્ધાબેન મહેતા, સંસ્થાના પ્રમુખ ડો. અશ્વિનભાઈ ડાભી, સચિવ રવિભાઈ રાઠોડ, સંયોજક કમલભાઈ મજીઠિયા સહિતના દ્વારા દીપ પ્રાગટયથી કરાયો.

વેરાવળ મર્કન્ટાઈલ બેંકના ચેરમેન નવીનભાઈ શાહ, ભાવનાબેન શાહ, સુરેશભાઈ કંપાણી, જીએમ અતુલભાઈ શાહ વગેરેએ ઉપસ્થીત રહી લાભાર્થીઓને સાધન સહાય અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં સોમનાથ સંસ્કૃત યુનિ.ના કુલપતિ સુકાંતકુમાર, ડો. જયેશ વઘાસિયા, ટ્રસ્ટી ઉદય શાહ, જે.બી.મહેતા, કિશોરભાઈ નાથાણી, નગરસેવક બાદલ હુંબલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## રેડિયો ફ્રિકવન્સી એબલેશન દ્વારા
## ભાવનગરમાં ઓપરેશન વગર મણકા, સાંધા વગેરેની સારવાર કરાઈ

**ભાવનગર,**
ભાવનગરની અગ્રણી પેઈન મેનેજમેન્ટ હોસ્પિટલ- ભાવનગર પેઈન એન્ડ સ્પાઈન સેન્ટર એ શહેરની પ્રથમ ટ્રાઈજેમિનલ ન્યુરલજીયા રેડિયો ફ્રિકવન્સી એબલેશન ટ્રીટમેન્ટ સફળતાપૂર્વક કરી છે.

ટ્રાઈજેમિનલ ન્યુરલજીઆ એ ક્રોનિક પેઈન ડિસઓર્ડર છે જે ટ્રાઈજેમિનલ નર્વને અસર કરે છે, જેના કારણે ચહેરા પર ઈલેક્ટ્રીક કરંટ જેવો તીવ્ર દુખાવો થાય છે જેમાં દર્દીને ખાવા કે બોલવામાં અસહ્ય દુખાવો થાય છે. વળી આ મગજની નસનું ઓપરેશન જોખમી હોય છે.

રેડિયો ફ્રિકવન્સી એબલેશન એ આધુનિક ટેકનોલોજી વડે ફલુરોસ્કોપી ગાઈડન્સી હેઠળ કરવામાં આવતી સારવાર છે જે ઓપરેશન જેટલું જોખમી નથી. ડો. હેતલ લીંબાણી જેઓ પેઈન અને સ્પાઈન સ્પેશિયાલિસ્ટ તરીકે ભાવનગર પેઈન એન્ડ સ્પાઈન હોસ્પિટલ ખાતે કાર્યરત છે અને જેઓ ભાવનગરના સૌ પ્રથમ લેડી પેઈન ફિઝિશિયન છે. ભાવનગરમાં મણકા, સાંધા તેમજ કોઈપણ પ્રકારના દુખાવા માટેની સારવાર ઓપરેશન વગર આધુનિક ઈન્ટરવેશન પદ્ધતિ વડે ઉપલબ્ધ થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### કાલાવડમાં પરીક્ષાના ટેન્શનમાં કોલેજિયન યુવતિનો ગળાફાંસો

જામનગર : કાલાવડના પંજેતનગરમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી રિયા યુનુસશા શાહમદાર નામની ૧૮ વર્ષની કોલેજીયન યુવતિએ પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. પોલીસ પુછપરછ દરમિયાન મૃતક રિયા કોલેજમાં અભ્યાસ કરતી હતી અને બે દિવસ બાદ તેની પરીક્ષા હતી. દરમિયાન પરીક્ષાના ટેન્શનના કારણે તેણીએ આ પગલું ભરી લીધાનું જાહેર થયું છે.

### પાટણવાવ પાસે તમંચા સાથે શખ્સ ઝડપાયો

ધોરાજી : પાટણવાવ પાસે દેશી તમંચા સાથે ઈસ્માઈલ અબુલ (ઉ.વ.૨૩)ને પોલીસે પકડી પાડયો હતો પીએસઆઈ ચાવડા સહિતની ટીમ ચેકિંગમાં હતી ત્યારે બાતમીના આધારે ઈસ્માઈલને ઝડપી લેવાયો હતો. આ કેસમાં પોલીસે આરોપીની પુછપરછ સહિતની કામગીરી હાથ ધરી છે.

### ગોંડલમાં એસટી બસે અડફેટે લેતા મહિલાનું મૃત્યુ

ગોંડલ : ગોંડલ સબજેલ પાસે પુરઝડપે આવતી એસ.ટી. બસના ચાલકે એક્ટિવાની ઓવરટેક કરી ઓચિંતા જ કાવો મારતા એક્ટિવા સાથે એસ.ટી.બસ અથડાઈ હતી જેના કારણે શિતલબેન અમૃતિયા અને વર્ષાબેન ઘેટિયા પડી ગયા હતા. ઉભા થઈને તપાસ કતાં વર્ષાબેનને પડખાના ભાગે ઈજા થઈ હતી જેથી ૧૦૮ને જાણ કરતા તાત્કાલિક હોસ્પિટલે લઈ જવામાં આવ્યા હતા પરંતુ વર્ષાબેનનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત બાદ એસ.ટી.બસનો ચાલક બસ રેઢી મુકી નાશી ગયો હતો.

### મોરબીમાં આર્થિક સંકડામણથી કંટાળી યુવાને આપઘાત કર્યો

મોરબી : મોરબીના પીપળી ગામ નજીક ત્રિલોકધામ સોસાયટી મકાન નંબર એચ-૪માં રહેતા લલિત ઉર્ફે મનુભાઈ મકવાણા (ઉ.૨૫)ને રફાળેશ્વર ગામ પાસે મોટર સાઈકલ રિપેરીંગનું ગેરેજ હોય આ ગેરેજ બરાબર ચાલતું ન હોવાથી આર્થિક રીતે સંકડામણમાં આવી ગયા હતા. જેથી પોતાના રહેણાંક મકાનના ઉપરના માળે હોલમાં ગળાફાંસો ખાઈ લેતા મૃત્યુ થયું હતું. આ મામલે મોરબી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### હર્ષદપુર ગામેથી જુગાર રમતા છ શખસો ઝડપાયા

ખંભાળિયા : હરીપર ગામનો વિરપાલ હરદાસ મસુરા નામનો શખસ હર્ષદપુર ગામે હાપીવાડી સીમ વિસ્તારમાં માલદે વિરમ સીધિયાની વાડીએ આવેલા મકાનમાં જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો અને વિરપાલ હરદાસ મસુરા, અલીઅકબર રજાક સંધાર, એઝાજ જુમા સુરાણી, ધારા જેસા ધારાણી, ગોવિંદગર નથુગર ગોસાઈ અને ઉમર કાસમ બદરી નામના શખસોને ઝડી લઈ રૂ.૩૮,૯૫૦ની રોકડ, પાંચ મોબાઈલ અને ત્રણ બાઈક સહિત રૂ.૧.૦૫ લાખની મત્તા કબજે કરી હતી.

### ભાણવડમાં રવિવારે લોહાણા સમાજ સમૂહ ભોજન

**ભાણવડ,**
મૂળ પોરબંદરના સીમર ગામના વતની, હાલ ભાણવડ લોહાણા જમનાદાસ પરમાણંદભાઈ પોપટના આર્થિક સહયોગથી તા.૫મીએ રવિવારે જૂની લોહાણા મહાજન વાડીમાં જ્ઞાતિ સમૂહ ભોજનનું આયોજન કરાયું છે. સમૂહ ભોજન પૂર્વે તા.૪ શનિવારે રાત્રે ૯.૩૦ વાગ્યે લોહાણા મહાજન વાડીમાં બેઠકનું આયોજન છે તેમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે. બેઠકમાં જ્ઞાતિની સેવાભાવી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવશે. ભરતભાઈ પોપટ, કમલેશભાઈ પોપટ વગેરે કાર્યરત છે.

### લાલપુરમાં ૧૨૮ કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

જામનગર : તા.૭મી મેના રોજ મતદાન થવાનું છે ત્યારે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ થકી મતદાન પ્રક્રિયા થઈ હતી. પોલિંગ સ્ટાફ દ્વારા સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ ખાતે પોસ્ટલ બેલેટ મતદાન કેન્દ્ર ઉભું કરાયું હતું જયાં પ્રાંત અધિકારી અસવાર સહિત કુલ ૧૨૮ અધિકારી તથા કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન થયું હતું.

## ભુજમાં નવ સભ્યો ઉપર એસીડથી હુમલો કરનારા ચારની ધરપકડ

**સ્કૂટર ધીમે ચલાવવાનું કહેતા થયેલા ઝઘડામાં સામસામા હુમલા**

**ભુજ,**
ભુજમાં નજીવી બાબતે બે પરીવાર વચ્ચે થયેલા ઝઘડામાં એસીડથી હુમલો થયાની ઘટના સામે આવી છે. જેમાં એક પરીવારના નવ સભ્યો દાઝી ગયા હતા. આ મામલે પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી છે. બીજી તરફ સામસામે ફરીયાદ નોધાતા સામેના પક્ષના એક વ્યકિતની ધરપકડ કરવામાં આવી છે.

ભુજ શહેરના સરપટનાકા વિસ્તારમાં એસીડ એટેક તથા સામસામા હુમલાની આ ઘટના બની હતી ફરીયાદીના જણાવ્યા અનુસાર સોમવારે તેમના ઘરે નાના ભાઈના લગ્નનો પ્રસંગ હોવાથી સગા-સંબંધીઓ આવ્યા હતા. એ દરમ્યાન સવારે સાડા દસ વાગ્યાના અરસામાં આરોપી આદઅમ અજીજ ખત્રી ઈલેકટ્રીક સ્કુટરથી બે-ત્રણ વખત પુરઝડપે નીકળ્યો હતો. ઘરે પ્રસંગ હોવાથી નાના બાળકો બહાર રમતા હોઈ સ્કૂટર ધીમે ચલાવવા કહયું હતું તેવામાં આરોપીએ ઉશ્કેરાઈને ફરીયાદીના ભાઈ સાથે બોલાચાલી કરી જતો રહયો હતો.

જોકે દસ મીનીટ પછી ફરીયાદીના પરીવારજનો આંગણામાં બેઠા હતા ત્યારે આરોપીઓ ધોકા, લોખંડની ટામી અને ડોલમાં જલદ પ્રવાહી લઈને આવી પહોચ્યા અને ફરીયાદી કે તેનો પરીવાર કઈ સમજે તે પહેલા ગાળાગાળી કરી અચાનક ડોલ અને જગમાં ભરેલું એસીડ ફરીયયાદી અને પરીવારના સભ્યો પર ફેકતા દર્દના કારણે ચીસાચીસથી વિસ્તારમાં હલચલ મચી ગઈ હતી. આટલેથી ન અટકતા ધોકા અને ટામીથી હુમલો પણ કરાયો હતો. ઘટનાને પગલે આજુબાજુમાંથી લોકો એકઠા થઈ જતા આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. બાદમાં એમ્બ્યુલન્સ મારફતે ત્રણ મહીલા સહીત નવ લોકોને સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ ઘટનામાં ચારની ધરપકડ કરી છે.

## ઉપલેટા પાલિકામાં જન્મતારીખના દાખલા મેળવવામાં હાલાકી

**ઉપલેટા,**
અહીંની નગરપાલિકા કચેરીએ જન્મ તારીખના દાખલા મેળવવા માટે લોકો ધક્કા ખાઈ રહ્યા છે. દાખલાની નોંધણી કરાવ્યા પછી પણ વીસ દિવસે દાખલા મળતા ન હોવાથી નાગરિકોમાં વહીવટી તંત્ર સામે રોષ ફેલાયો છે. જન્મ તારીખના દાખલા મેળવવા અને જન્મ તારીખના દાખલામાં નામના સુધારા કરવા માટે રોજના ૪૦ થી ૫૦ અરજદારો આવે છે.

નાગરિકો દ્વારા જયારે અધિકારીને પૂછવામાં આવે છે કે અમારો દાખલો કયારે મળશે ત્યારે જવાબ મળે છે દાખલાની પ્રિન્ટ નથી, મળશે ત્યારે આપી દેશું. જનતાની આ સમસ્યા અંગે ઉપલેટા નગરપાલિકાના સિનિયર પૂર્વ સદસ્ય ડાયાભાઈ ગજેરાએ ચીફ ઓફિસર નીલમબેન ઘેટયાને લેખિત રજૂઆત કરતા તેઓએ જણાવ્યું કે જન્મ તારીખના દાખલામાં નંબર સાથેના દાખલા રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવે છે. દાખલાઓ સમયસર મળતા ન હોવાથી અમે લેખિત રજૂઆતો પણ કરી છે છતાં દાખલાની પ્રિન્ટ નગરપાલિકામાં સમયસર મળતી નથી.

ઉપલેટા નગરપાલિકા કચેરીએ અરજદારોની ભીડ થાય છે. અરજદારોને જન્મના દાખલા અને અગાઉ જન્મના નીકળેલા દાખલામાં સુધારા કરવા દાખલાઓ માંગવામાં આવે છે. આ દાખલામાં બાળકના પુરા નામ સાથેના આધાર કાર્ડ માટે જરૂરી હોય અરજદારોને સમયસર દાખલાઓ મળવા જોઈએ તેવી માગણી કરવામાં આવી છે. પરંતુ દાખલાની પ્રિન્ટ સમયસર ન મળવાના કારણે મોડું થાય છે.

## ભડીયાદ નજીક લકઝરી બસમાં આગ ભભૂકતાં ૫૪ મહિલાના જીવ જોખમાયાં

**બસમાં શોકસર્કીટથી આગ ભભૂકી: બસના કાચ તોડીને તમામને બચાવાયા**

**સુરેન્દ્રનગર,**
ચોટીલાથી આગળ નીકળેલી એક લકઝરી બસમાં ભડીયાદ નજીક આગ લાગતા દર્શનાથે નીકળેલી ૫૪ મહીલાઓના જીવ જોખમમાં મુકાયા હતા. આ દરમ્યાન કેટલાક યુવાનોને બસના કાચ તોડીને મહીલાઓને બહાર કાઢી હતી.

મળતી માહિતી મુજબ, સુરતથી લકઝરી બસમાં ૫૪ બહેનો ધાર્મિક જાત્રા કરવા માટે નીકળી હતી. જુદા જુદા દેવસ્થાનો ઉપર દર્શન કરી અને જયારે સાળંગપુર હનુમાનજી મંદીરના દર્શન કરી અને બોટાદ તરફ પાળીયાદ ખાતે પણ દર્શન કરી અને ત્યાંથી રવાના થઈ હતી. બાદમાં થોડા કિલોમીટર આગળ બસમાં અચાનક શોર્ટ સર્કીટ થતાં આખી બસ અચાનક સળગવા લાગગી હતી. જેના કારણે અંદર મુસાફરી કરી રહેલી ૫૪ જેટલી બહેનોના જીવ જોખમમાં મુકાયા હતા.બસમાં આગ લાગવાની ઘટનાથી મુસાફરી કરતી મહીલાઓમાં ભારે દેકારો મચી ગયો હતો. આ દરમ્યાન બોટાદના રહેવાસી પરીવારના યુવાનો કારમાં પસાર થઈ રહયા હતા. બસને સળગતી જોઈને યુવાનોએ પોતાની કાર એક બાજુ પાર્ક કરી હતી અને તાત્કાલીક સળગતી બસ પાસે દોડી ગયા હતા. આ સાથેતાત્કાલીક બોટાદ ખાતે ફાયર ફાઈટર વડે જાણકારી આપવામાં આવી હતી.

જોકે બોટાદથી ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોચે તે પહેલા જ યુવાનોએ બસના કાચ તોડી અને બહેનોને ઉચકી ઉંચકીને બહાર કાઢી હતી. આ ઘટનાથી બસમાં મુસાફરી કરતી મહીલાઓ ગભરાઈ જતા બુમાબુમ મચી ગઈ હતી.

આ ઘટનામાં મોટાભાગની બહેનોને હેમખેમ ઉગારી લેવાઈ હતી. જોકે ચાર જેટલી બહેનોએ સામાન્ય દાઝી ગઈ હતી. દરમ્યાન તાત્કાલીક ૧૦૮ ને પણ જાણકારી આપવામાં આવતા ઘટના સ્થળે પર આવી અને ઈજાગ્રસ્ત મહીલાઓ સારવાર આપવામાં આવી હતી.

## દાહોદના પાનમમાં બાળલગ્ન સામે તંત્રનું પગલું
## રસ્તામાં જાન રોકી કાચીવયના વરરાજાને ચિલ્ડ્રન હોમ લવાયો

**દાહોદ,**
દાહોદના ધાનપુર તાલુકાના પાનમમાં તંત્રે બાળલગ્ન સામે પગલું લઈ પરણીને પરત થતી જાનને રસ્તામાં અટકાવી કાચીવયના વરરાજાને ચિલ્ડ્રન હોમ લઈ જવાયો. જયારે વળાવેલી કન્યાને તેના પિતાના ઘેર પરત મોકલી દીધી.

૧૬ વર્ષીય કિશોરના લગ્ન પાનમ ગામે રહેતી ૧૮ વર્ષીય કન્યા સાથે ગોઠવી દેવામાં આવ્યા હતાં. બુધવારે જાન પાનમ પહોંચી ગઈ હતી. ત્યાં જમણવાર બાદ બંનેના ફેરા પણ થઈ ગયા હતા. આ અંગે જિલ્લા બાળ સુરક્ષા એકમ સમાજ સુરક્ષા વિભાગના અધિકારીઓને જાણ થતાં તેઓ પોલીસ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પુરાવા માંગ્યા હતા. જોકે ત્યાં માહોલ બગડે તે પહેલાં જ વળાવેલી કન્યાને ફરી તેના પિતાને ત્યાં મોકલી અન્ય જાનૈયાઓને રવાના કરાયા બાદ વરરાજાને દાહોદના ચિલ્ડ્રન હોમ ખાતે લાવવામાં આવ્યો હતો.

## વાપીની જય કેમિકલ કંપનીમાં કામદારોને મતદાન અંગે જાગૃત કરાયા



(તસ્વીર: અશોક જોષી)

**(પ્રતિનિધિ) વાપી,**
જય કેમિકલ્સ (જય ફાઈનકેમ પ્રાઈવેટ લિમિટેડ)જીઆઈડીસી વાપી ખાતે, આગામી લોકસભાની સામાન્ય ચુટણી-૨૦૨૪ અનુલક્ષીને મતદાન જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતું. જીલ્લા મા મતદાન ની ટકાવારી વધે અને મહીલાઓ પણ લોકશાહી ના અવસર મા બહોળી સંખ્યામાં સહભાગી બનીનેને મતઆધિકારનો ઉપયોગ કરીને મતદાન કરે તે માટે મતદાનનું મહત્વ વિષે સમજાવીને અગામી લોકસભાની ચૂંટણીમાં ગેરંટીથી મતદાન કરવા અનુરોધ કરવા આવ્યું હતું અને સાથે સાથે મતદાનના દિવસે મતદાન પ્રક્રિયાને વેગવંતી બનાવવા ની પહેલના રૂપે પ્રથમ ૨૫ મતદારોનું વિશેષ સન્માન કરવામાં આવશે ને મહિલાઓ એ મહેંદી એને રંગોળી બનાવીને

મતદાનની જાગૃતિ માટે પહેલ કરશે. રાષ્ટ્ર ના વિકાશ માટે મારો મત, મારી તાકાત છે મારો મત,મારી શક્તિ છે અને હું અવશ્ય મતદાન કરીશના સંકલ્પ જય કેમિકેલ્સ પરિવાર દ્વારા લેવામાં આવ્યું હતું.

## સાબરકાંઠામાં પાટીદાર અને ક્ષત્રિય તાલુકા સદસ્યનું ભાજપના ઉમેદવારને સમર્થન

**સાબરકાંઠામાં ભાજપના ઉમેદવાર સામે વિરોધમાં ઉતરેલા સદસ્ય હવે ભાજપના ખેસ સાથે જોવા મળ્યા છે**

**પાલનપુર,**
સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી પ્રચાર જોરશોરથી કરી રહ્યા છે. ભાજપના મહિલા ઉમેદવાર શોભનાબેન બારૈયા અને કોંગ્રેસના તુષાર ચૌધરી ગ્રામ્ય વિસ્તારોને ખૂંદી રહ્યા છે તો બીજી તરફ રાજપૂત સમાજ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધનું ડેમેજ કંટ્રોલ પણ થઈ રહ્યાનો માહોલ સર્જાયો છે. આ દરમિયાન હવે ભાજપ સાથે વધુ એક ભાજપના જ ક્ષત્રિય યુવા આગેવાન ફરીથી પ્રચાર કાર્યમાં જોડાયા છે.

યુવા આગેવાન અને તાલુકા પંચાયતના સદસ્ય જિતેન્દ્રસિંહ ઝાલા અગાઉ ઉમેદવારના નામ જાહેર થવાને લઈ વિરોધમાં ઉતરી આવ્યા હતા અને ઉગ્ર રજૂઆતો કરી હતી. વિરોધના સર્જાયેલા ચિત્રમાં મુખ્ય ભુમિકા જિતેન્દ્રસિંહે ભજવી હતી. જોકે હવે તેઓ ઉમેદવારના સમર્થનમાં આવીને ભાજપનો ખેસ પ્રભારી ગજેન્દ્ર સકસેનાના હાથે પહેરીને પ્રચારની શરૂઆત કરી હતી. આમ મહત્વના ક્ષત્રિય આગેવાન હવે ભાજપના ઉમેદવારના સમર્થનમાં પ્રચાર કરવા મેદાને ઉતર્યા છે.

ભાજપે સાબરકાંઠા બેઠક પર મહિલા ઉમેદવારને ટિકિટ આપી છે. જેનાથી પ્રેરાઈને હિંમતનગર તાલુકા પંચાયતના પાટીદાર અપક્ષ મહિલા સદસ્ય ધારા પટેલે ભાજપનો કેસરીયો ધારણ કર્યો છે. ધારા પટેલે ભાજપની મહિલા સશક્તિકરણ માટેની વિચારધારાથી પ્રેરણા લઈને તેઓ અપક્ષમાંથી ભાજપ સાથે જોડાયા હોવાનું કહ્યું હતું.

રામ મંદિરના નિર્માણ સમયે જ તેઓએ ભાજપને સમર્થન કરવાનો નિશ્ચય કર્યો હતો અને હવે આખરે તેઓએ ભાજપનો કેસરી ખેસ ધારણ કર્યો હોવાનું મીડિયાને જણાવ્યું હતું ધારા પટેલે કહ્યું હતું કે, તેઓ ભાજપ માટે પ્રચાર કરીને ઉમેદવારને માટે સમર્થન કરશે.

## કલેકટર કચેરી નજીક બહિષ્કારના બેનરો લાગ્યા
## નડિયાદમાં કલેકટર કચેરી સામે આવેલ ત્રણ સોસાયટીના રહીશોનું ચૂંટણી બહિષ્કારનું એલાન




(તસ્વીર: સાજીદ સૈયદ, નડિયાદ)

**(પ્રતિનિધિ) નડિયાદ,**
નડિયાદ ને મહાનગરપાલિકા નો દરજ્જો આપવાની જાહેરાત થઈ છે તો બીજી બાજુ નડિયાદ રોડ પર આવેલ જિલ્લા કલેકટર કચેરીની બીલકુલ સામે આવેલ ત્રણ સોસાયટીના રહીશો ગટરના પ્રશ્ન છેલ્લા દોઢ વર્ષથી અધિકારીઓ ચૂંટાયેલા નેતાઓ વગેરેને રજૂઆત કરી કરીને થાકી ગયા છતાં આ મુદ્દાનો કોઈ નિરાકરણ ન આવતા આખરે આ રહીશોએ લોકસભાની ચૂંટણીનો બહિષ્કારનો એલાન જાહેર કર્યું છે અને કલેકટર કચેરીથી બિલકુલ નજીક ચૂંટણી બહિષ્કારના બેનરો મારી દેતા હાલમાં આ મુદ્દો ટોપ ઓફ ધ નડિયાદ બન્યો છે જેના કારણે રાજકીય નેતાઓ અને અધિકારીઓ પણ દોડતા થયા છે

નડિયાદમાં ડભાણ રોડ પર કલેકટર કચેરીની બરાબર સામે આવેલ જીઈબી પાસેની ત્રણ સોસાયટી પુષ્પવિહાર, પદ્માવતી અને શ્રીજી પુજન સોસાયટીમા અંદાજે ૭૦થી વધુ મકાનો આવેલા છે અને તેમાં ૬૫થી વધુ પરિવારો વસવાટ કરે છે. છેલ્લા લગભગ દોઢ વર્ષથી ઉપરાંતના સમયથી આ સોસાયટીના કોમન રસ્તા પર ગટરનો પ્રશ્ન વણ ઉકેલ્યો પડી રહ્યો છે. ગટરના ગંદા પાણી રોડ ઉપર ઉભરાતા લોકોને આવન જાવન કરવામાં ભારે તકલીફો પડી રહી છે. ખાસ કરીને વયો વૃધ્ધ, બાળકોને ન છુટકે આવા ગંદા પાણીમાં પગ મૂકીને આવવુ જવું પડે છે.આ સમસ્યા લાંબા સમયથી છે હાલ આ સમસ્યા એટલી હદે વકરી છે કે છેલ્લા લાંબા દિવસોથી ગટરના પાણી બહાર ઉભારાતા અને રોડ પર ભરાઈ જવાના કારણે રોડ પર લીલના મોટા થર પણ જામી ગયા છે. જેના કારણે ચાલીને આવવુ તેમજ ટુવ્હિકલ લઈને આવવું ખુબજ મુશ્કેલ બન્યું છે. સોસાયટીની મહિલાઓને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. હવે તો આ પાણી ભરાઈ રહેતા દૂર્ગંધ આવતા લોકોને ઘરના દરવાજા બંધ કરી ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી છે. આ ત્રણેય સોસાયટીમાં મોટેભાગે મધ્ય વર્ગના અને જુદી જુદી સરકારી દફતરોમા ફરજ બજાવતા નોકરીયાત વર્ગ રહે છે. ત્યારે આ પ્રશ્ન સામે છેલ્લા દોઢ વર્ષથી આ સોસાયટીના રહીશો લડી રહ્યા છે.આ પ્રશ્ને અગાઉ સ્થાનિકોએ યોગીનગર ગ્રામ પંચાયતથી માંડીને વિધાનસભા અને છેલ્લે જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ લેખિત રજૂઆતો કરી હતી. તો છેલ્લે વિધાનસભા ચૂંટણી સમયે પણ રણચંડી બનેલી સ્થાનિક મહિલાઓએ ઉગ્ર રજૂઆત કરી હતી. જે તે સમયે માત્ર આશ્વાસન અને કુણીએ ગોળ લગાવી પ્રશ્નને ઉકેલ લવાશે તેમ જણાવ્યું હતું. પરંતુ આજ દિન સુધી આ સમસ્યા ઠેરની ઠેર રહેતા આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાન અને ચૂંટણી બહિષ્કારનો આ ત્રણેય સોસાયટીના રહીશોએ નિર્ણય લીધો છે. ચૂંટણી બહિષ્કારના બેનરો પણ સોસાયટીના પ્રવેશ દ્વાર પાસે લગાવમાં આવ્યા છે.

## ધ્રાંગધ્રાના સોલડી ગામના યુવાનનો વ્યાજખોરોથી કંટાળી આપઘાતનો પ્રયાસ

**મહિલા સહિત ૨૨ વ્યાજખોરો સામે ગુનો નોંધાયો**

**ધ્રાંગધ્રા,**
સોલડી ગામના યુવાને શેરબજારમાં નુકસાની જતા મહિલા સહિત ૨૨ શખસ પાસેથી નાણા વ્યાજે લીધા હોય તેની ચૂકવણી કરી હોવા છતાં પઠાણી ઉઘરાણી કરવામાં આવતા કંટાળી જઈ યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પોલીસે મહિલા સહિત ૨૨ શખસ સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે, સોલડી ગામે રહેતા રાકેશ હિંમતભાઈ ઠોરિયા નામના યુવાને શેરબજારમાં નુકસાની જતા સોલડી અને ધ્રાંગધ્રામાંથી મહિલા સહિત ૨૨ શખસ પાસેથી ઉંચા વ્યાજે નાણા લીધા હતા અને વ્યાજ સહિત નાણા ચૂકવી દીધા હોવા છતાં પઠાણી ઉઘરાણી કરવામાં આવતા અને ચેક પરત નહીં કરવામાં આવતા તેમજ ધ્રાંગધ્રાના એક શખસ દ્વારા તેની પાસેથી નાણા વ્યાજે નહીં લીધા હોવા છતાં નોટી આપી રૂ.૨૦ લાખની ઉઘરાણી કરવામાં આવતા રાકેશ ઠોરિયા કંટાળી ગયો હતો અને વીડિયો બનાવી સુસાઈડનોટ બનાવી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ બનાવ અંગે પોલીસે રાકેશ ઠોરિયાની ફરિયાદ પરથી સોલડીના ઈશ્વર કોળી, ભરત ભરવાડ, મેપા કોળી, મુન્ના કોળી, મુકેશ ભરવાડ, જાલા ભરવાડ, ભરત ભરવાડ, સંજય ઠાકોર, નવઘણ ભરવાડ, બીજલ રતના ભરવાડ, મુન્ના ભરવાડ, તારાબેન પ્રજાપતિ, લાલા પ્રજાપતિ, સોલડીના સિણાભાઈ, ભગુ ભરવાડ, મુન્નાભાઈ, નિરવ, મોન્ટુ, સંજય અને મૌલિક પટેલ, સાગર પટેલ અને હીરા જાદવ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## ચૂંટણીમાં મત કોને આપવો તે અંગે નિર્ણય લેવાશે
## આજે જૂનાગઢમાં ત્રણ હજાર ક્ષત્રિયોનું મહાસંમેલન યોજાશે

**જૂનાગઢ,**
જૂનાગઢમાં શુક્રવારે જૂનાગઢ જિલ્લાના સમસ્ત ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાશે. હાલમાં પરશોત્તમ રૂપાલા મામલે જે વિવાદ ચાલી રહ્યો છે તે મુદ્દાને પણ ધ્યાને રાખીને રણનીતિ ઘડવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે.

આ અંગે જૂનાગઢ રાજપૂત કરણી સેનાના જિલ્લા પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે, ક્ષત્રિયો વિશે પરશોત્તમ રૂપાલાએ કરેલા વાણી વિલાસ બાદ સમગ્ર દેશના ક્ષત્રિયોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક ગામોમાં ક્ષત્રિય સમાજના સંમેલન યોજાઈ રહ્યા છે ત્યારે હવે જૂનાગઢમાં પણ મહાસંમેલન યોજાવા જઈ રહ્યું છે.

જૂનાગઢ જિલ્લાના તમામ ક્ષત્રિય સમાજનું આ મહાસંમેલન શુક્રવારે ખલીલપુર રોડ સ્થિત ગોલ્ડન ફાર્મમાં સાંજે યોજાશે. આ મહાસંમેલનમાં અંદાજે ૩ થી ૪ હજાર જેટલા ક્ષત્રિયોની હાજરી રહેશે. આ સંમેલનમાં હાલની સ્થિતીને લઈને પણ મહત્વના નિર્ણય કરવામાં આવી શકે છે. હવે ૭મેએ યોજાનાર લોકસભાની ચૂંટણીમાં કોને મત આપવો કે કોને મત ન આપવો તે અંગેનો નિર્ણય પણ આ સંમેલનમાં થઈ શકે છે. જોકે આ સંમેલન એકદમ શાંતિપૂર્ણ રીતે અને સંપૂર્ણ લોકશાહી ઢબે યોજાશે.

## જામખંભાળિયામાં જામનગરનું એફએમ સ્ટેશન નથી પકડાતું, પાકિસ્તાનનું આવે !

**જામખંભાળિયા,**
ખંભાળિયામાં જામનગરનું ૬૦ કિ.મી. દૂરનું એફ.એમ. સ્ટેશન આવતું નથી અને કિલોમીટરો દુરનું કરાંચી સ્ટેશન સ્પષ્ટ પકડાતા આશ્ચર્ય ફેલાયું છે.

ખંભાળિયા દ્વારકા તથા જામનગર વિસ્તાર દરિયાઈ દૃષ્ટિએ પાકિસ્તાનની નજીક હોવાથી અહીં દ્વારકા ખંભાળિયા જામનગર વગેરે સ્થળે ટી.વી.માં જયારે ડિશ સિસ્ટમ ન હતી અને એન્ટેના હતું ત્યારે ટી.વી. રિલે કેન્દ્રો નખાયા હતાં જેથી પાકિસ્તાન ટી.વી. અહીં ન આવે પણ હવે એન્ટેનાનો જમાનો નથી. ડિશ ટીવી તથા હવે તો વાઈફાઈ ટી.વી. સ્માર્ટ ટી.વી. આવી ગયા છે ત્યારે કેટલાક સમયથી અહીં એફ.એમ. રેડિયોમાં ૧૦૧ નંબર પર કરાંચી પાકિસ્તાનનો એફ.એમ. રેડિયો શરૂ થતાં ભારે ચર્ચા જાગી છે. નવાઈની વાત છે કે પાકિસ્તાનનું એફ.એમ. સ્ટેશન ટેકનોલોજીવાળુ કેવું કે છેક ૪૦૦ કિ.મી. દૂર અહીં સ્પષ્ટ આવે છે જયારે જામનગર અહીંયાથી માત્ર ૬૦ કિ.મી. દૂર છે છતાં ત્યાંનું ૯૧.૯૦ સ્ટેશન પકડાતું નથી.

## ભાવનગરમાં ગેસના બાટલાથી તિન કા પાંચ કરવાનું કૌભાંડ

**ગેસ કાઢી ઓછાં વજનના બાટલા વેચવાના કારસ્તાન પર એસઓજીના દરોડા, એકની ધરપકડ**

**ભાવનગર,**
ભાવનગર શહેરના ઘોઘા જકાતનાકા પાસે આવેલા મીનિ હીરા બજાર વિસ્તારમાં ગેસ સિલિન્ડરમાંથી ગેસ કાઢીને ઓછા વજનના ગેસ સિલિન્ડર વેચવાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની બાતમી મળતા એસઓજીએ દરોડો પાડી આરોપીને ઝડપી લઈ રૂ.૫૨,૬૭૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર એસઓજીને બાતમી મળી હતી કે, ઘોઘા જકાતનાકા પાસે આવેલી એક દુકાન અને તેની પાસેથી ઓરડીમાં મોટી સંખ્યામાં ગેસના સિલિન્ડર રાખવામાં આવેલા છે અને ત્રણ ભરેલા સિલિન્ડરમાંથી પાંચ સિલિન્ડરમાં ગેસ ભરી ઓછા વજનના ગેસ સિલિન્ડર વેચવામાં આવી રહ્યા છે આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર તપાસ કરતા સ્થળ પરથી લાલજી બારૈયા નામનો શખસ મળી આવ્યો હતો.

ઓરડીમાં તપાસ કરવામાં આવતા ઈન્ડેન કંપનીના ૩૩ ભારત કંપનીના ૩, રિલાયન્સ કંપનીના ૬ તેમજ અન્ય બે ગેસ બોટલ મળી કુલ ૪૪ ગેસના બોટલ મળી આવ્યા હતા. સ્થળ પરથી વજન કાંટો તેમજ ભુંગળીઓ અને ચીપિયા સહિતનો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો. તપાસમાં ભરેલા ત્રણ ગેસ સિલિન્ડરમાંથી પાંચ ગેસ સિલિન્ડર ભરી ઓછા વજનના ગેસ સિલિન્ડર વેચવામાં આવી રહ્યા હોવાનું જણાતા પોલીસે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. આ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## બાંટવામાં રસ્તાના કામ અધૂરાં છોડી કોન્ટ્રાકટર પલાયન થઈ ગયા

**ખાડા ખબડાવાળા રસ્તામાં વાહનો ચાલી શકતા નથી**

**બાંટવા,**
બાંટવામાં રાજકીય નેતાઓ વિકાસના દાવા કરવામાંથી ઉંચા આવતા નથી, પણ વાસ્તવિકતા કંઈક જુદી જ જોવા મળી રહી છે. વિકાસના નામે રસ્તાના કામ થયા, પણ કામમાં લોટ, પાણીને લાકડાની જેમ આડેધડ કામગીરી થઈ હોવાથી લોકોની સુવિધા વધવાના બદલે દુવિધા વધી છે.

ગામમાં આઠ મહિના પહેલાં પાણીની લાઈન ફીટ કરવાનું કામ કરાયું બાદ રસ્તાનું કામ ચાલુ કરાયું, જે પૂર્ણ થયું નથી સીસી રોડનું કામ અધુરું છોડી કોન્ટ્રાકટર પલાયન થઈ ગયા છે. આશીર્વાદ સોસાયટીના રહીશોએ અનેક વખત રજૂઆત કરી, પણ ધ્યાને લેવાઈ નથી. ચૂંટાયેલા સદસ્યોને રજૂઅત કરવામાં આવે તો વહીવટદારનું શાસન હોવાથી અમે કંઈ ન કરી શકીએ તેવો જવાબ મળ્યો. વહીવટદાર તરીકે રહેલા ચીફ ઓફિસરને રજૂઆત કરાઈ તો જવાબ મળ્યો કે કોન્ટ્રાકટર ચાલ્યા ગયા છે. રસ્તાના અધૂરા કામથી નગરજનો ભારે પરેશાન છે. સ્થાનિક દિવ્યાંગ મહિલાએ આક્રોશ ઠાલવ્યો કે આવા રસ્તામાં વાહન ચલાવવુ કઈ રીતે? નોકરીના સ્થળ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી ઉભી થાય છે. બીજી બાજુ દિનેશભાઈ મારૂ નામના નગરજને જણાવ્યું કે મકાનનો સામાન અહીં સુધી સરળતાથી પહોંચતો નથી. બિસ્માર રસ્તાના કારણે વાહનો છેલ્લે સુધી આવતા નથી. અમિતભાઈ રૂપારેલિયાએ જણાવ્યું કે તેના બીમાર પિતાશ્રીને દવાખાના સુધી લઈ જવામાં ભારે તકલીફ પડી રહી છે.

# અમદાવાદ શહેરમાં આગામી પાંચ દિવસ કાળઝાળ ગરમી પડશે

### એપ્રિલ મહિનામાં ગરમીને લગતી બીમારીના ૬૫૦૬ કેસ નોંધાયા

| તારીખ | ૧૦૮માં નોંધાયેલ કેસ | અ.મ્યુ.કો.ની હોસ્પિટલમાં નોંધાયેલ કેસ |
|---|---|---|
| ૨૧/૪ | ૨૨૦ | ૧ |
| ૨૨/૪ | ૨૦૮ | ૧૬ |
| ૨૩/૪ | ૧૯૧ | ૧૯ |
| ૨૪/૪ | ૨૦૫ | ૧૩ |
| ૨૫/૪ | ૨૩૦ | ૧૫ |
| ૨૬/૪ | ૨૦૭ | ૧૧ |
| ૨૭/૪ | ૨૧૧ | ૧૦ |
| ૨૮/૪ | ૨૯૭ | ૦ |
| ૨૯/૪ | ૨૮૫ | ૧૪ |
| ૩૦/૪ | ૨૦૩ | ૧૬ |
| ૧/૫ | ૨૨૩ | ૧૪ |
| કુલ | ૨૪૮૦ | ૧૨૯ |

| ગરમીને લગતા કેસ (૧૦૮માં નોંધાયેલ કેસો) | |
|---|---|
| પેટનો દુખાવો - ૨૪૯૪ | હાઈ ફિવર - ૮૮૫ |
| વોમીટીગ - ૧૪૮૦ | માથાનો દુખાવો: ૨૦૬ |
| હીટ સ્ટ્રોક - ૦૧ | બેભાન - ૧૪૩૯ |

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે ગરમીનો પારો વધી રહયો છે સ્માર્ટ સીટી અમદાવાદમાં ૪૨ ડીગ્રી ગરમી નોંધાઈ રહી છે. મ્યુનિ. કોર્પોરેશને હવામાન વિભાગની માહિતી મુજબ આગામી પાંચ દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે આ દિવસો દરમિયાન ગરમીનો પારો ૪૨ ડીગ્રી રહે તેવી શક્યતા છે જયારે છેલ્લા ૧૦ દિવસ દરમિયાન ગરમીને લગતા ૨૬૦૦ જેટલા કેસ નોંધાયા છે.

અમદાવાદ શહેરમાં ૨જી મેથી ૬ઠ્ઠી મે સુધી તાપમાનમાં સતત વધારો થશે હવામાન વિભાગની આગાહી મુજબ ૩ અને ૬ મેએ ગરમીનો પારો ૪૨ ડીગ્રી સુધી જઈ શકે છે. જયારે બાકીના ત્રણ દિવસ ૪૧ ડીગ્રી તાપમાન રહે તેવી શકયતા છે. મ્યુનિ. કોર્પોરેશને સંભવિત ગરમીને ધ્યાનમાં લઈ શહેરમાં પાંચ દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે આ પાંચ દિવસ દરમિયાન નાગરિકોએ જરૂરી કામ વિના બહાર ન નીકળવા, સમયાંતરે આરામ કરવા, નાના બાળકો અને સગર્ભા સ્ત્રીઓનું ધ્યાન રાખવા, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવા તેમજ ચા, કોફી અને સોડાવાળા પીણા પર નિયંત્રણ રાખવા અપીલ કરવામાં આવી છે.

શહેરના નાગરિકોને કાળઝાળ ગરમીથી રાહત મળી રહે તે માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૧૯૪ સ્થળોએ ઓઆરએસ કોર્નર તૈયાર કરવામાં આવ્યા છે જેમાં છેલ્લા એક અઠવાડિયા દરમિયાન ૪૫ હજારથી વધુ ઓઆરએસ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે શહેરમાં સામાજિક સંસ્થાઓની મદદથી ૬૮૬ સ્થળે પાણીની પરબ તૈયાર કરવામાં આવી છે. જયારે મ્યુનિ. કોર્પો. દ્વારા દરેક ઝોનમાં મોબાઈલ પરબ પણ ચાલી રહી છે. એએમટીએસ અને બીઆરટીએસના દરેક બસ સ્ટેન્ડ પર પીવાના પાણી તેમજ ઓઆરએસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. શહેરના તમામ હોસ્પિટલો તેમજ કોમ્યુનીટી હેલ્થ સેન્ટરમાં હીટ રિલેટેડ બીમારીના દર્દીઓને સારવાર માટે પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

મ્યુનિ. કોર્પોરેશનમાં હિટ એકશન પ્લાનનો ચાર્જ સંભાળતા ડેપ્યુટી હેલ્થ ઓફિસર તેજસ શાહના જણાવ્યા મુજબ એપ્રિલ મહિનામાં ગરમીને લગતી વિવિધ બીમારીના ૬૫૦૫ કેસ નોંધાયા છે જેમાં પેટમાં દુખાવાના ૨૪૯૪, પેટમાં દુખાવા સાથે વોમીટના ૧૪૮૦, હીટ સ્ટ્રોક-૦૧, હાઈ ફિવર-૮૮૫, માથાનો દુખાવો - ૨૦૬ અને બેભાન થવાના ૧૪૩૯ કેસનો સમાવેશ થાય છે. જયારે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હોસ્પિટલોમાં ૨૧ એપ્રિલથી ૧ મે દરમિયાન ગરમીને લગતી વિવિધ બીમારી જેવી કે પેટનો દુખાવો, ચક્કર આવવા, ઝાડા-ઉલ્ટી, હાઈ ફિવર વગેરેના ૧૨૯ કેસ નોંધાયા છે. જેમાં છેલ્લા ત્રણ દિવસમાં જ ૫૦ જેટલા કેસ નોંધાતા તંત્ર દોડતુ થઈ ગયું છે.

## અમદાવાદ :૨૬૪૦ જેટલાં મતદારોએ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

**(એજન્સી) અમદાવાદ,**
ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં આગામી તારીખ ૭ મી મે-૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી માટે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે તેમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ચૂંટણી તંત્ર દ્વારા અથાક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં દરેક નાગરિકનો મત ખૂબ જ કીમતી હોય છે એટલે જ ચૂંટણી પંચ દ્વારા ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને ૪૦%થી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદારો ઘેર બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. એ માટે ફોર્મ-૧૨ ડી ભરનારા ૩૪૭૭ જેટલાં ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો માટે પોતાના ઘરેથી મત આપી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે. આ મતદાન માટે તારીખ ૨૪ એપ્રિલથી તંત્ર દ્વારા તેમના ઘરે ઘરે જઈ મત મેળવવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. જેમાં આજ દિન સુધીમાં અમદાવાદ જિલ્લામાં કુલ-૨૬૪૦ જેટલાં ૮૫ વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યુ છે. આ પ્રક્રિયા આગામી તારીખ ૫ મે સુધી ચાલશે. આ ઉપરાંત જેમણે ફોર્મ-૧૨ ડી નથી ભર્યું તેવા આ ઉંમરના તમામ મતદારો અને દિવ્યાંગ મતદારો મતદાન મથક પર જઈને પણ મતદાન કરી શકશે. આ મતદારો માટે મતદાન મથકો પર પણ સ્વયંસેવકો તથા વ્હીલચેરની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લામાં કુલ-૫૧,૦૦૦થી વધારે ૮૫ વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો નોંધાયેલા છે. વરિષ્ઠ અને શતાયુ મતદારોની વિગતવાર વાત કરીએ તો, સૌથી વધુ અમદાવાદ પશ્ચિમ લોકસભામાં ૧૮,૮૩૬ મતદારો ૮૫ વયના છે, જ્યારે અમદાવાદ પૂર્વ લોકસભામાં ૬૫૮૦ મતદારો ૮૫ વયના છે.


અમદાવાદમાં વધી રહેલ ગરમીના કારણે લોકો છત્રી લઈને બહાર નીકળી રહ્યા છે.(તસવીર :જયેશ મોદી)

## ઓનલાઈન મંગાવેલું પાર્સલ ખોલતા થયો બ્લાસ્ટઃ બેનાં મોત

### 3 લોકોને ઇજા થતાં સારવાર માટે હોસ્પિટલ લઇ જવાયા

**(એજન્સી) વડાલી,**
સાબરકાંઠામાં એક વ્યક્તિએ ઈલેક્ટ્રોનિકની વસ્તુ ઓનલાઈન મંગાવી હતી. જેનું પાર્સલ ઘરે હોમ ડિલિવરીમાં આવી ગયું અને બાદમાં વ્યક્તિએ જ્યારે હોંશે હોંશે આ પાર્સલ ખોલ્યું કે તરત જ મોટો બ્લાસ્ટ થયો હતો. આ ઘટના એટલી ગંભીર છે કે પાર્સલ બોક્સ નીચે પડી ગયું અને ૧ વ્યક્તિનું તો ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા અન્ય ૩ શખસો તેની પાસે હતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. અત્યારે આ પાર્સલની તપાસ ચાલી રહી છે અને અન્ય લોકોને હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં વધુ એકનું મોત થયું હોવાથી મૃત્યુઆંક વધી ૨ ઉપર પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના સાબરકાંઠાના વડાલી ખાતે બની છે. જેમાં એક વ્યક્તિએ ઓનલાઈન ઈલેક્ટ્રિક પ્રોડક્ટ સર્ચ કરી અને પછી મંગાવી દીધી હતી. હવે આ સમયે જ્યારે હોમ ડિલિવરીમાં આ વસ્તુ પાર્સલમાં પેક થઈ ને આવી કે મોટી દુર્ઘટના ઘટી હતી. સૌથી પહેલા તો વ્યક્તિએ અહીં પાર્સલ કલેક્ટ કરીને તેમાં શું આવ્યું છે એ જોવા ઓપન કરવાનું શરૂ કર્યું હતું. તેને ટેપ અને અન્ય વસ્તુથી પાર્સલ અનવ્રેપ કર્યું કે તરત જ આમાં મોટો બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ખોલતાની સાથે જ એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી બાજુ ઊભેલા ૩ વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચી હતી. લોકો ત્યારપછી અહીં એકઠા થઈ ગયા અને બોક્સના ચિથડે ચિથડા ઊડી ગયા હતા એવી હાલતમાં તે મળી આવ્યું હતું. જોતજોતમાં જે ઈજાગ્રસ્ત હતા તેમની સ્થિતિ ગંભીર થતા તેમને પહેલા ઈડરની હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ ત્યાંથી વધારે સારી સારવાર આપવા માટે તેમને બધાને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી પ્રમાણે આ પાર્સલમાં બ્લાસ્ટ એવો પ્રચંડ હતો કે ઘરમાં રહેલો સામાન વેરવિખેર થઈ ગયો હતો. આના ધમાકાને લીધે દૂર ૧ કિલોમીટર સુધી અવાજ ફેલાયો અને જાણે આસપાસની સોસાયટીના ઘરો પણ ધણધણી ઉઠ્યા હોય તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ હતી. અત્યારે ડીવાયએસપી, જિલ્લા એલસીબી સહિત વડાલી પોલીસ કર્મીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને વધારે તપાસ શરૂ કરી દીધી છે. આ યુવકે ક્યાંથી ઓનલાઈન ઓર્ડર કર્યો હતો અને એમાં કઈ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ હતી તેની તપાસ પણ હાથ ધરવામાં આવી ગઈ છે. ઉલ્લેખનીય છે કે ઘણીવાર પાર્સલ ખોલો તો પથ્થર કે નકલી વસ્તુઓ આવે છે. આવા ઘણા કિસ્સા સામે આવ્યા છે જેમાં લોકોની સાથે છેતરપિંડી ઘટી હોય પરંતુ પાર્સલ ખોલતાની સાથે જ અંદર રહેલી ઈલેક્ટ્રિક પ્રોડક્ટમાં બ્લાસ્ટ થવો અને એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.

## ૧૪ મતદાન મથકો પર ચૂંટણી પંચે કરી છે ખાસ તૈયારીઓ

**(એજન્સી) દાહોદ,**
દાહોદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર સુસજ્જ છે. મતદાન મથકોને લઈને પણ તૈયારીઓ અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ માટે અંતરિયાળ વિસ્તારમાં કેટલાક પડકારનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાને લઈને પણ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે કેટલાક વિસ્તારોમાં ચૂંટણીને વખતે કેટલાક પડકારોને પણ તંત્રએ ઝીલવાના છે. જેમાંનો એક પડકાર શેડો એરિયાની સમસ્યાનો છે. દાહોદ જિલ્લામાં ક્યાંક જંગલ વિસ્તાર છે તો ક્યાંક ડુંગરાળ વિસ્તાર પણ છે. આવા સ્થળોએ મોબાઈલ ફોનના નેટવર્કનો અભાવ છે. જેથી લોકસભાની ચુંટણી દરમિયાન આવા જંગલ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં મતદાન મથક ઉપરથી મતદાનના આંકડા મેળવવા તેમજ અન્ય કોઈ પણ માહિતી મેળવવી હોય કે સંદેશો પહોંચાડવો હોય તો સમસ્યા સર્જાઇ શકે છે. જેથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવા મતદાન મથકોને અલગ તારવવામાં આવ્યા છે. દાહોદ ચૂંટણી પંચે આવા મતદાન મથકોની અલગ યાદી તૈયાર કરી તેમને 'શેડો એરીયા'માં સ્થાન આપ્યું છે. અહીં સૌથી મોટા પડકાર પૈકી એક મોબાઈલ નેટવર્કનો સામે આવ્યો છે. જિલ્લાના ૧૪ ગામના મતદાન મથકો ઉપર મોબાઈલ ટાવરનું નેટવર્ક નહીં હોવાને કારણે તેમને વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે. આંકડાકિય માહિતી અને કઈ પણ જરૂર પડે સંપર્ક સાધી શકાય માટે મતદાન મથકો પર ખાસ પોલીસ જવાન વોકીટોકી સજ્જ રાખવા સાથે આ મતદાન મથકોને વાયરલેસ સેટથી જોડવામાં આવનાર છે.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### સુરતમાં બીઆરટીએસના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા

**(એજન્સી) સુરત,**
આજ રોજ સુરત મહાનગર પાલિકા સંચલિત બીઆરટીએસના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા. પાલનપુર બસ ટર્મિનલ ખાતે કર્મચારીઓ પગાર મુદ્દે માંગણીને લઈને હડતાળ પર ઉતર્યા. કર્મચારીઓનો આક્ષેપ છે કે ૨૨,૫૦૦ પગાર નક્કી કરાયો હતો જેની સામે ૧૫,૬૦૦ આપવામાં આવે છે. સુરતના પાલનપુર ટર્મિનલ બસ ડેપોમાં એકાએક જ બીઆરટીએસ ડ્રાઈવરો પગાર સહિત વિવિધ મુદ્દાઓને લઈ હડતાલળ પર ઉતર્યા છે, જેને કારણે બસો બંધ થઈ ગઈ છે. અને ચિમકી ઉચ્ચારી છે કે જ્યા સીધી અમારી માંગણી જ્યાં સુધી નહિ સંતોષાય ત્યાં સુધી હડતાલ યથાવત રાખશે. સુરતમાં બીઆરટીએસ ડ્રાઈવરો પગાર સહિત વિવિધ મુદ્દાઓને લઈ હડતાલ પર ઊતરતાં હોય છે ત્યારે આજે ફરી એક વાર બીઆરટીએસના ડ્રાઈવરો પગાર મુદ્દે બસોના પૈંડા થંભાવવા હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. સુરતના પાલનપુર ટર્મિનલ બસ ડેપો ખાતે આજ રોજ બીઆરટીએસ ડ્રાઈવરો ડેપો ખાતે ભેગા થઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### વડોદરાની શ્રેયસ સ્કૂલમાં વાલીઓએ હોબાળા કર્યો

**(એજન્સી) વડોદરા,**
વડોદરા શહેરના બગીખાના વિસ્તારમાં આવેલી શ્રેયસ સ્કૂલમાં આરટીઈ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આરટીઈ હેઠળ પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ પાસે એક્ટિવિટી ફી માંગવામાં આવે છે અને ફી નહીં આપનારા વિદ્યાર્થીઓના પરિણામ સ્કૂલે રોકી રાખ્યા છે. ઓલ ગુજરાત વાલી મંડળ દ્વારા વાલીઓને સાથે રાખીને સ્કૂલની બહાર દેખાવો કરવામાં આવ્યા હતા. વાલીઓએ કહ્યુ હતુ કે, આરટીઈ હેઠળ ભણતા વિદ્યાર્થીઓ પાસે અન્ય કોઈ પ્રકારની ફી લઈ ના શકાય. આમ છતા સ્કૂલ વર્ષે ૬૦૦૦ રૂપિયા એક્ટિવિટી ફી માટે અને સ્માર્ટ ક્લાસની ફી ભરવા માટે દબાણ કરે છે. આટલી ફી ભરવાની અમારી ત્રેવડ જ નથી. તો બીજી તરફ સ્કૂલમાં પાણીની પણ યોગ્ય સુવિધા નથી. બોયઝ અને ગર્લ્સના વોશરૂમ્સ સુધ્ધા અલગ નથી. શિક્ષકો વિદ્યાર્થીઓને ટોર્ચર કરે છે તે તો અલગ.જ્યારે શાળાના આચાર્ય પ્રીતિબેને કહ્યું હતુ કે, વાલીઓની બેઠક બોલાવીને તેમની સમક્ષ પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો અને એક્ટિવિટી ફી માટે તેમણે સંમતિ આપી હતી.

### મહિલાની બે તોલા સોનાની ચેન તોડી બે બાઈક સવાર ફરાર

**(એજન્સી) વડોદરા,**
વડોદરાના વાઘોડિયા રોડ કલાદર્શન ચાર રસ્તા તરફ ઈવનિંગ વોકમાં નીકળેલા બી.આઈ.ડી.સીની ખાનગી કંપનીમાં આસી.મેનેજર અને તેની પત્ની સહિત ત્રણ જણા નીકળ્યા હતા. રાત્રે પાછળથી બાઈક પર આવેલા માસ્કધારી બે લૂંટારા પૈકી પાછળ સવાર આરોપીએ મહિલાના ગળામાંથી બે તોલા સોનાની ચેન તોડી લેતા બાઈક ચાલકે યુ-ટર્ન લઈને પૂર ઝડપે બાઈક ભગાવીને બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસની વિગત એવી છે કે ગોરવા બી.આઈ.ડી.સી.ની ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર હરેન્દ્ર પટેલ ફરજ બજાવે છે તેમની પત્ની હેમલબેન અને પિતરાઈ દીયર દક્ષેશ પટેલ સહિત ત્રણે જણા જમી પરવારીને રાત્રે ઈવનિંગ વોકમાં નીકળ્યા હતા.

### રોકાણના નામે ઠગાઈના કૌભાંડનો પર્દાફાશ થયોઃ બેની ધરપકડ

**(એજન્સી) અમદાવાદ,**
રોકાણના નામે છેતરપિંડી કરતી ટોળકીને ઝડપી લઈને ક્રાઈમ બ્રાંચે આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે શખ્સોની ધરકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વિગત મુજબ આરોપીઓએ લોકોને ૪ ટકા નફાની લાલચ આપીને રોકાણ કરવા માટે લલચાવ્યા હતા. બાદમાં તેમની પાસે મોટી રકમનું રોકાણ કરાવ્યું હતું. દરમિયાન લોકો પાસે અંદાજે ૭૮ લાખ રૂપિયાનું રોકાણ કરાવીને કંપની બંધ કરી દીધી હતી. નવરંગપુરામાં આ અંગે એક કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોધાવવામાં આવી હતી. આ અંગે ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરીને બે આરોપીની ધરપકડ કરી હતી.પોલીસની પ્રાથમિક તપાસમાં આશરે ૧૯ લોકો પાસે રોકાણ કરાવીને તેમની સાથે છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે.

## અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં પાછો દેખાયો લમ્પી વાયરસ

**(એજન્સી) અમદાવાદ,**
અમદાવાદ ગ્રામ્યમાં પાછા લમ્પી વાયરસના લક્ષણ જોવા મળ્યા છે. જેમાં પશુમાં લક્ષણ દેખાતા ચિંતા વધી છે. અમદાવાદ ગ્રામ્યમાં લમ્પી વાયરસનો કેસ નોંધાયો છે. વિરમગામના વસવેલીયા ગામે લમ્પીને કેસ નોંધાયો છે. તેમાં ૫ પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણ દેખાતા ચિંતા વધી છે. પશુપાલકો માટે છેલ્લા કેટલાય સમયથી માથાનો દુખાવો બની ગયેલો રોગ એટલે કે લમ્પી વાયરસ જેણે થોડા સમય પહેલા અનેક પશુધનના જીવ લીધા હતા. આ લમ્પી વાયરસે ફરી એકવાર દેખાદેતાં પશુપાલકો અને પશુ ચિકિત્સકોમાં ખળભળાટ ફેલાયો છે. જાણવા મળી રહ્યું છે કે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં એકવાર ફરી લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર એવા વિરમગામ તાલુકાના કેટલાંક ગામોમાં પશુધનમાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. વિરમગામ તાલુકાના વસવેલીયા ગામમાં પશુઓમાં લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે જેણે લઈને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. ઉલ્લેખનીય છે કે વસવેલીયા ગામમાં ૩ ગાય અને ૨ વાછરડામાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. લાંબા સમય બાદ વિરમગામ પંથકમા પશુઓમા લમ્પી વાયરસના લક્ષણો જોવા મળતા પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. તો, લમ્પીના કેસો સામે આવતા વિરમગામ પશુ આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## એરપોર્ટ ઉપર નવા ૨૨ ચેકઈન કાઉન્ટર અને ૪ એરોબ્રિજ બનશે

**(એજન્સી) અમદાવાદ,**
અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અત્યારે મુસાફરોનો ધસારો સતત વધી રહ્યો છે. તેવામાં આગામી સમયે ઓલિમ્પિકને હોસ્ટ કરી શકાય એવી સંભાવનાઓ જણાઈ રહી છે અને એટલું જ નહીં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ફ્લાઈટનો ટ્રાફિક પણ વધતા હવે અમદાવાદ એરપોર્ટને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આનાથી પેસેન્જર્સને વેઈટિંગ ટાઈમ ઘટશે એટલું જ નહીં તેઓ સરળતાથી કનેક્ટિંગ ફ્લાઈટ પણ પકડી શકશે. એટલું જ નહીં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ૨૦૨૫ના અંત સુધીમાં મેટ્રોને પણ અમદાવાદ એરપોર્ટ સાથે જોડીને નવો પેસેન્જર ગેટ બનાવવાનો માસ્ટર પ્લાન બનાવાઈ રહ્યો છે. આના માટે કઈ કઈ સુવિધાઓ એડ કરાઈ રહી છે એના પર નજર કરીએ.

એરપોર્ટ ટર્મિનલ-૨ પર માર્ચ ૨૦૨૫ સુધીમાં જોઈએ તો ચાર નવા એરોબ્રિજ શરૂ થઈ જાય એવી ધારણા છે. એટલું જ નહીં જ્યારે પીક અવર્સ હોય કે પછી ફેસ્ટિવલ સિઝન હોય તો પેસેન્જર્સને વેઈટિંગ ઘણું કરવું પડતું હતું. આને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પર ૨૨ નવા ચેકઈન કાઉન્ટર બનાવવાની જાહેરાત પણ કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ટર્મિનલ ૨ પર ડોમેસ્ટિકથી ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ડેસ્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે. હવે આગામી સમયમાં ફ્લાઈટ્સનો ટ્રાફિક પણ વધવાની સંભાવના છે. જેના પગલે ભાડામાં પણ ઘટાડો થઈ શકે છે. એટલું જ નહીં બીજી બાજુ જોવા જઈએ તો ટર્મિનલ ૨નું એક્સટેન્શન પણ પ્રોગ્રેસમાં છે.

આનાથી પેસેન્જર્સને હવે કનેક્ટિંગ ફ્લાઈટ્સ છે તે પકડવામાં સરળતા રહેશે. અહીં ખાસ ઝાંખીઓ પણ ઊભી કરાશે. જેમાં ગુજરાતની હસ્તકલા, સ્થાપત્ય, વારસા સહિતનો અનુભવ કરાઈ શકાશે. અહીં દાંડીયાત્રા અને દેશના સ્વતંત્રતામાં ગુજરાતનું શું યોગદાન છે એની ઝાંખીઓ પણ એડ કરાઈ છે. ચેકિંગ કાઉન્ટરમાં જોવાજઈએ તો ૩૪ અત્યારે છે તેમાં ૨૨ એડ થતા કુલ ૫૬ ચેકિંગ કાઉન્ટર થઈ જશે. સિક્યોરિટી એરિયામાં હવે ૧૪ એક્સ રે મશીન થઈ ગયા છે. આગામી દિવસોમાં અહીં બસ બોર્ડિંગ ગેટની સંખ્યા ૨થી વધીને ૮ થઈ જશે. એરપોર્ટ પર અત્યારે ઈન્ટરનેશનલ ટૂ ઈન્ટરનેશનલ કનેક્ટિંગ ફેસેલિટી પેસેન્જર્સ માટે ઊભી કરી દેવામાં આવી છે. ડિપાર્ટરની વાત કરીએ તો અહીં ૧૪માંથી અત્યારે ૧૯ ઈમિગ્રેશન કાઉન્ટર થઈ ગયા છે. અરાઈવલની વાત કરીએ તો ૧૬માંથી ૨૪ ઈમિગ્રેશન કાઉન્ટર થઈ ગયા છે. ટર્મિનલ પર મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા વધારીને ૨૦ કરાઈ દેવામાં આવી છે.

## નવસારીમાં બાઈક પર જઈ રહેલ યુવકનું હાર્ટ એટેક આવતા મોત

**(એજન્સી) નવસારી,**
રાજ્યમાં અવારનવાર હાર્ટ એટેક ના કારણે લોકોના મોતના કિસ્સાઓ સામે આવતા હોય છે ત્યારે ફરી એકવાર ગુજરાતમાં હ્રદય રોગના હુમલાને કારણે ત્રણ યુવાનોના મોત નીપજ્યા છે જેમાં રાજકોટમાં સગીરને હાર્ટ એટેક આવ્યો છે તો નવસારીમાં બાઈક ચલાવી રહેલ બાઈક ચાલકને હાર્ટ એટેક આવતા યુવકનું મોત થયું હતું.

રાજ્યમાં આજે હાર્ટ એટેકથી ત્રણ યુવાઓના મોત થયા છે. રાજકોટમાં બે યુવકોના મોત થયા છે તો નવસારીમાં એક યુવકે હાર્ટ એટેકથી જીવ ગુમાવ્યો છે.

રાજકોટની વાત કરીએ તો રાજકોટમાં બે યુવકોનો હાર્ટ એટેકથી મોત થયા છે જેમાં એક સગીર યુવક હતો.

હર્ષિલ ગોરી નામના ૧૭ વર્ષીય સગીરનું મોત હાર્ટ એટેકથી મોત થયું છે. જ્યારે હનુમાન મઢી ચોક વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય મુકેશભાઈ ફોરિયાતરનુ મોત પણ હ્રદયરોગના હુમલાથી થયું છે. તો બીજી બાજુ નવસારીમાં પણ એક યુવાનનું હાર્ટ એટેકથી મોત થયું છે. બાઈક ઉપર પસાર થતો હતો ત્યારે એટેક આવતા ઘટના બની હતી.

નવસારી શહેરમાં એચડીએફસી બેન્કમાં ફિલ્ડ વર્ક કરતો ૩૪ વર્ષીય યુવાન નરેન્દ્ર કુમાર દિનેશભાઈ ઋષિનું હ્રદય રોગના હુમલાથી મોત થયું છે. હ્રદયરોગનો હુમલો આવતા રોડ પર ઢળી પડતાં સ્થાનિકો દ્વારા તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જતા ડોક્ટરોએ મૃત ઘોષિત કર્યો હતો. જે મામલે ગ્રામ્ય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તેમજ યુવાનના મૃતદેહ માંથી જરૂરી વિશેરા સેમ્પલ લઈને મોતના સચોટ કારણને લઈને તપાસ હાથ ધરી છે. નવસારી જિલ્લામાં યુવાનોને હ્રદય રોગનાં હુમલાની ૪ મહિનામાં ૬ કરુણ ઘટના બની છે.

## મહેસાણામાં આખરે સિટીબસ સેવા બંધ કરવામાં આવી

**(એજન્સી) મહેસાણા,**
મહેસાણામાં આખરે સિટીબસ સેવા બંધ કરવામાં આવી. કોન્ટ્રાકટરને બિલની ચૂકવણી ના કરવામાં આવતા આખરે આ સેવા બંધ કરવાનો નિર્ણય કરાયો છે. બસ સેવા બંધ થવાથી શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. સિટીબસ સેવાનો કોન્ટ્રાકટ એક એજન્સીને આપવામાં આવ્યો હતો. પરંતુ નગર પાલિકાએ આ એજન્સીને લાંબા સમયથી બિલની ચૂકવણી કરી નથી. લગભગ ૬ મહિનાથી નગરપાલિકા દ્વારા એજન્સી બિલ ચૂકવવામાં આવ્યું નથી. આથી આ મામલે હવે કોન્ટ્રાક્ટરે પણ કડક વલણ અપનાવતા બસ સેવા બંધ કરવાનો નિર્ણય લીધો.બે મહિના પહેલા પણ મહેસાણામાં સિટીબસ સેવા બંધ કરવામાં આવી હતી. એ સમયે એજન્સીને સોંપવામાં આવેલ સિટીબસને સોંપવામાં કામગીરીમાં બસના રૂટની સમસ્યા જોવા મળી હતી. જેના કારણે મુસાફરો પણ રઝળી પડયા હતા.

## મતદાન કરનાર પશુપાલકને એક લિટર દૂધ પર વધુ એક રૂપિયો મળશે

**(એજન્સી) અમદાવાદ,**
ગુજરાતમાં લાખો ડેરી ખેડૂતોને લોકસભાની ચૂંટણી દરમિયાન મતદાન કરવા બદલ એક લિટર દૂધ પર એક રૂપિયો મળશે. જોકે આ માટે તેમને તેમની આંગળી પર શાહીનું નિશાન દર્શાવવું પડશે.

ગુજરાત કો-ઓપેટિવ માર્કેટિંગ ફેડરેશન ગુજરાતના તમામ દૂધ સંઘોની સર્વોચ્ચ સંસ્થા અને તેના ૧૮ સંઘો, તેના રજીસ્ટર્ડ સભ્યો તરીકે ૩૬ લાખ ડેરી ખેડૂતો ધરાવે છે. રાજ્યભરમાં ફેલાયેલી ૧૮,૫૬૫ ગામડાની ડેરી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ડેરી ખેડૂતો છે જેમાં મોટા ભાગની મહિલાઓ છે. જે દરરોજ અંદાજે ૩ કરોડ લિટર દૂધ ઠાલવે છે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના વાઈસ-ચેરમેન વલમજી હુંબલેનું કહેવું છે કે ફેડરેશનના બોર્ડ સભ્યોએ રાજ્યના તમામ નોંધાયેલા ડેરી ખેડૂતોને પ્રોત્સાહિત કરવાનો સંકલ્પ કર્યો છે. ચૂંટણીના કાઉન્ટડાઉનમાં ભારતની સૌથી મોટી એફએમસીજી બ્રાન્ડે પેહેલેથી જ શહેરી ગુજરાતના મતદારોમાં ચુનાવ કા પર્વ દેશ કા ગૌરવ સાથે દૂધના પાઉચ પર પ્રિન્ટ કરીને જાગૃતિ ફેલાવવાનું શરૂ કરી દીધું છે.કચ્છ સ્થિત સરહદ ડેરીના વડા હંબલેએ જણાવ્યું હતું કે તમામ સભ્ય યુનિયનોને આ નિર્ણયની સુચના મોકલવામાં આવી છે. દૂધ ઠાલવનારાઓના ખાતામાં જમા કરાવવાના પ્રોત્સાહનની ગણતરી તેઓ ગ્રામ્ય સ્તરની દૂધ મંડળીઓમાં ઠાલવતા દૂધના આધારે નક્કી કરાશે. દાખલા તરીકે એક લિટર દૂધ જમા કરવનારા ડેરી ખેડૂત રૂ.૧ વધુ કમાશે. ૨૦ લિટર દૂધ ઠાલવનાર ડેરી ખેડૂત રૂ.૨૦ કમાશે. જે તેના ખાતામાં જમા કરાવવામાં આવશે.

આ નિર્ણયની અસર બનાસકાંઠાની બનાસ ડેરી, સાંબરકાંઠાની સાબર ડેરી, મહેસાણાની દૂધ સાગર ડેરી અને આણંદની અમૂલ ડેર સહિત ગુજરાતની મોટી ડેરીઓના દૂધ શેડ વિસ્તારોમાં જોવા મળશે.

